સામાજિક પ્રશ્નો અને પ્રવૃત્તિઓ પરત્વે
વૈજ્ઞાનિક અભિગમ અને સમજ કેળવવા પ્રયત્નશીલ સામયિક

# સમાજકારણ

વર્ષઃ ૬ | જૂન, ૨૦૧૨ | અંકઃ ૨

## અનુક્રમ

| | | | |
|---|---|---|---|
| ૧. | ભારતમાં બજારની વિસ્તરતી ભૂમિકા | રમેશ બી. શાહ | ૧ |
| ૨. | દશ મુદ્દાના વનબંધુ કલ્યાણ કાર્યક્રમ દ્વારા આદિવાસી વિકાસઃ એક મૂલ્યાંકન | ડૉ. ધનજી બી. પટેલ | ૧૪ |
| ૩. | બદલાયેલા સંદર્ભમાં લોકસાહિત્ય | ડૉ. વિદ્યુત જોષી | ૨૧ |
| ૪. | ગુજરાતમાં જ્ઞાતિઃ ઈતિહાસ અને વર્તમાન | ડૉ. ગૌરાંગ જાની | ૩૭ |
| ૫. | Infant Mortality Rate: Performance of Gujarat: A Comparative Study | Dr. Naresh Chauhan | ૪૫ |
| ૬. | માનવ ધર્મસભા | સ્વ. ડૉ. ભોળાભાઈ પટેલ | ૫૩ |

ગુજરાત સામાજિક સેવામંડળનું મુખપત્ર

**સમાજકારણ (અર્ધવાર્ષિક)**
**સંપાદન**
**નલિની કિશોર ત્રિવેદી**
**હેમન્તકુમાર શાહ**

**પરામર્શનઃ**
**વિદ્યુત જોષી**
**રમેશ બી. શાહ**
**યોગેન્દ્ર માંકડ**
**પ્રશાંત દવે**
**અરુણ વાઘેલા**

**લેખ મોકલવા માટેનું સરનામું :**
**(૧) વિદ્યુત જોષી**, પ્રમુખ, સામાજિક સેવા મંડળ
૪૪, સાકેત-૩, નંદીશ્વર મહાદેવ સામે,
બકેરી સિટી, વેજલપુર, અમદાવાદ-૩૮૦૦૧૫
મો. ૯૮૨૫૦૬૪૭૪૮

વાર્ષિક લવાજમ : **રૂ. ૧૦૦-૦૦**
**પ્રકાશક :**
**ગુજરાત સામાજિક સેવા મંડળ**
શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ,
નવરંગપુરા, આશ્રમરોડ,
અમદાવાદ-૩૮૦૦૦૯

## ● સંપાદકીય ●

સમાજકારણ; સામાજિક પરિવર્તન અને પ્રશ્નો પરત્વે વૈજ્ઞાનિક અભિગમ કેળવવા પ્રયત્નશીલ એવં ગુજરાત સામાજિક સેવામંડળનું મુખપત્ર છે. ૨૦૧૨ના વર્ષનો આ બીજો અંક નક્કી થયા મુજબ જૂન માસમાં પ્રકાશિત થઈ રહ્યો છે તેનો આનંદ છે.

આ વર્ષના બંને અંકોના પ્રકાશન માટે ડૉ.વિમલભાઈ શાહે; સ્વ.ડૉ.તારાબહેન પટેલની સ્મૃતિમાં ટ્રસ્ટ તરફથી આર્થિક મદદ આપી છે. પ્રસ્તુત અંકના પ્રકાશન સમયે સામાજિક સેવા મંડળ ડૉ. વિમલભાઈ શાહનો આભાર માને છે.

પ્રસ્તુત અંકમાં સમાયેલા લેખોમાં અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર તેમજ વસ્તીશાસ્ત્ર સંબંધિત અભ્યાસ લેખો છે. જોકે સમાજકારણમાં બધાં સમાજવિજ્ઞાનોના સંશોધન તેમજ અભ્યાસ લેખો આવકાર્ય છે.

હવે પછીનો જાન્યુઆરી ૨૦૧૩નો અંક કુટુંબ અને લગ્નસંસ્થા અંગેના સંશોધન અને અભ્યાસ લેખો અંગનો હશે. તેની સૌ નોંધ લેશો.

**સમાજકારણની લેખન સામગ્રી**

(૧) ગુજરાત, ભારત તેમજ વિશ્વના જુદા જુદા સામાજિક પ્રશ્નોને અનુલક્ષીને થયેલા વૈજ્ઞાનિક અભ્યાસો, મોજણીઓ કે સંશોધનો, સામાજિક પ્રશ્નોમાં રાજકીય અને આર્થિક પ્રશ્નોનો સમાવેશ થાય તેવા લેખો.
(૨) સામાજિક સેવાકાર્યોની કે સામાજિક પ્રશ્નોના નિરાકરણ માટે લેવાતા ઉપાયોની વૈજ્ઞાનિક દૃષ્ટિએ ચકાસણીરૂપ અભ્યાસો અને છણાવટ કરતા લેખો.
(૩) આવો અભ્યાસ કે વિવેચનો કરતાં પુસ્તકો કે અહેવાલોનો તથા શ્રેષ્ઠ કોટિના ઠરેલા અભ્યાસ સાહિત્ય (classics)નો સાર-સંક્ષેપ તથા વિવેચન.
(૪) સામાજિક સંશોધનપદ્ધતિઓ અંગેની સરળ સમજ આપતા અને તેમની ઉપયોગિતા દર્શાવતાં લેખો.

મુદ્રક : **અર્થ કૉમ્પ્યુટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજની સામે, ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪. મો. ૯૩૨૭૦૩૬૪૧૪

# ભારતમાં બજારની વિસ્તરતી ભૂમિકા

રમેશ બી. શાહ

તારાબહેન પટેલને હું મારા કૉલેજકાળથી સમાજશાસ્ત્રનાં એક વિદ્વાન અધ્યાપક તરીકે જાણતો હતો, કેમકે ઇન્ટર આર્ટ્સમાં મેં મનોવિજ્ઞાનના વિકલ્પે સમાજશાસ્ત્ર પસંદ કર્યું હતું. એમ.એ. કરવા માટે હું ૧૯૫૯માં સમાજવિદ્યા ભવનમાં જોડાયો ત્યારે તેઓ સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ હતા. સમાજશાસ્ત્ર વિષયમાં વિદેશની યુનિવર્સિટીમાંથી પીએચ.ડી.ની પદવી મેળવનાર તેઓ કદાચ પ્રથમ ગુજરાતી હતા. સમાજશાસ્ત્રને ગુજરાતીમાં રજૂ કરવાની પહેલ પણ તેમણે જ કરેલી. ગુજરાતમાં સમાજશાસ્ત્રના કેટલાક તેજસ્વી અધ્યાપકો તેમના વિદ્યાર્થીઓ હતા. એક કર્તવ્યનિષ્ઠ અધ્યાપકને શ્રદ્ધાંજલિ આપવાના ભાવથી મેં આ વ્યાખ્યાન આપવાનું સ્વીકાર્યું છે.

એક સમાજશાસ્ત્રીની સ્મૃતિમાં યોજાયેલી આ વ્યાખ્યાનમાળામાં એક અર્થશાસ્ત્રીને વ્યાખ્યાન માટે આમંત્રણ આપવામાં આવ્યું છે એનો અર્થ હું એમ સમજ્યો છું કે આયોજકો આ વ્યાખ્યાનમાળાને સમાજ-શાસ્ત્ર પૂરતી સીમિત રાખવાને બદલે બધાં સામાજિક શાસ્ત્રો માટે ખુલ્લી રાખીને સામાજિક શાસ્ત્રો વચ્ચેના આદાનપ્રદાન માટેનો મંચ પૂરો પાડવા માંગે છે. આ વ્યાખ્યાનો પરિભાષા અને વિદ્વત્તાના ભારથી મુક્ત હોય તે આ આયોજનમાં અપેક્ષિત છે. મારી આ સમજ પ્રમાણે હું મારું આજનું વ્યાખ્યાન આપીશ.

દેશમાં છેલ્લા છ દસકા દરમિયાન સધાયેલા આર્થિક વિકાસની પ્રક્રિયામાં સમાજજીવનમાં જે પરિવર્તનો આવ્યાં છે તે મારી ચર્ચાનો વિષય છે. દેશમાં ૧૯૫૦ પછી, વિશેષ કરીને ૧૯૮૦ પછી આર્થિક વિકાસ વેગીલો બન્યો છે. આર્થિક વિકાસને જીડીપીમાં થતી વૃદ્ધિ માપવામાં આવે છે, પણ એ વૃદ્ધિ અનેક પરિવર્તનોની પેદાશ હોય છે. વિકાસની આ પ્રક્રિયામાં અનેક નવા વ્યવસાયો અને ઉદ્યોગો પડી ભાંગે છે અને ચાલુ રહેતા જૂના વ્યવસાયો-ઉદ્યોગો નવું સ્વરૂપ ધારણ કરે છે. આ પરિવર્તનોને પરિણામે લોકોની ઉત્પાદનશક્તિ (અર્થશાસ્ત્રની પરિભાષામાં ઉત્પાદકતા) વધે છે, તેમાં વિકાસનું હાર્દ રહેલું છે. કુટુંબોની આવક વધવાનો એ સ્રોત હોય છે. વિકાસની આ પ્રક્રિયામાં લોકોને પોતાનો કૌટુંબિક વ્યવસાય છોડવાની ફરજ પડે છે. આ પ્રક્રિયામાં વસ્તીનું શહેરીકરણ થાય છે. આ શહેરીકરણ પોતે સામાજિક પરિવર્તનોનો એક મોટો સ્રોત બને છે. વિકાસની પ્રક્રિયામાં વાહનવ્યવહારનો વિકાસ સધાતાં લોકોના બીજા પ્રદેશો અને લોકો સાથેના સંપર્કો વધે છે, જે પરિવર્તનકારી અને વિકાસને પોષક નીવડે છે.

દેશમાં વિકાસના પરિણામે, વિશેષ કરીને છેલ્લા ત્રણ દસકામાં મધ્યમ વર્ગ વિસ્તર્યો છે અને વધુ સમૃદ્ધ થયો છે. ૧૯૫૦ પહેલાં દેશમાં જેને મધ્યમ વર્ગ ગણવામાં આવતો હતો તેની તુલનામાં આજનો મધ્યમ વર્ગ ખૂબ સમૃદ્ધ થયો હોવાથી તેની જીવનશૈલી બદલાઈ ગઈ છે. હવે તે પૂર્વેના મધ્યમ વર્ગની જેમ બાંધી આવકની, એટલે કે આવકમાં ઝાઝો વધારો થવાનો નથી એવી નિરાશાવાદી ધારણા પર જીવતો નથી, પણ આવક વધતી રહેશે એવી આશાવાદી માનસિકતામાં જીવે છે. મધ્યમ વર્ગની આ બદલાયેલી જીવનશૈલીમાં કુટુંબ દ્વારા કરવામાં આવતું ખર્ચ અને વસાવવામાં આવતાં કાર અને ટીવી જેવાં સાધનો કુટુંબનો મોભો નક્કી કરતા નિર્દેશકો બન્યા એછે. મધ્યમ વર્ગની આ વધેલી ખરીદશક્તિ અને તેના આધાર પર બદલાયેલી જીવનશૈલીએ સમાજમાં વિવિધ પરિવર્તનો નિપજાવ્યાં છે. આના એક ભાગરૂપે પૂર્વે જે ક્ષેત્રોમાં બજાર કામગીરી બજાવતું ન હતું એવાં અનેક ક્ષેત્રોમાં બજાર પ્રવેશ્યું છે અને કાર્યરત બન્યું છે. આ ક્ષેત્રોમાં કૌટુંબિક, શૈક્ષણિક, તબીબી સેવાઓ અને સાંસ્કૃતિક ક્ષેત્રોનો સમાવેશ થાય છે. આ પૈકી કૌટુંબિક અને શૈક્ષણિક ક્ષેત્રોની મેં વિસ્તારથી

---

ગુજરાત સમાજશાસ્ત્ર પરિષદમાં, તા. ૭-૧-૧૨ના રોજ આપેલું તારાબહેન પટેલ સ્મૃતિવ્યાખ્યાન

ચર્ચા કરી છે, જ્યારે અન્ય ક્ષેત્રોનો ટૂંકમાં ઉલ્લેખ કર્યો છે.

ચર્ચામાં આગળ વધીએ તે પહેલાં આ ચર્ચા માટે બજારનો જે અર્થ અભિપ્રેત છે તે સ્પષ્ટ કરવો જોઈએ. વેચનાર અને ખરીદનાર વચ્ચે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંપર્ક કરી આપતી વ્યવસ્થાને અર્થશાસ્ત્રમાં બજાર કહેવામાં આવે છે, પણ આ વ્યાખ્યાન માટે બજારમાં એ સંપર્ક દ્વારા થતી કામગીરીને નજર સમક્ષ રાખવામાં આવી છે. બજાર એ એવી પ્રથા કે વ્યવસ્થા છે જેમાં નાણાંના વિનિમયમાં વસ્તુ કે સેવા વેચવામાં કે ખરીદવામાં આવે છે. તેમાં વસ્તુ કે સેવા પૂરી પાડનાર (વેચનાર)નો ઉદ્દેશ કમાણી કરવાનો હોય છે. તેથી જ તેને વેપારીકરણના નામે ઓળખવામાં આવે છે. આર્થિક વિકાસપ્રેરિત પરિવર્તનોના એક ભાગરૂપે વિસ્તરતું જતું આ વેપારીકરણ કે બજારીકરણ ઈષ્ટ છે કે અનિષ્ટ તે ચર્ચાનો જુદો મુદ્દો છે. વેપારીકરણ તરફ દોરી જતો આવો વિકાસ પોતે જ ઈષ્ટ છે કે કેમ તે પોતે પણ વિવાદનો મુદ્દો બની શકે. મારો ઉદ્દેશ તો થઈ રહેવા વિકાસની પ્રક્રિયામાં બજારની વિસ્તરતી જતી ભૂમિકાનો અને તેનાં કેટલાંક પરિણામોનો ચિતાર આપવાનો છે.

**(૧) કૌટુંબિક સેવાઓમાં બજાર**

વિકાસની પ્રક્રિયાના એક પરિણામરૂપે કુટુંબ દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓનું ક્ષેત્રે સંકોચાતું જાય છે. આ પ્રક્રિયામાં કુટુંબનું પોતાનું સ્વરૂપ બદલાઈ રહ્યું છે. આહારનો પ્રબંધ એ કુટુંબ દ્વારા પૂરી પાડવામાં આવતી એક સેવા છે. કુટુંબમાં કરવામાં આવતી એ કામગીરી બજારના વિસ્તાર સાથે સંકોચાતી જાય છે. આજે શહેરો, નગરો અને મોટાં ગામોમાં હોટલનો વ્યવસાય મોટા પ્રમાણમાં વિસ્તર્યો છે. તહેવાર અને ઉત્સવોના દિવસોએ તેમજ રવિવાર જેવા રજાના દિવસોએ બહાર ભોજન લેવાનું સામાન્ય બન્યું છે. આહારની તૈયાર ચીજો બજારમાંથી મેળવી લેવાની પ્રથા ખૂબ વિસ્તરી છે. તેને પરિણામે પાપડ, અથાણાં વગેરે ચીજોનું મોટું બજાર અસ્તિત્વમાં આવ્યું છે. સુખી કુટુંબોમાં રસોઈયો રાખવાની પ્રથા વ્યાપક બની છે. એકાકી જીવન ગુજરાતા વૃદ્ધો માટે ટિફિન સેવા સુલભ બની છે. લગ્ન જેવા પ્રસંગોએ યોજાતા ભોજન સમારંભો માટે ધંધાદારી કેટરર્સ નાનાં નગરોમાં પણ સુલભ બન્યા છે.

બજારની વિસ્તરેલી આ પ્રથાની સાથે આપણા જ્ઞાતિપ્રથા-આધારિત સમાજમાં એક મોટું પરિવર્તન સંકળાયેલું છે. વીસમી સદીના પૂર્વાર્ધ સુધી પોતાને ઊંચી જ્ઞાતિના ગણતા લોકો પોતાનાથી નીચી ગણાતી જ્ઞાતિઓના લોકોની સાથે બેસીને ભોજન પણ લેતા ન હતા, તેમના હાથે બનેલી કે પિરસાતી રસોઈ જવાનો તો પ્રશ્ન જ નહોતો. ભોજન સાથે સંકળાયેલી આ છૂતાછૂત આજે હવે રહી નથી. જે સમાજમાં ખાવાપીવાની બાબતમાં જ્ઞાતિગત આભડછેટ ચુસ્ત રીતે પાળવામાં આવતી હતી એ સમાજમાં આહાર માટેની બજારપ્રથા ઝડપથી વિસ્તરી અને વિકસી શકી એ એક નોંધપાત્ર ઘટના છે. આની સાથે એક નાનું સાંસ્કૃતિક પરિવર્તન પણ સંકળાયેલું છે. આપણા સમાજમાં પગરખાં પહેરીને ભોજન લેવાની કલ્પના પણ થઈ શકતી નહોતી. આ સમાજમાં આજે હોટલોમાં અને ભોજન સમારંભોમાં કશો છોછ રાખ્યા વિના લોકો પગરખાં પહેલીને ભોજન લેતા થઈ ગયા છે.

આપણા સમાજજીવનમાં છેલ્લા ચારેક દસકા દરમિયાન એક જે નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે તે સંકોચાતા જતા પારિવારિક સંપર્કોનું છે. વીસમી સદીના પ્રથમ છ-સાત દસકાઓ દરમિયાન રવિવાર જેવા રજાના દિવસે એકમેકના ઘેર જવાની તથા એ રીતે પારિવારિક સંબંધોને તાજા રાખવાની પ્રથા વ્યાપક હતી. રજાના કારણે મળતી ફુરસદનો ઉપયોગ કરવાનો એ એક વિકલ્પ હતો. આજે એ પ્રથા સમાજના ઉપલા વર્ગોમાં લુપ્ત થઈ ગઈ છે, કેમકે રજાનો દિવસ વિતાવવા માટેના બજારસર્જિત વિકલ્પો સુલભ બન્યા છે અને તેનો ઉપયોગ કરવા માટે લોકો પાસે આવક આવી છે. મોટા ભાગનાં કુટુંબો હવે રજાની સાંજ હોટલોમાં કે ફૂટપાથ પરની લારીઓ પર ગાળવાનું પસંદ કરે છે અથવા કોઈક નજીકના સ્થળે પ્રવાસે જવાનું પસંદ કરે છે. પ્રવાસે જવાનું હવે સરળ અને સગવડભરેલું બન્યું છે કેમકે ત્યાં

રહેવાની અને ખાવાપીવાની તથા સમય પસાર કરવા માટેની સગવડો બજાર દ્વારા સુલભ બની છે.

કુટુંબનું એક કાર્ય બાળ-ઉછેરનું છે. તેનો કેટલોક ભાગ બજાર પાસે ચાલ્યો ગયો છે. બે વર્ષની વયથી છ વર્ષની વયનાં બાળકો માટે 'પ્લે ગ્રુપ', 'નર્સરી', 'કિંડરગાર્ટન' વગેરે નામે જે સંસ્થાઓ ચાલે છે તે મુખ્યત્વે નાનાં બાળકોને કુટુંબની બહાર દિવસના થોડા કલાકો સાચવવા માટેની અને તેમનું સામાજિકીકરણ કરવા માટેની વ્યવસ્થા છે. એ જ રીતે શહેરોમાં પતિપત્ની બંને નોકરી કરતાં હોય એવાં દંપતીનાં નાનાં ભૂલકાંઓને સાચવવા માટેનાં 'ડે કેર' કેન્દ્રો અસ્તિત્વમાં આવ્યા છે. વિકાસથી વધેલી આવકને કારણે કુટુંબો બાળ-ઉછેર માટેની આ સેવા ખરીદવા તત્પર હોય છે. બાળ-ઉછેરની પ્રવૃત્તિમાં સહાયભૂત થવા માટે બજાર એક સ્વરૂપે પણ વિકસ્યું છે. શિક્ષણ સંસ્થાઓમાં પડતા વેકેશન દરમિયાન બાળકોને ફળદાયી રીતે રોકાયેલાં રાખવાનો પ્રશ્ન કુટુંબો માટે ઊભા થાય છે. કુટુંબમાં બાળકોની સંખ્યા ઘટી અને પારિવારિક સંબંધો સંકોચાયા તેમાંથી બાળકો માટે ફુરસદનો સમય કેવી રીતે વિતાવવો એ પ્રશ્ન ઊભો થયો છે. આ એક કુટુંબોની જરૂરિયાત બની છે. તે સંતોષવા માટે બજાર આગળ આવતું જાય છે. વેકેશનમાં ધંધાદારી ધોરણે બાળકો અને કિશોરો માટે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. આમ બાળકોને સાચવવાની, ઉછેરવાની કામગીરી અંશતઃ બજારે ઉપાડી લીધી છે.

વૃદ્ધોને નિભાવવા એ કુટુંબનું એક કાર્ય છે. આજે પણ હજી મોટા ભાગનાં વૃદ્ધોને ઘરમાં રાખીને એમનાં સંતાનો નિભાવે છે. પણ વિવિધ કારણોથી સંયુક્ત કુટુંબો વિભક્ત થતાં કુટુંબોનો આશ્રય ગુમાવીને એકાકી જીવન જીવવાની ફરજ પડતી હોય એવાં વૃદ્ધોની સંખ્યા ઝડપથી વધતી જાય છે. આના એક ઉકેલ રૂપે વૃદ્ધો માટે વૃદ્ધાશ્રમો સ્થપાતા જાય છે. આવા વૃદ્ધાશ્રમો આજે ઘણા દાખલામાં સખાવતી સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવે છે અને તેમાં મુખ્યત્વે આવક નહિ ધરાવતા કે ઓછી આવક ધરાવતા નિરાધાર વૃદ્ધોને રાખવામાં આવે છે. આ અર્થમાં આજના કેટલાક વૃદ્ધાશ્રમો સેવાભાવી છે, પણ હવે આયુષ્યના વધારાને કારણે એક બાજુ વસ્તીમાં વૃદ્ધોના પ્રમાણમાં વધારો થઈ રહ્યો છે અને બીજી બાજુ વિવિધ કારણોથી સંતાનો સાથે રહી ન શકતાં વૃદ્ધોની સંખ્યા વધતી જાય છે. આને કારણે વેપારી ધોરણે ચલાવાતા વૃદ્ધાશ્રમો સ્થપાતા જાય છે. તેમને આપણે વૃદ્ધો માટેની હોસ્ટેલ જેવું નામ આપી શકીએ. આવી જે સંસ્થાઓ રચાઈ છે તે વૃદ્ધોને નિવાસ, ભોજન અને તબીબી સારવાર જેવી સેવાઓ તે માટેની કિંમત વસૂલ કરીને પૂરી પાડે છે. આ રીતે આ સંસ્થાઓ વૃદ્ધોને નિભાવવાની કુટુંબની કામગીરી ઉપાડી લે છે. કિંમત ચૂકવીને એ સેવા ખરીદવા ઉત્સુક વૃદ્ધો કે તેમનાં સંતાનોની સંખ્યા વધેલી આવકને કારણે વધતી જાય છે.

પૂર્વે મોટા ભાગના લોકો જ્યારે કૌટુંબિક વ્યવસાયમાં જ રોકાતા ત્યારે વ્યવસાયની તાલીમ કુટુંબમાં જ મળી રહેતી. એ રીતે કુટુંબ અનૌપચારિક સ્વરૂપે વ્યાવસાયિક તાલીમ પૂરી પાડવાની કામગીરી બજાવતું હતું. આજે પણ હજી છોકરીઓને રસોઈની તાલીમ ઘરમાં માતાની પાસેથી મળે છે, જો કે, વાનગીઓ બનાવવાની રીતો દર્શાવતાં પુસ્તકોનું જે મોટી સંખ્યામાં વેચાણ થાય છે અને ટીવીના કાર્યક્રમોમાં અવનવી વાનગીઓ બનાવવા માટેના જે કાર્યક્રમો પ્રસારિત થાય છે તે પરથી એ સ્પષ્ટ થાય છે કે આ ક્ષેત્રમાં પણ બજારે પ્રવેશ કર્યો છે. બીજું ઉદાહરણ ખેડૂતોના દીકરાઓને ખેતીની તાલીમ પિતાની પાસેથી મળે છે. આવા થોડા અપવાદો બાદ કરતાં હવે મોટા ભાગના વ્યવસાયો માટે ઔપચારિક શિક્ષણ અને વ્યાવસાયિક તાલીમ કુટુંબ બહારની સંસ્થાઓ પાસેથી મેળવવાં પડે છે. આમાં સંગીત, ચિત્રકળા, ટેનીસ અને સ્કેટિંગ જેવી શોખની અનેક પ્રવૃત્તિઓની સાથે મોટર ડ્રાઈવિંગથી માંડીને અનેક પ્રકારના વ્યવસાયોનાં તાલીમ કે શિક્ષણનો સમાવેશ થાય છે. આ માટેના ટૂંકા કે લાંબા ગાળાની તાલીમ આપતા અનેક વર્ગો નાનાં-મોટાં નગરોમાં ચાલે છે. સમાજમાં જરૂરિયાત સર્જાતાં અનેકવિધ નવા નવા વ્યાવસાયિક અભ્યાસક્રમો વિકસાવાતા જાય છે. ટૂંકમાં, કુટુંબ હવે વ્યાવસાયિક તાલીમનો સ્રોત રહ્યું નથી.

જીવનસાથીની પસંદગીની બાબતમાં જ્ઞાતિબંધન દૂર થવાથી અને જ્ઞાતિમાંથી યોગ્ય પાત્ર મેળવવામાં મુશ્કેલી પડતાં જ્ઞાતિની બહાર જીવનસાથી શોધવાનો પ્રશ્ન ઊભો થયો છે. એ સાથે જ વિવિધ કારણોથી જ્ઞાતિજનો વચ્ચેના સંપર્કો ઘટી જવાથી પણ જીવનસાથી શોધવાનો પ્રશ્ન વિકટ બન્યો છે. હજી આપણા સમાજમાં યુવક-યુવતીઓ પોતાનો જીવનસાથી જાતે જ શોધી લે તેવી પ્રથા વ્યાપક બની નથી. આ સ્થિતિમાં યોગ્ય પાત્ર અંગેની જાણકારી મેળવવાનો પ્રશ્ન ઊભો થયો છે. જ્ઞાતિમંડળો આ લગ્નોત્સુક યુવક-યુવતીઓના મેળા યોજીને તથા તેમની માહિતી આપતાં પુસ્તકો પ્રગટ કરીને સહાયભૂત થઈ રહ્યાં છે. તેની સાથે આ માટેની ધંધાદારી સંસ્થાઓ 'મેરેજ બ્યૂરો'ના નામથી શરૂ થઈ છે. અખબારો અને સામયિકોમાં જાહેરખબર દ્વારા જીવનસાથી શોધવાના પ્રયાસો મોટી સંખ્યામાં કરવામાં આવે છે. આ દાખલામાં કુટુંબની કામગીરી બજારે ઉપાડી લીધી નથી, પણ કુટુંબને તેની જવાબદારી અદા કરવામાં બજાર સહાયભૂત થઈ રહ્યું છે.

કુટુંબીજનની માંદગી પ્રસંગે તેની ચાકરી કરવી એ કુટુંબનું એક કાર્ય છે. આ કાર્ય અંશતઃ રીતે પણ વધતા જતા પ્રમાણમાં બજાર ઉપાડી રહ્યું છે. પૂર્વે ગંભીર માંદગીના પ્રસંગે જ દર્દીને હૉસ્પિટલ કે નર્સિંગ હોમમાં દાખલ કરવામાં આવતા હતા. આજે હવે હૉસ્પિટલમાં રાખીને સારવાર કરાવવામાં આવતી હોય એવા દર્દીઓની સંખ્યામાં મોટો વધારો થયો છે. ઘેર રાખવામાં આવતા પથારીવશ દર્દીની સેવા માટે બહારની વ્યક્તિને પૈસા ચૂકવીને રોકવાની પ્રથા સાધનસંપન્ન કુટુંબોમાં વિસ્તરતી જાય છે. આથી નર્સ સ્વરૂપની વ્યક્તિઓ પૂરી પાડવાનું કામ કરતી સંસ્થાઓ મોટાં નગરોમાં સ્થપાતી જાય છે.

વિકાસની પ્રક્રિયામાં કુટુંબોની આવક વધતાં કુટુંબમાં પૂરી પાડવામાં આવતી સેવાઓ સંકોચાતી જાય અને તે સેવાઓ બજાર દ્વારા પૂરી પાડવામાં આવે એ પરિવર્તન આજના વિકસિત દેશોમાં પણ જોવા મળ્યું જ હતું. તેથી ભારતના સમાજમાં આવેલું આ પરિવર્તન અપૂર્વ નથી. પણ આપણા સમાજ માટે તેનું વિશેષ મહત્ત્વ છે. પશ્ચિમના દેશોની તુલનામાં ભારતમાં કુટુંબપ્રથા ચડિયાતી હોવાનું ગૌરવ આપણે અનુભવી છીએ. એ ચડિયાતાપણું સંયુક્ત કુટુંબની પ્રથામાં રહેલું હતું. આવાં કુટુંબોને નિભાવવામાં આવતાં હતાં અને વૃદ્ધો દ્વારા બાળકોને સાચવવામાં-કેળવવામાં આવતાં હતાં. સંયુક્ત કુટુંબો તૂટતાં આ બે કાર્યો માટેની વૈકલ્પિક વ્યવસ્થા જરૂરી બની છે. ઉપર ચર્ચા કરવામાં આવી છે તેમ એ વિકલ્પ પૂરો પાડવા માટે બજારસેવા ઉપલબ્ધ બની છે અને તેનો લાભ આપણા કુટુંબો વિનાસંકોચ લેવા માંડ્યાં છે. આ બજારસેવાનો લાભ મધ્યમ વર્ગ જ લઈ શકે એવી ટીકા થઈ શકે. પણ આર્થિક વિકાસ સાથે આપણા સમાજમાં મધ્યમ વર્ગ વિસ્તરતો જાય છે. તેથી સમય જતાં વધુ ને વધુ કુટુંબો તેનો લાભ લેતાં થશે તે નિશ્ચિત છે.

કુટુંબમાં પૂરી પાડવામાં આવતી સેવાઓ અંશતઃ બજાર દ્વારા પૂરી પાડવામાં આવે એ પરિવર્તનનાં કેટલાંક પરિણામોની નોંધ અહીં લેવી જોઈએ. કુટુંબ દ્વારા થતાં કાર્યોનો બોજો મહદંશે કુટુંબની મહિલા સભ્યો પર પડતો હોય છે. એ કાર્યો જેટલા પ્રમાણમાં બજાર દ્વારા ઉપાડી લેવામાં આવે એટલા પ્રમાણમાં કુટુંબની મહિલા સભ્યો પરનો શ્રમનો બોજો ઘટે છે. એનું એક સાદું ઉદાહરણ લઈએ. નોકરી-ધંધો કરતા પુરુષો અઠવાડિયે એક રજા ભોગવે છે, પણ ગૃહિણીઓને સાતે દિવસ ઘરનાં કામો કરવાં પડે છે. સુખી કુટુંબો રવિવારની સાંજ બહાર ગુજારીને ગૃહિણીને અઠવાડિયે અડધા દિવસની રજા ભોગવવાનો મોકો પૂરો પાડે છે. એ જ રીતે, લાંબા ટૂંકા પ્રવાસોનું આયોજન કરીને તેમને નાનું વેકેશન આપવામાં આવે છે. પાપડ, અથાણાં, નાસ્તાની ચીજો વગેરે આહારની વાનગીઓ બજારમાં મળતી થઈ તેને પરિણામે પણ મધ્યમ વર્ગની મહિલાઓએ કરવા પડતા શારીરિક શ્રમમાં ઘટાડો થયો છે. એ જ રીતે, ઘરકામ માટે નોકર રાખવાની પ્રથાથી પણ ગૃહિણીઓ પરના શારીરિક શ્રમના બોજામાં ઘટાડો થયો છે. આમ કુટુંબની આવકમાં થતા વધારાનો એક લાભ મહિલાઓને કરવા પડતા શારીરિક શ્રમના ઘટાડાના રૂપમાં મળ્યો છે.

કુટુંબનાં જે કાર્યો બજાર ઉપાડી લે છે તેમાંથી રોજગારીની નવી તકો સર્જાય છે. તેનો લાભ મધ્યમ વર્ગનાં ન ગણી શકાય એવાં કુટુંબોને મોટા પ્રમાણમાં મળે છે. આ કુટુંબો પાસે વેચવા માટે કેવળ તેમનો શ્રમ હોય છે અને તેઓ થોડી કુશળતા ધરાવતાં હોય છે. ઘરકામ, આહારની ચીજો બનાવતા ગૃહ ઉદ્યોગો, હોટલો, માંદાઓની દેખભાળ, ભૂલકાંઓ માટેની શિક્ષણ સંસ્થાઓમાં આયાની કામગીરી, રસોઈયા વગેરે નવી સર્જાયેલી રોજગારીની તકોનાં ઉદાહરણો છે. આર્થિક વિકાસથી સમાજના જે વર્ગોની આવક વધે છે તેમના દ્વારા કરવામાં આવતા ખર્ચથી બજારના માધ્યમ દ્વારા આ તેમજ અન્ય રોજગારી સર્જાય છે. આ રીતે વિકાસનો લાભ ઝમીને, 'પર્કોલેટ' (percolate) કે 'ટ્રિકલ ડાઉન' (trickle down) થઈને ગરીબો સુધી પહોંચે છે. વિકાસના લાભોને સમાજમાં તળિયાના વર્ગો સુધી વિસ્તારતા આવા બજારસર્જિત બીજા પણ માર્ગો છે. એની ચર્ચા અહીં અપ્રસ્તુત છે. હું એટલું જ સૂચવવા માગું છું કે ગરીબોને વિકાસની પ્રક્રિયામાં ઓછાવત્તા પ્રમાણમાં સામેલ કરવાની ગુંજાશ બજાર ધરાવે છે. તેથી જ પૂર્વ એશિયાના દેશોમાં તેમજ આજના વિકસિત દેશોમાં બજારના માધ્યમથી સધાયેલા ઝડપી વિકાસથી ગરીબીમાં મોટો ઘટાડો થયો છે. બજાર મોટા ઉદ્યોગો અને વેપારીઓ કે શેરબજાર પૂરતું સીમિત નથી. ઉપર ઉદાહરણો આપ્યાં છે તેમ ગરીબો પણ જેમાં સામેલ થઈ શકે એવાં બજારો પણ વિકાસની પ્રક્રિયામાં સર્જાતાં હોય છે.

### (૨) શિક્ષણના ક્ષેત્રે બજારનો પ્રવેશ

અહીં સુધી મેં કુટુંબમાં પૂરી પાડવામાં આવતી સેવાઓના સંકોચન સાથે વિસ્તરતા જતા બજારની ચર્ચા કરી છે. હવે હું સરકારના કે સમાજના ગણી શકાય એવા શિક્ષણના ક્ષેત્રે 'પ્લે ગ્રુપ'થી માંડીને ઈજનેરી,ફાર્મસી જેવું અનુસ્નાતક કક્ષા સુધીનું વ્યાવસાયિક શિક્ષણ, વિત્તીય રીતે સ્વનિર્ભર સંસ્થાઓ તરીકે ઓળખાતી શિક્ષણસંસ્થાઓ દ્વારા આપવાની પ્રથા, છેલ્લા ત્રણેક દસકા દરમિયાન મોટા પ્રમાણમાં વિસ્તરી છે. પણ મારી આજની ચર્ચાને મેં મુખ્યત્વે વ્યાવસાયિક ઉચ્ચ શિક્ષણ પૂરતી સીમિત રાખી છે. આ સંસ્થાઓ શિક્ષણ આપવાનું બધું જ ખર્ચ વિદ્યાર્થીઓ પાસેથી ફી અને અન્ય શીર્ષકો નીચે વસૂલ કરે છે એ અર્થમાં આ શિક્ષણ બજાર દ્વારા પૂરી પાડવામાં આવતી સેવા બન્યું છે.

શિક્ષણના આ બજારમાં કેવળ ખાનગી સ્વરૂપનાં કે સાર્વજનિક સ્વરૂપનાં શૈક્ષણિક ટ્રસ્ટોનો જ સમાવેશ થતો નથી, સરકાર કે યુનિવર્સિટી દ્વારા ચાલતી સંસ્થાઓમાં પણ જો શિક્ષણ આપવાનું બધું ખર્ચ ફી દ્વારા વિદ્યાર્થીઓ પાસેથી વસૂલ કરવામાં આવતું હોય તો તે શિક્ષણના બજારમાં કામ કરતી સંસ્થાઓ ગણાય. અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન સરકારનું જ એક સ્વરૂપ છે. તે બે સ્વનિર્ભર મેડિકલ કૉલેજો ચલાવે છે. આવા દાખલામાં સરકાર જેમ ભાડું અને નૂર લઈને રેલવેની સેવા પૂરી પાડે છે તેમ તે પૂરી કિંમત વસૂલ કરીને શિક્ષણની સેવા પૂરી પાડે છે.

શિક્ષણ રાજ્ય અને સમાજ આશ્રિત હોય એ વૈશ્વિક અને ભારતીય પરંપરાના સંદર્ભમાં ભારતમાં સ્વનિર્ભર શિક્ષણસંસ્થાઓનો વિસ્તાર એક ભારે વિવાદાસ્પદ વિકાસ છે. વિકસિત દેશોમાં શરૂઆતમાં પ્રાથમિક શિક્ષણ અને માધ્યમિક શિક્ષણ રાજ્ય દ્વારા મફત પૂરું પાડવાની પરંપરા છે. એ દેશોમાં ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં થતા ખર્ચનો અલ્પ ભાગ જ વિદ્યાર્થીઓ પાસેથી ફીના રૂપમાં મેળવવામાં આવતો હતો અને બાકીનું મોટા ભાગનું ખર્ચ રાજ્યની ગ્રાન્ટ, સમાજ પાસેથી મળતાં દાનો, ઉદ્યોગો અને સરકાર પાસેથી મળતા સંશોધન-પ્રોજેક્ટ તથા સંસ્થાઓ પાસે એકઠા થયેલા ભંડોળની આવકમાંથી મેળવવામાં આવતું હતું. ભારતમાં પણ આધુનિક શિક્ષણપ્રથા દાખલ થઈ ત્યારથી પ્રાથમિકથી માંડીને ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓને સરકારની ગ્રાન્ટ મળતી આવી છે. આઝાદી પછી પ્રાથમિક શિક્ષણની જવાબદારી રાજ્યે ઉપાડી છે અને માધ્યમિક તેમજ ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓને તે ગ્રાન્ટ આપતું આવ્યું છે. આમાં એક નાનો અપવાદ હતો. નગરવિસ્તારોમાં કેટલીક ખાનગી પ્રાથમિક

અને માધ્યમિક શાળાઓ સરકારની ગ્રાન્ટ વિના ચાલતી હતી, જો કે, એમને સ્વનિર્ભર જેવું નામ આપવામાં આવ્યું ન હતું. એ નામાભિધાન તબીબી, ઈજનેરી જેવી ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ માટે કરવામાં આવ્યું છે.

ઉપર ઉલ્લેખ કર્યો છે તેમ છેલ્લા ત્રણેક દસકા દરમિયાન સ્વનિર્ભર શિક્ષણસંસ્થાઓનો વ્યાપ વધ્યો તે પૂર્વે દેશમાં અને ગુજરાતમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણના ક્ષેત્રે બજારનો પ્રવેશ થઈ ચૂક્યો હતો, પણ ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રે બજારનો પ્રવેશ થયો નહોતો કેમકે સરકારની ગ્રાન્ટ વિના ચાલતી હોય એવી કૉલેજો સ્થપાઈ નહોતી. તબીબી અને ઈજનેરી જેવી વ્યાવસાયિક શિક્ષણની જ નહિ, આર્ટ્સ અને સાયન્સ જેવી લિબરલ શિક્ષણની કૉલેજોને સરકારી ગ્રાન્ટ વિના ચલાવવાનું શક્ય નહોતું. આ લાંબી પરંપરાના સંદર્ભમાં દેશમાં તબીબી, ઈજનેરી, ફાર્મસી, મેનેજમેન્ટ જેવી કૉલેજો બજારના સિદ્ધાંત પર મોટી સંખ્યામાં સ્થપાય અને તેમને વિદ્યાર્થીઓ મળી રહે તે એક સમજૂતી માંગી લે તેવી ઘટના છે. આ પરિવર્તનના મહત્ત્વને સમજવા માટે આપણે આપણી એક વાસ્તવિકતા નજર સમક્ષ રાખવાની છે.

આપણા દેશમાં અને ગુજરાતમાં કૉલેજોમાં વિદ્યાર્થીઓના આકરા વિરોધને કારણે ફીમાં અલ્પ વધારો પણ કરી શકાતો નહોતો અને આજે પણ સરકારી અનુદાનથી ચાલતી કે સરકાર દ્વારા ચાલતી કૉલેજોમાં ફીના દર, વિદ્યાર્થી પાછળ થતા ખર્ચની તુલનામાં ખૂબ નીચા જ છે. દા.ત., ગુજરાતમાં સરકારી મેડિકલ કૉલેજોમાં વાર્ષિક ફી છ હજાર છે, જ્યારે તબીબી શિક્ષણની સ્વનિર્ભર મેડિકલ કૉલેજોમાં વાર્ષિક ફી રૂપિયા ત્રણ લાખ કે તેનાથી વધારે છે. અન્ય વ્યાવસાયિક શિક્ષણની કૉલેજોમાં તે વાર્ષિક પચાસ હજારથી દોઢ લાખ જેટલી છે. જે સમાજ કૉલેજોની ફીમાં વાર્ષિક રૂ. ૧૦૦ જેટલો કે પરીક્ષા ફીમાં રૂ. ૨૫-૫૦ જેટલો વધારો પણ સહી લેતો નહોતો એ સમાજમાં વિદ્યાર્થીઓ અને વાલીઓ ફીની આવી ગંજાવર રકમ ચૂકવવા તત્પર છે તે એક મોટું પરિવર્તન છે. આનો અર્થ એ થાય કે સમાજે સ્વનિર્ભર સંસ્થાઓના સ્વરૂપે શિક્ષણમાં બજારના પ્રયોગને સહજ રીતે સ્વીકારી લીધો છે. રાજકીય પક્ષો અને સામાજિક સંગઠનો આ અંગે મૌન જ રહ્યાં છે. એ જ રીતે નાના નાના પ્રશ્નો પર દેખાવો કે દેકારો કરતાં વિદ્યાર્થીઓનાં પ્રાદેશિક અને રાષ્ટ્રીય સંગઠનો પણ આ મુદ્દા પર શાંત જ રહ્યાં છે.

અલબત્ત, શિક્ષણમાં બજારના પ્રવેશથી શિક્ષણ મેળવવાની તકોની વધી ગયેલી અસમાનતા અંગે સમીક્ષકોએ આક્રોશ વ્યક્ત કર્યો છે, પણ વિરોધ કેવળ એકેડેમિક સ્વરૂપનો રહ્યો છે. આમ ઉચ્ચ શિક્ષણ ખાસ કરીને વ્યાવસાયિક ઉચ્ચ શિક્ષણ એ કિંમત ચુકવીને ખરીદવા જેવી સેવા એછે એ વાત સમાજે સ્વીકારી લીધી છે. એ સાચું છે કે આ સંસ્થાઓ દ્વારા વસૂલાતી ફીનું સરકાર નિયુક્ત સમિતિ દ્વારા નિયંત્રણ કરવામાં આવે છે, પણ આ સમિતિ પણ સંસ્થાના ખર્ચ અને વિકાસ માટેની જરૂરિયાતને ગણતરીમાં લઈને ફીના દર મુકરર કરે છે, જે સંસ્થાદીઠ જુદા જુદા હોય છે. આમ સરકારે પણ શિક્ષણ એ કિંમત ચૂકવીને ખરીદવાની સેવા છે એ નીતિવિષયક બાબતને પરોક્ષ રીતે મંજૂરી આપી દીધી છે.

શિક્ષણની સેવા પૂરી પાડવામાં થતું ખર્ચ પૂરેપૂરું કે અંશતઃ સમાજ કે રાજ્ય ભોગવે તેની પાછળ એક વાજબીપણું રહેલું છે. દેશના નાગરિકોને મળતા શિક્ષણનો લાભ લેનાર વ્યક્તિઓને મળે છે તેની સાથે કેટલાક પ્રમાણમાં એ લાભ સમગ્ર સમાજને પણ મળે છે. ૧૯૬૦ પછી શિક્ષણના અર્થશાસ્ત્રનો જે વિકાસ થયો તેના એક ભાગરૂપે શિક્ષણથી સમગ્ર સમાજને તથા તે લેનાર વ્યક્તિને શિક્ષણ પાછળ તેમણે કરેલા રોકાણ પર કેટલું વળતર મળે છે તે અંગેનાં સંશોધનો અનેક દેશો માટે કરવામાં આવ્યાં હતા, તેમાંથી ઉપરોક્ત તમને સમર્થન સાંપડ્યું હતું. આની વિરુદ્ધ સ્વનિર્ભર શિક્ષણસંસ્થાઓ દ્વારા પૂરી કિંમત વસૂલ કરીને પૂરી પાડવામાં આવતી શિક્ષણસેવાની પ્રથામાં એ અભિપ્રેત છે કે શિક્ષણ મેળવવાનો લાભ કેવળ તે લેનાર વ્યક્તિઓને જ મળે છે, અને સમાજને તેનો લાભ મળતો

નથી. સમાજે આ સ્વનિર્ભર શિક્ષણસંસ્થાઓને સ્વીકારી લીધી છે. એનો અર્થ એવો થાય કે વિદ્યાર્થીઓ તથા કુટુંબોએ પણ એ સ્વીકારી લીધું છે કે ભારે ખર્ચ કરીને મેળવવામાં આવતા શિક્ષણથી વિદ્યાર્થીઓને તેમના સમગ્ર જીવન દરમિયાન થનારી કમાણીની દૃષ્ટિએ મોટો લાભ થવાનો છે. તેથી જ કુટુંબનાં તેમનાં સંતાનોના શિક્ષણ માટે જરૂરી ખર્ચ કરવા તત્પર બન્યાં છે. આના કેટલાક નિર્દેશોની નોંધ લઈએ.

નગર વિસ્તારોમાં જ નહિ, મોટાં ગામોમાં પણ જ્યાં ખાનગી પ્રાથમિક શાળાઓ સુલભ છે ત્યાં મધ્યમ વર્ગના જ નહિ, તેનાથી નીચેના સ્તરનાં કુટુંબો પણ તેમનાં સંતાનોને ખર્ચ ભોગવીને પણ ખાનગી શાળાઓમાં મોકલે છે અને સરકારી શાળાઓમાં મળતા મફત શિક્ષણનો લાભ જતો કરે છે. એ જ રીતે નગરવિસ્તારોમાં જ નહિ, ગ્રામીણ વિસ્તારોમાં પણ અંગ્રેજી માધ્યમની શાળાઓમાં ફીના દર વધારે હોવા છતાં વાલીઓ તેમનાં સંતાનોને અંગ્રેજી માધ્યમની શાળાઓમાં ભણાવવાનું પસંદ કરે છે.

સંતાનોના શિક્ષણ માટે ખર્ચ કરવાની કુટુંબોની તત્પરતાનો એક બીજો નિર્દેશક પણ છે. દેશના નગર તેમજ ગ્રામીણ વિસ્તારોમાં પણ પ્રાથમિકથી માંડીને ઉચ્ચ શિક્ષણ સુધીના શિક્ષણ માટે કોચિંગ ક્લાસિસ, ગ્રુપ ટ્યૂશન અને વ્યક્તિગત ટ્યૂશનના સ્વરૂપમાં એક સમાંતર ખાનગી શિક્ષણપ્રથા ચાલી રહી છે. આ માર્ગે ખાનગી ટ્યૂશન માટેનું એક મોટું બજાર સ્થપાયું છે. ભારે કિંમત ચૂકવીને તેનો લાભ લેતાં કુટુંબોની સંખ્યા ઘણી મોટી છે. ઉચ્ચતર માધ્યમિકમાં વિજ્ઞાનપ્રવાહમાં ગ્રુપ ટ્યૂશન માટે વિષયદીઠ રૂ. પચીસ હજારથી ચાલીસ હજારનો ભાવ અમદાવાદ જેવાં મોટાં શહેરોમાં ચાલે છે. આઈ. આઈ. એમ. (IIM) અને આઈ. આઈ. ટી.(IIT)ની પ્રવેશ પરીક્ષાની તૈયારી માટે તેમજ સી.એ.ની પરીક્ષાઓ માટેના કોચિંગ વર્ગો મોટાં શહેરોમાં ચાલે છે, જેમાં હજારો રૂપિયાની ફી લેવામાં આવે છે. આ બે નિર્દેશકોમાંથી ફલિત થતાં મુદ્દા આ છેઃ સંતાનોના શિક્ષણ માટે ભારે ખર્ચ કરવા માતાપિતા તત્પર બન્યાં છે, તેથી જ વ્યાવસાયિક શિક્ષણના ક્ષેત્રે સ્વનિર્ભર કૉલેજોના સ્વરૂપે બજારના પ્રવેશને તેમણે આવકાર્યો છે.

શિક્ષણ માટે વધારે ખર્ચ કરવાની કુટુંબોની તૈયારી માટે બે કારણો જવાબદાર જણાય છે. એક, વીસમી સદીના પ્રથમ સાતેક દસકા દરમિયાન ધીમા આર્થિક વિકાસને કારણે મધ્યમ વ્રગનો અલ્પ વિસ્તાર થયો હતો અને તેની સમૃદ્ધિમાં ઝાઝો વધારો થયો નહોતો. પણ છેલ્લા ત્રણ દસકા દરમિયાન દેશમાં સધાયેલા ઝડપી વિકાસને પરિણામે મધ્યમ વર્ગ વિસ્તર્યો છે અને તેની સમૃદ્ધિમાં પણ મોટો વધારો થયો છે. તેથી સંતાનોના શિક્ષણ પાછળ ખર્ચ કરવાની તેની શક્તિમાં વધારો થયો છે.

બીજું, દેશમાં ૧૯૮૦ પછી ઝડપી બનેલા આર્થિક વિકાસને પરિણામે કૌશલ્ય (skill) ધરાવતા માનવસંસાધન માટેની માંગમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. ઈજનેરો, સંચાલકો, માહિતી ટેક્નોલોજી માટેના તજ્જ્ઞો વગેરે માટે રોજગારીની તકો ઝડપથી વિસ્તરી રહી છે. તેથી વ્યાવસાયિક શિક્ષણ પાછળ કરવામાં આવેલા ખર્ચ પર વળતર મળી રહેશે એવો વિશ્વાસ મધ્યમ વર્ગને બેઠો છે.

કુટુંબોની તેમનાં સંતાનો માટે વ્યાવસાયિક શિક્ષણ ઇચ્છે છે તે એક સમજી શકાય તેવી બાબત છે. દેશમાં ૮૦ ટકાથી અધિક વિદ્યાર્થીઓ આર્ટ્સ-સાયન્સ-કૉમર્સનું શિક્ષણ મેળવતા હોવાથી તે વિદ્યાશાખાઓના સ્નાતકોને રોજગારીની અપેક્ષિત તકો મળતી નથી અને રોજગારી માટે તેમને લાંબો સમય રાહ જોવી પડતી હોય છે. બીજી બાજુ, વ્યાવસાયિક શિક્ષણ લઈને બહાર નીકળતા સ્નાતકોને પ્રમાણમાં ઝડપથી અને સારી રોજગારીની તકો સાંપડે છે. તેમાંના કેટલાકને વિદેશોમાં જવાની તક પણ સાંપડે છે. તેથી વાલીઓ તેમનાં સંતાનો વ્યાવસાયિક શિક્ષણ લઈ શકે તે માટે જરૂર પડ્યે દેવું કરીને પણ ખર્ચ કરવા તૈયાર થાય તે સહજ છે.

મધ્યમ વર્ગ વિસ્તરવાથી અને વસ્તીવધારાને કારણે શિક્ષણના સ્તરે વિદ્યાર્થીઓની સંખ્યામાં પ્રચંડ વધારો થવાથી એક બાજુ વ્યાવસાયિક શિક્ષણ માટેની માગ

ઝડપથી વધવા પામી હતી અને બીજી બાજુ એ માટેની કૉલેજોની સંખ્યા સીમિત હતી અને તેમની સંખ્યામાં બહુ ધીમી ગતિએ વધારો થઈ રહ્યો હતો. આનું કારણ સમજી શકાય તેમ છે. આ શિક્ષણ કૉલેજોમાં ફીનાં જે ધોરણો પ્રવર્તતા હતા તે ખૂબ નીચાં હોવાથી બિનસરકારી સંસ્થાઓ સરકારની પૂરતી ગ્રાન્ટ વિના કૉલેજો નિભાવી શકે તેમ નહોતી. વળી આ કૉલેજોમાં મકાન અને સાધનસામગ્રીની પાછળ પણ વધારે ખર્ચ કરવું પડે, જે ખાનગી સખાવતોના આધાર પર મેળવવાનું સરળ નહોતું. તેથી બિનસરકારી રાહે મર્યાદિત સંખ્યામાં જ વ્યાવસાયિક શિક્ષણની કૉલેજો સ્થપાઈ હતી. આ ક્ષેત્રમાં મોટા ભાગની કૉલેજો સરકાર સ્થાપિત અને સંચાલિત હતી. આમ વ્યાવસાયિક શિક્ષણની ખૂબ અપૂરતી કૉલેજોના મૂળમાં સરકારની નીતિ રહેલી હતી. દેશની કેન્દ્ર અને રાજ્ય સરકારો વ્યાવસાયિક ઉચ્ચ શિક્ષણની પાછળ વધુ ખર્ચ કરવા તૈયાર ન હતી અને આજે પણ નથી.

સમગ્ર શિક્ષણ પાછળ દેશની રાજ્ય સરકારો તેમજ કેન્દ્ર સરકાર પ્રમાણમાં ઓછું કરે છે એવો એક મત છે. આનું મૂળ છેક ૧૯૬૬માં કોઠારી પંચે કરેલી તથાકથિત ભલામણમાં છે. આ લોકપ્રિય ખ્યાલ પ્રમાણે કોઠારીપંચે શિક્ષણ પાછળ જીડીપીના છ ટકા ખર્ચ કરવાની ભલામણ કરી હતી.[૩] એ ભલામણ પ્રમાણે દેશમાં ક્યારેય શિક્ષણ પાછળ જીડીપીના છ ટકા જેટલું ખર્ચ સરકારો દ્વારા કરવામાં આવ્યું નથી. આજે દેશમાં શિક્ષણ પાછળનું કેન્દ્ર અને રાજ્ય સરકારોનું ખર્ચ જીડીપીના ચાર ટકાથી ઓછું જ છે. જો કે, મારે અહીં નોંધવું જોઈએ કે દુનિયામાં ઘણા ઓછા દેશો શિક્ષણ પાછળ જીડીપીના છ ટકા કે તેનાથી વધારે ખર્ચ કરે છે. 'હ્યુમન ડેપલપમેન્ટ રિપોર્ટ, ૨૦૦૭-૮'માં આપવામાં આવેલા આંકડાઓ પ્રમાણે જે ૧૫૪ દેશો માટે વિગતો પ્રાપ્ય છે તે પૈકી ૨૮ દેશોમાં જ શિક્ષણ પાછળ રાજ્ય જીડીપીના છ ટકા કે તેનાથી વધુ ખર્ચ કરતું હતું. મોટા ભાગના દેશોમાં શિક્ષણ પાછળનું જાહેર ખર્ચ ચારથી છ ટકાની વચ્ચે માલૂમ પડે છે. મોટા ભાગના વિકસિત દેશોમાં પણ શિક્ષણ પાછળનું રાજ્યનું ખર્ચ જીડીપીના છ ટકાથી ઓછું છે.[૪] ચીન અને જાપાનમાં રાજ્ય શિક્ષણ પાછળ જીડીપીના ચાર ટકાથી ઓછું ખર્ચ કરે છે અને છતાં એ દેશો ભારતની તુલનામાં શિક્ષણના ક્ષેત્રે વધુ સારાં પરિણામો મેળવી શક્યા છે. આમ આ પ્રશ્ન શિક્ષણ પાછળ કેવળ વધુ ખર્ચ કરવાનો નથી, પણ શિક્ષણના વિવિધ ક્ષેત્રો પાછળ ફાળવવામાં આવતાં નાણાંનો તેમજ કરવામાં આવતા ખર્ચને વધુ ફળદાયી બનાવવાનો છે.

વ્યાવસાયિક શિક્ષણની નવી કૉલેજો સ્થાપવાની અને બિનસરકારી ક્ષેત્રે સ્થપાતી એવી કૉલેજોને પર્યાપ્ત ગ્રાન્ટ આપવાની સરકારની વિત્તીય અશક્તિના મૂળમાં રહેલી પરિસ્થિતિને સમજવી જોઈએ. ઉપર નોંધ્યું છે તેમ સરકારની સહાયથી ચાલતી ઉચ્ચ શિક્ષણની લિબરલ તેમજ વ્યાવસાયિક શિક્ષણની કૉલેજોમાં ફીનાં ધોરણો ખૂબ જ નીચાં રહેવાથી એ કૉલેજો પાછળ થતા ખર્ચનો ૯૦ ટકા જેટલો બોજો સરકારને ઉપાડવો પડે છે અને સમયાંતરે અધ્યાપકોના વેતનદરમાં વધારો થયા કરતો હોવાથી સરકાર પરનો એ બોજો વધતો જાય છે. તેથી ઉચ્ચ શિક્ષણ પાછળના બજેટનો મોટોભાગ સ્થપાઈ ચૂકેલી કૉલેજો માટે ફાળવવામાં માટે તેની પાસે બહુ ઓછાં નાણાં રહે છે. આ સ્થિતિમાં વ્યાવસાયિક શિક્ષણ માટેની મોટી અને વધતી જતી જરૂરિયાતને સંતોષવા માટે સ્વનિર્ભર કૉલેજોના રૂપમાં બજારનો કોઈ વિકલ્પ રહ્યો નહોતો અને આજે પણ નથી.

ભારતમાં ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રે ખાસ કરીને વ્યાવસાયિક શિક્ષણના ક્ષેત્રે આવેલા આ પરિવર્તનને અન્ય દેશોમાં પ્રવર્તતી પરિસ્થિતિ અને તેમાં આવેલા બદલાવના સંદર્ભમાં તપાસવા જેવી છે.

લગભગ ૧૯૫૦ સુધી ઉચ્ચ શિક્ષણ મફત કે નજીવી ફી લઈને પૂરું પાડવાનું સરકારો માટે ઝાઝું બોજારૂપ બનતું ન હતું, કેમકે માધ્યમિક શિક્ષણ પૂરું કરતા વિદ્યાર્થીઓનો બહુ નાનો ભાગ ઉચ્ચ શિક્ષણ લેતો હતો. તેથી તેમની પાસેથી ઓછી ફી લેવાનો કે તેમને મફત શિક્ષણ આપવાનો નાણાકીય બોજો રાજ્ય માટે ઝાઝો નહોતો. ૧૯૫૦ પછી આ ચિત્ર ઝડપથી બદલાતું ચાલ્યું

છે. ઉચ્ચ શિક્ષણ લેતા વિદ્યાર્થીઓના પ્રમાણમાં મોટો વધારો થતો ચાલ્યો છે.૫ તેની સાથે વિદ્યાર્થીઓનો મોટો પ્રવાહ ભવિષ્યમાં વધુ કમાણી આપવાની ક્ષમતા ધરાવતા વ્યાવસાયિક સ્વરૂપના અભ્યાસક્રમો તરફ વળ્યો છે. આને પરિણામે કેવળ વિકાસશીલ દેશોમાં જ નહિ, સામાજિક સલામતી પૂરી પાડવીની લાંબી પરંપરા ધરાવતા વિકસિત દેશોમાં પણ ઉચ્ચ શિક્ષણ પામવાનો વિત્તીય બોજો ઓછાવત્તા પ્રમાણમાં વિદ્યાર્થીઓ પાસેથી વસૂલ કરવાની પ્રથા વિસ્તરતી જાય છે. આ હકીકતને બીજી રીતે મૂકીએ : દુનિયાના મોટા ભાગના દેશોમાં રાજ્ય તેના પર રહેલા ઉચ્ચ શિક્ષણના ખર્ચનો બોજો ઘટાડતું જાય છે અને ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓને પોતાની રીતે નાણા મેળવી લેવાની ફરજ પાડતું જાય છે.

ઈંગ્લેન્ડમાં ઉચ્ચ શિક્ષણના વિત્તીય પ્રબંધ માટે નિમાયેલી બ્રાઉની સમિતિએ આપેલી વિગતો આના સંદર્ભમાં નોંધવા જેવી છે. ડેન્માર્ક, ફિનલેન્ડ અને નોર્વે જૂની પરંપરાને હજી મહદંશે વળગી રહ્યા છે. પરંતુ એ દેશોમાં કેટલાક અભ્યાસક્રમોમાં ફીની પ્રથા દાખલ કરવામાં આવી છે. તેમ છતાં એ દેશોમાં હજી ઉચ્ચ શિક્ષણનું ૯૫ ટકા ખર્ચ રાજ્ય ભોગવે છે. અમેરિકા, ઓસ્ટ્રેલિયા, કેનેડા અને ઇઝરાયેલમાં ઉચ્ચ શિક્ષણનું ૬૦ ટકાથી ઓછું ખર્ચ રાજ્ય ભોગવે છે અને બાકીનું ખર્ચ ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓએ વિદ્યાર્થીઓની ફી સહિતના ખાનગી સ્રોતો પાસેથી મેળવવું પડે છે. દક્ષિણ કોરિયા અને ચીલીમાં ઉચ્ચ શિક્ષણના ખર્ચનો ૨૫ ટકાથી ઓછો હિસ્સો રાજ્ય પૂરો પાડે છે, જ્યારે ૭૫ ટકાથી વધુ હિસ્સો વિદ્યાર્થીઓ પાસેથી ફીના રૂપમાં અને અન્ય માર્ગોએ ખાનગી સ્રોતો પાસેથી મેળવવામાં આવે છે. દક્ષિણ કોરિયામાં ૮૦ ટકા વિદ્યાર્થીઓ ખાનગી યુનિવર્સિટીઓમાં શિક્ષણ મેળવે છે અને યુનિવર્સિટીઓના ખર્ચમાં ૭૦ ટકાથી વધુ ફાળો આપે છે. આમ વિશ્વસ્તરે ઉચ્ચ શિક્ષણના ખર્ચનો મોટો બોજો વિદ્યાર્થીઓ પર લાદવામાં આવ્યો છે અને ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓને પણ ફી સિવાયના અન્ય ખાનગી સ્રોતોમાંથી વધુ આવક મેળવવાની ફરજ પાડવામાં આવી રહી છે. તેથી વિકસિત દેશોની કેટલીક યુનિવર્સિટીઓ વિકાસશીલ દેશોમાંથી વિદ્યાર્થીઓ મેળવવા માટે 'માર્કેટિંગ' કરી રહી છે. આમાં નોંધપાત્ર બાબત એ છે કે ઉચ્ચ શિક્ષણનો બધો જ નાણાકીય બોજો વિદ્યાર્થીઓ પર નાખવાની ભલામણ બ્રાઉની સમિતિએ પોતે પણ કરી છે. તે માટે સમિતિએ જે કારણો રજૂ કર્યાં છે તે ઓછાવત્તા પ્રમાણમાં બધા દેશોને લાગુ પડે છે. તેથી એ કારણો નોંધીએઃ

(૧) યુનિવર્સિટીની ડિગ્રી મેળવવાથી વિદ્યાર્થીની રોજગારીની તકોમાં વધારો થાય છે, વધુ વેતન મેળવવાની તેની ક્ષમતા વધે છે. એક નોકરી છોડીને બીજી નોકરી મેળવવાનું તેના માટે સરળ બને છે. સમિતિએ મૂકેલા અંદાજ પ્રમાણે ઈંગ્લેન્ડમાં જેઓ સ્નાતક થયેલા નથી હોતા તેમની તુલનામાં સ્નાતક થયેલી વ્યક્તિ, તેના જીવન દરમિયાન 'આજના મૂલ્યે' એક લાખ પાઉન્ડથી વધારે આવક મેળવે છે. (વટાવનો દર છ ટકા ગણીએ તો એક વર્ષ પછી મળનારા રૂ. ૧૦૬૦નું આજનું મૂલ્ય રૂ. ૧૦૦૦ ગણાય.)

(૨) ઉચ્ચ શિક્ષણથી ઈંગ્લેન્ડમાં સમગ્ર સમાજને જે લાભ થાય છે તેની તુલનામાં ઉચ્ચ શિક્ષણ મેવળનારાઓને થતો લાભ ૫૦ ટકા જેટલો વધારે છે.

(૩) ઈંગ્લેન્ડમાં માધ્યમિક શિક્ષણ પૂરું કરતા વિદ્યાર્થીઓના ૪૫ ટકા ઉચ્ચ શિક્ષણ લઈને ડિગ્રી મેળવે છે. જ્યારે બાકીના પંચાવન ટકા ઉચ્ચ શિક્ષણ મેળવતા નથી. તેથી એ ૫૫ ટકા ડિગ્રી નહિ ધરાવતા નાગરિકો પર ડિગ્રી મેળવતા ૪૫ ટકા વિદ્યાર્થીઓના ભણતરનો બોજો નાખવાનું યોગ્ય ગણાય નહિ. સમિતિની આ દલીલને સમજીએ. ઉચ્ચ શિક્ષણનું જે ખર્ચ સરકાર ઉપાડે છે તે આખરે તો લોકો પાસેથી કરના રૂપમાં મેળવવામાં આવતી આવકમાંથી જ ચૂકવવામાં આવે છે. જેઓ ડિગ્રી ધરાવતા નથી તેઓ પણ સરકારની વેરાની આવકમાં ફાળો આપે છે અને એ રીતે અંશતઃ ઉચ્ચ શિક્ષણ પાછળ થતા ખર્ચનો બોજો ઉપાડે છે.

(૪) ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રે પ્રવેશતા વિદ્યાર્થીઓનું પ્રમાણ વધતું જાય છે. દસકા પહેલાં ઈંગ્લેન્ડમાં એ પ્રમાણ પ્રસ્તુત વયજૂથના ૩૯ ટકા હતું તે આજે વધીને ૪૫

ટકા થયું છે. આ રીતે વધતી જતી વિદ્યાર્થીઓની સંખ્યા અને અન્ય કારણોથી ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રે ખર્ચ વધવાનું છે. સરકાર આ ખર્ચ પૂર્ણતયા ઉપાડી શકે તેમ નથી. તેથી ઉચ્ચ શિક્ષણ માટેની વૈકલ્પિક વિત્તીય વ્યવસ્થા વિચારવી જરૂરી છે.

ભારતના સંદર્ભમાં ઉપર્યુક્ત ચાર કારણોનો વિચાર કરીએ. ભારતમાં બજારનો પ્રવેશ મુખ્યત્વે વ્યાવસાયિક ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રે થયો છે, જેના સ્નાતકોને રોજગારીની વધુ તકો સાંપડે છે, તેમજ નોકરીઓ બદલવાનું તેમના માટે અન્ય સ્નાતકો તેમજ બિનસ્નાતક શિક્ષિતોની તુલનામાં વધુ સરળ બને છે. વ્યાવસાયિક શિક્ષણના સ્નાતકોને તેમના જીવન દરમિયાન બીજાઓની તુલનામાં કેટલી વધારે કમાણી મળે છે તે અંગેના અભ્યાસો આપણે ત્યાં થયા નથી, પરંતુ આ સ્નાતકોને રોજગારીનાં પ્રથમ ત્રણ-ચાર વર્ષો બાદ અનુભવના આધાર પર રોજગારીની જે સારી તકો મળે છે તે જોતાં તેમની જીવનભરની કમાણી, બીજા શિક્ષિતોની તુલનામાં ઘણી વધારે છે એમ કહી શકાય. વ્યાવસાયિક શિક્ષણની સ્વનિર્ભર કૉલેજોમાંથી બહાર પડતા સ્નાતકોને, તેમના શિક્ષણથી તેમને પોતાને મળતો લાભ, સમાજને મળતા લાભથી કેટલો વધારે હોય છે તેને અંગે હજી આપણા દેશમાં કોઈ અભ્યાસો થયા નથી. તેથી તેને અંગે આપણે કશું નિશ્ચિત રીતે કહી શકીએ તેમ નથી. ચોથી દલીલને ભારતના સંદર્ભમાં તપાસીએ. સમગ્ર ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રે પ્રસ્તુત વયજૂથના હાલ કેટલા ટકા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે તે થોડા મતભેદનો મુદ્દો છે, પરંતુ ૨૦૧૫ સુધીમાં એ પ્રમાણ લગભગ ૧૫ ટકા જેટલું થશે એવો અંદાજ છે. પૂર્વ એશિયાના ઝડપથી વિકસી રહેલા દેશોમાં ૨૦૦૫-૧૦ના ગાળામાં પ્રસ્તુત વયજૂથના ૧૫ ટકા વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રે અભ્યાસ કરી રહ્યા હતા. આ પ્રમાણ સમગ્ર ઉચ્ચ શિક્ષણ માટે છે. વ્યાવસાયિક ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રે ભારતમાં પ્રસ્તુત વયજૂથના પાંચ ટકાથી ઓછા વિદ્યાર્થીઓ હોવાનો સંભવ છે. આ પાંચ ટકા વિદ્યાર્થીઓના ઉચ્ચ શિક્ષણના ખર્ચનો બોજો સમાજ પર નાખવો કે વિદ્યાર્થીઓ પર તે એક નીતિવિષયક પસંદગીનો પ્રશ્ન છે.

ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રે, ખાસ કરીને વ્યાવસાયિક ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રે સ્વનિર્ભર કૉલેજોના રૂપમાં બજારનો જે પ્રવેશ થયો છે તેની એક ધ્યાનપાત્ર વિશેષતા છે. દેશમાં કોઈ શિક્ષણપંચે કે કેળવણીકારોએ આ પ્રથાની ભલામણ કરી નહોતી. આ પ્રથા લોકોની પહેલવૃત્તિથી અસ્તિત્વમાં આવી છે અને વિસ્તરી છે.૬ સરકારોએ આ પ્રથા સ્વીકારી લીધી છે કેમકે તેના વિસ્તરણથી સરકારની નાણાકીય જવાબદારીમાં વધારો થયા વિના વ્યાવસાયિક ઉચ્ચ શિક્ષણનો આવશ્યક વિકાસ થાય છે અને અર્થતંત્રની તેમજ વિદ્યાર્થીઓની માંગ સંતોષાય છે. વિદ્યાર્થીઓએ અને સમાજે આ પ્રથા સ્વીકારી લીધી છે કેમકે તેને પરિણામે દેશમાં જ રહીને વ્યાવસાયિક શિક્ષણ પામવાની તેમની તકોમાં વધારો થયો છે. તેના વિકલ્પે તેમને વિદેશમાં જઈને વધારે મોંઘું શિક્ષણ મેળવવું પડે. સ્વનિર્ભર સંસ્થાઓ સ્થાપનારાઓ માટે, બધાં નિયંત્રણો છતાં મોટી કમાણીનો આ ધંધો હોવાથી નિભાવી ન શકાય એટલી મોટી સંખ્યામાં આ કૉલેજો સ્થપાઈ છે.૭ બજારપ્રથાની આ વિશેષતા છે. એક જમાનામાં જેની કલ્પના થઈ શકતી નહોતી એવાં નાનાં નગરો અને ગ્રામીણ વિસ્તારોમાં ઈજનેરી અને ફાર્મસી જેવી કૉલેજો આ 'ખાનગી સાહસ' દ્વારા સ્થાપવામાં આવી છે.

દેશમાં વ્યાવસાયિક ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રે જે રીતે સ્વનિર્ભર કૉલેજો સ્થપાઈ છે અને ચાલે છે તેમાંથી અનેક પ્રશ્નો ઊભા થયા છે. એક પ્રશ્નનો ઉલ્લેખ હું કરી ગયો છું. આ પ્રથાએ ઉચ્ચ શિક્ષણ પામવાની તકોમાં ભારે અસમાનતા સર્જી છે. સ્વનિર્ભર કૉલેજોમાં પ્રવર્તતા ફીના દર સમાજમાં ટોચ પરનાં ત્રીસેક ટકા કુટુંબોને જ પરવડી શકે તેમ છે. દેશમાં વિશાળ બહુમતી માટે વ્યાવસાયિક ઉચ્ચ શિક્ષણ પહોંચ બહારનું બન્યું છે. સર્વસમાવેશક (inclusive) વિકાસને વરેલા દેશ માટે આ ન ચલાવી લેવાય એવી સ્થિતિ છે. પણ ઉચ્ચ શિક્ષણના ખર્ચનો બધો બોજો વિદ્યાર્થીના માથે નાખ્યા પછી પણ તેની ન્યાયી વહેંચણી કરવાનું તથા શિક્ષણ પામવાની તકોની

સમાનતા જાળવી રાખવાનું શક્ય છે. એ માટેની યોજના ઇંગ્લેન્ડની બ્રાઉની સમિતિએ સૂચવી છે. (તેની કેટલીક વિગતો લેખના અંતે પરિશિષ્ટરૂપે આપવામાં આવી છે.) સમિતિની ભલામણોના પરિણામે ઉચ્ચ શિક્ષણનું બધું ખર્ચ વિદ્યાર્થીઓ પર પડવા છતાં સરકાર ઉચ્ચ શિક્ષણના નાણાકીય બોજમાંથી સાવ નીકળી જઈ શકતી નથી. મારો મુદ્દો એ છે કે હવે જ્યારે વ્યાવસાયિક ઉચ્ચ શિક્ષણ લેતા વિદ્યાર્થીઓના ૭૫ ટકાથી અધિક વિદ્યાર્થીઓ સ્વનિર્ભર કૉલેજોમાં પ્રવેશે છે ત્યારે એ પ્રથાને ન્યાયપૂર્ણ બનાવવાની દિશામાં આપણે સક્રિય થવાનું છે.

સ્વનિર્ભર શિક્ષણ સંસ્થાઓના પ્રસારે ઉચ્ચ શિક્ષણ કે યુનિવર્સિટીની પરંપરાના સંદર્ભમાં પણ કેટલાક પ્રશ્નો ઊભા કર્યા છે. ઉચ્ચ શિક્ષણની સંસ્થાનો એક ઉદ્દેશ વિદ્યાર્થીઓને શિક્ષણ આપીને ઉપલબ્ધ જ્ઞાનના વારસાનું જતન કરવાનો છે. એટલો જ મહત્ત્વનો બીજો ઉદ્દેશ સંશોધન દ્વારા હયાત જ્ઞાનમાં વધારો કરવાનો છે. જ્ઞાનના જતન અને સંવર્ધનના યુનિવર્સિટીના આ જીવનકાર્યના સંદર્ભમાં સ્વનિર્ભર કૉલેજોની પ્રથાનો વિચાર કરીએ તો તેમાં સંશોધનની કોઈ ગુંજાશ આજે જણાતી નથી. આ સંસ્થાઓ કેવળ 'કોચિંગ ક્લાસિસ'નું સ્વરૂપ ધરાવે છે. એ કાર્ય પણ તે કેટલી અસરકારક રીતે કરે છે તે એક પ્રશ્ન છે.

**(૩) અન્ય ક્ષેત્રોમાં બજારનો પ્રવેશ**

દેશમાં અન્ય ક્ષેત્રોમાં પણ છેલ્લા ત્રણેક દસકા દરમિયાન બજારનો મોટા પ્રમાણમાં પ્રવેશ થયો છે. તેમાંનાં કેટલાંકનો હું અહીં ટૂંકમાં જ નિર્દેશ કરીશ. તબીબી સારવારના ક્ષેત્રે બજાર મોટા પ્રમાણમાં પ્રવેશ્યું છે. મુંબઈ, દિલ્હી જેવાં મોટાં શહેરોમાં જ નહિ, રાજકોટ અને મહેસાણા જેવાં નાનાં શહેરોમાં પણ ખાનગી હૉસ્પિટલો મોટી સંખ્યામાં સ્થપાઈ છે અને દેશનાં કેટલાંક શહેરો તો 'મેડિકલ ટૂરિઝમ'નાં કેન્દ્રો બન્યાં છે. સરકાર દ્વારા નાગરિકોને પૂરતી અને કાર્યક્ષમ તબીબી સારવાર પૂરી પાડવાની નિષ્ફળતાને કારણે આ સ્થિતિ સર્જાઈ છે. આ ખાનગી હૉસ્પિટલોમાં ઇંગ્લેન્ડ-અમેરિકા જેવા વિકસિત દેશોમાં તબીબી ક્ષેત્રે થતી શોધોને ઝડપથી હસ્તગત કરી લઈને અપનાવવામાં આવે છે. એને પરિણામે દેશમાં લોકોને અદ્યતન તબીબી સારવાર સુલભ બની છે, પણ તેની સાથે તબીબી સારવાર આપણા માટે અત્યંત મોંઘી બની છે, જો કે વિકસિત દેશોની તુલનામાં તે ઘણી સસ્તી હોવાથી જ દેશમાં 'મેડિકલ ટુરિઝમ' વિકસ્યું છે.

મનોરંજનના ક્ષેત્રે ફિલ્મ ઉદ્યોગ તો પ્રથમથી જ હતો પણ ટીવીના મોટા પાયા પરના પ્રવેશથી મનોરંજનના વેપારમાં અસંખ્ય ખાનગી ચેનલો પ્રવેશી છે. આના પરિણામે દર્શકોને ઉપલબ્ધ વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમોમાં મોટો વધારો થયો છે. બીજી બાજુ, નાના પડદાના કલાકારોને ઘણું મોટું ક્ષેત્ર સાંપડ્યું છે. મનોરંજનના પરંપરાગત બે ક્ષેત્રો, ફિલ્મો અને રંગભૂમિમાં જેમને તક મળી ન હોય એવા અસંખ્ય કલાકારોને ટીવીના માધ્યમે તેમની અભિનયશક્તિ દાખવવાનો અવકાશ પૂરો પાડ્યો છે. માત્ર કલાકારોને જ નહિ, ટેકનિશિયનો અને અન્ય કસબીઓને પણ આ ક્ષેત્રમાં મોટા પ્રમાણમાં તકો સાંપડી છે. અલબત્ત, જેમ ફિલ્મો અને રંગભૂમિ પર રજૂ થતાં નાટકો ટીકાને પાત્ર બને છે તેમ ટીવી પર રજૂ થતા કાર્યક્રમો પણ ટીકાને પાત્ર બન્યા કરે છે.

શાસ્ત્રીય સંગીત પહેલાં રાજ્યાશ્રિત કે શ્રેષ્ઠીઓને આશ્રિત હતું. હવે મધ્યમ વર્ગ વિસ્તરતાં તે લોકાશ્રિત બન્યું છે. શાસ્ત્રીય સંગીતના નાના મોટા કલાકારોના કાર્યક્રમો શહેરોમાં યોજાય છે અને તે માટેની કિંમત ચૂકવવા તૈયાર શ્રોતાઓ મોટી સંખ્યામાં મળી રહે છે. આ કલાકારો માટે મોટું બજાર ઊભું કરવામાં ટેકનોલોજીએ મોટો ફાળો આપ્યો છે. કલાકારોની કેસેટ, સીડી અને ડીવીડી તૈયાર થાય છે અને તે મોટા પ્રમાણમાં વેચાય છે. સુગમ સંગીતના કલાકારોને પણ આધુનિક ટેકનોલોજીએ મોટું બજાર મેળવી આપીને પ્રોત્સાહન પૂરું પાડ્યું છે.

આવાં બીજા પણ કેટલાંક ક્ષેત્રો છે. ભારતમાં ક્રિકેટની રમતને એક ધંધો બનાવી દેવામાં આવી છે અને ક્રિકેટરોના ભાવ કરોડો રૂપિયામાં બોલાય છે.

ગુજરાતમાં નવરાત્રિના દિવસોમાં પાર્ટી પ્લોટો પર ધંધાદારી ધોરણે ગરબાનું આયોજન કવામાં આવે છે. ગરબા પદ્ધતિસર ગાવા માટેની તાલીમ આપતા વર્ગો પણ મોટાં શહેરોમાં ચલાવવામાં આવે છે. બજારની પહોંચ કેટલી મોટી છે તે આ બધાં ઉદાહરણો પરથી સમજાશે.

દેશમાં ઝડપી બનેલા આર્થિક વિકાસની સાથે અર્થશાસ્ત્રમાં જેને સેવાવિભાગ કહે છે તેનો ઝડપથી વિસ્તાર થયો છે અને જીડીપીમાં એ ક્ષેત્રનો હિસ્સો ઝડપથી વધી રહ્યો છે તેનું એક કારણ સેવાનાં બિનપરંપરાગત ક્ષેત્રોમાં બજારનો થઈ રહેલો વિકાસ છે.

**નોંધો:**

૧. એન.એસ.એસ.ઓ. દ્વારા કરવામાં આવેલી કૌટુંબિક વપરાશની મોજણીના તારણ પ્રમાણે ૧૯૯૯-૨૦૦૦થી ૨૦૦૯-૧૦ના દસકામાં માથાદીઠ માસિક શૈક્ષણિક ખર્ચમાં ગ્રામીણ વિસ્તારમાં ૩૭૮ ટકાનો અને શહેરી વિસ્તારોમાં ૩૪૫ ટકાનો વધારો થવા પામ્યો હતો.

૨. દેશમાં સરકારની ગ્રાન્ટ નહિ મેળવતી પ્રાથમિક (ધોરણ ૧-૫) શાળાઓમાં ભણતાં બાળકોનું પ્રમાણ ૧૯૯૫-૯૬માં ૧૨ ટકા હતું તે વધીને ૨૦૦૭-૦૮માં ૨૦ ટકા થયું હતું. ધોરણ ૬-૮ની ઉપરના તબક્કાની આવી ખાનગી પ્રાથમિક શાળાઓમાં ભણતાં બાળકોનું પ્રમાણ એ જ વર્ષોમાં ૯ ટકા પરથી વધીને ૧૭ ટકા થયું હતું. India Human Development Report 2011 p. 192

૩. કોઠારી પંચે ૧૯૬૫-૬૬થી ૧૯૮૫-૮૬ વચ્ચે વિવિધ સ્તરે ભણતાં બાળકોની સંખ્યામાં કેટલો વધારો થશે, શિક્ષક દીઠ વિદ્યાર્થીની સંખ્યા કેટલી હશે, શિક્ષકોનો સરેરાશ પગાર કેટલો હશે વગેરે ધારણાઓના આધારે દેશમાં શિક્ષણના સર્વ સ્તરે કુલ કેટલું ખર્ચ થશે તેનો અંદાજ મુકાયો હતો. તેમાંથી સરકારે કેટલું ખર્ચ ભોગવવું પડશે તે અંગે ધારણા કરી હતી. આ ૨૦ વર્ષ દરમિયાન રાષ્ટ્રીય આવક વાર્ષિક છ ટકાના દરે વધશે એવી ધારણા પર પંચે ૧૯૮૫-૮૬માં રાષ્ટ્રીય આવક અને શિક્ષણ પરના અંદાજિત ખર્ચ વચ્ચેનો ગુણોત્તર (ટકામાં) દર્શાવ્યો હતો. પંચના અંદાજ પ્રમાણે ૧૯૬૫-૬૬માં દેશમાં શિક્ષણ પાછળનું કુલ ખર્ચ રાષ્ટ્રીય આવકના ત્રણ ટકાથી ઓછું હતું. મુદ્દો એ છે કે દેશમાં રાજ્યે શિક્ષણ પાછળ રાષ્ટ્રીય આવકના છ ટકા ખર્ચ કરવું જોઈએ એવી નીતિવિષયક ભલામણ પંચે કરી ન હતી. જુઓ : Education and National Development, Report of the Education Commission 1964-66, chapter xix.

૪. 'હ્યુમન ડેવલપમેન્ટ રિપોર્ટ ૨૦૦૭-૦૮'માં આપેલા આંકડા પ્રમાણે કેટલાક વિકસિત દેશોમાં રાજ્યનું શિક્ષણ પાછળનું ખર્ચ રાષ્ટ્રીય આવકના ટકા રૂપે આ પ્રમાણે હતું. (આ ખર્ચ ૨૦૦૨ થી ૨૦૦૫નાં વર્ષોમાં હતું). નોર્વે-૩.૩, ઓસ્ટ્રેલિયા-૪.૭, કેનેડા-૫.૨, અમેરિકા-૫.૯, ઇંગ્લેન્ડ-૫.૪, ચીન-૧.૯ (૨૦૦૦માં), ઈન્ડોનેશિયા-૦.૯, ભારત-૩.૮.

૫. ભારતમાં ૧૯૬૦-૬૧માં પ્રસ્તુત વયજૂથના ૨.૭ ટકા વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ લેતા હતા એવો અંદાજ શિક્ષણપંચે આપ્યો હતો. એ પ્રમાણ આજે બારેક ટકા જેટલું છે અને ૨૦૧૫ સુધીમાં તે ૧૫ ટકા જેટલું કરવાનો આપણો લક્ષ્યાંક છે. આ પંદર ટકા ૧૯૬૦-૬૧ પછી લગભગ ત્રણ ગણી થયેલી વસ્તીને લાગુ પડે છે તે આપણે ધ્યાનમાં રાખવાનું છે.

૬. આ એક રસપ્રદ મુદ્દો છે. શિક્ષણ પંચે દેશમાં પસંદગીની કૉલેજોને સ્વાયત્તતા આપવાની ભલામણ કરેલી. એ પછી વીસેક વર્ષ પછી તૈયાર કરવામાં આવેલી 'નવી આર્થિક નીતિ'માં પણ સ્વાયત્ત કૉલેજોની હિમાયત કરવામાં આવી હતી, પરંતુ આજે દેશમાં ૨૦૦ કૉલેજો પણ સ્વાયત્ત નથી. બીજી બાજુ, વ્યાવસાયિક શિક્ષણની સ્વનિર્ભર કૉલેજો ઓછીવત્તી સંખ્યામાં દેશના બધાં જ રાજ્યોમાં રચાઈ છે. સામાજિક પરિવર્તનો આયોજિત રીતે કેટલા પ્રમાણમાં થઈ શકે અને બિન-આયોજિત રીતે કેટલા પ્રમાણમાં થાય છે તે સમજવા માટે આ એક ઉદાહરણ છે.

૭. ૨૦૧૦ના વર્ષમાં AICTE ના કાર્યક્ષેત્રમાં આવતી વ્યાવસાયિક શિક્ષણની સ્વનિર્ભર (unaided private) કૉલેજોની સંખ્યા ૬૯૯૧ જેટલી હતી. તેમાં ૨૦૧૧ના વર્ષ દરમિયાન ૨૬૧ કૉલેજોનો વધારો થયો હતો. આમાં ઈજનેરી, મેનેજમેન્ટ, એમસીએ, ફાર્મસી, આર્કિટેક્ચર અને ટાઉન પ્લાનિંગ તથા હોટેલ મેનેજમેન્ટનો સમાવેશ થાય છે. તેમાં સ્વનિર્ભર તબીબી શિક્ષણની કૉલેજો તથા શિક્ષણની કૉલેજોનો સમાવેશ થતો નથી. સ્રોતઃ India Stat.com

## પરિશિષ્ટ

**બ્રાઉની સમિતિની ભલામણો**

ઈંગ્લેન્ડમાં નિમાયેલી બ્રાઉની સમિતિની ભલામણો સંક્ષેપમાં નીચે પ્રમાણે છેઃ

સમિતિની ભલામણો છ સિદ્ધાંતો પર રચાયેલી છે તે પૈકી બે પાયાના ગણી શકાય તેવા સિદ્ધાંતો નીચે પ્રમાણે છેઃ

૧. વિદ્યાર્થીએ તે ભણતો હોય ત્યાં સુધી ફી ચૂકવવાની રહેશે નહિ. વિદ્યાર્થીની ફી સરકાર ચૂકવશે પણ તેને વિદ્યાર્થીને અપાયેલી લોનના રૂપમાં જોવામાં આવશે.

૨. વિદ્યાર્થી અભ્યાસ પૂરો કરીને નોકરીએ વળગે અને લોન ચૂકવવા જેટલી આવક કમાતો થાય એ પછી જ એ લોનની ચુકવણી તેણે કરવાની રહેશે. લોનની ચુકવણી ૨૫થી ૩૦ વર્ષની મુદત દરમિયાન કરવાની છે. એ મુદત પછી પણ વિદ્યાર્થીને એપાયેલી લોન પટે જે રકમ બાકી રહેશે તે સરકારે માંડી વાળવાની રહેશે.

આ બે સિદ્ધાંતોને નજર સમક્ષ રાખીને સમિતિએ જે ભલામણો કરી છે તે પૈકીની કેટલીક ભલામણો નીચે પ્રમાણે છેઃ

(૧) ઇંગ્લેન્ડમાં વ્યક્તિની વાર્ષિક આવક ૬૪૭૫ પાઉન્ડ કે તેનાથી વધુ હોય તો તેને આવકવેરો ભરવો પડે છે. સમિતિએ કરેલી ભલામણ પ્રમાણે ઉચ્ચ શિક્ષણ લેનાર વિદ્યાર્થી વાર્ષિક ૨૧૦૦૦ પાઉન્ડ કે તેનાથી વધુ આવક મેળવતો થાય એ પછી જ તેણે લોનની ચુકવણી કરવી પડે.

(૨) લોનની ચુકવણીનો હપતો ઘણો નાનો સૂચવવામાં આવ્યો છે. દા.ત., જેની કુલ આવક મહિને ૨૫૦૦ પાઉન્ડ હોય તેણે આવકના દોઢ ટકા જેટલો હપતો ભરવાનો થાય જેની આવક મહિને ૫૦૦૦ પાઉન્ડ હોય તેણે તેની આવકના લગભગ છ ટકા જેટલો હપતો ભરવાનો થાય. આમ લોનની ચુકવણીને પ્રગતિશીલ રાખવામાં આવી છે.

(૩) લોનને વ્યાજમુક્ત રાખવાની નથી. વ્યાજનો દર ૨.૨ ટકા વત્તા ભાવવધારાનો જે દર હોય તે પ્રમાણે ગણવાનો રહેશે. દા.ત., ભાવવધારાનો વાર્ષિક દર ત્રણ ટકા હોય તો વ્યાજનો દર ૫.૨ ટકા ગણાય. લોનની રકમ પણ ભાવવધારાના પ્રમાણમાં વધતી રહે. પણ વધુમાં વધુ ૩૦ વર્ષ સુધી લોનની ચુકવણી કરવાની રહેશે. એ પછી બાકી રહેતી લોનની રકમ માંડી વાળવાની છે.

(૪) ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ માટે વાર્ષિક મહત્તમ ૬૦૦૦ પાઉન્ડ ફી નિયત કરવાની ભલામણ કરવામાં આવી છે. તેનાથી વધુ ફી સંસ્થાઓ લઈ શકે, પણ વધારાની ફી પર વેરો ભરવાનો રહેશે. સરકાર તો વિદ્યાર્થી દીઠ વધુમાં વધુ ૬૦૦૦ પાઉન્ડની જ ફી સંસ્થાને ચૂકવશે.

સમિતિના અંદાજ પ્રમાણે જો તેની ભલામણો પ્રમાણેની વિત્તીય વ્યવસ્થાનો અમલ કરવામાં આવશે તો સ્નાતક થયા પછી આવકની દૃષ્ટિએ ટોચના ૪૦ ટકા વિદ્યાર્થીઓને જ પૂરેપૂરી લોન ભરપાઈ કરવાની થશે, જ્યારે ૨૧૦૦૦ પાઉન્ડથી વધુ આવક ધરાવતા બાકીના સ્નાતકોને લોનની ઓછી ચુકવણી કરવાની થશે. જેઓ ૨૧૦૦૦ પાઉન્ડથી ઓછી આવક મેળવતા હોય કે જેઓ સ્નાતક થયા પછી કોઈ પણ કારણે નોકરી ન કરતા હોય તેમણે તો લોનની ચુકવણી કરવાની રહેશે જ નહિ. સમિતિના રિપોર્ટ માટે જુઓ Securing a Sustainable Future for Highter Education- An Independent Review of Higher Education Funding & Student Finance. www.independent.gov.uk/browne report

•

# દસ મુદ્દાના વનબંધુ કલ્યાણ કાર્યક્રમ દ્વારા આદિવાસી વિકાસ- એક મૂલ્યાંકન અભ્યાસ

– ડૉ. ધનજી બી. પટેલ

**પ્રસ્તાવના**

ગુજરાત રાજ્ય દેશમાં ૧૪.૬૯ ટકા આદિવાસી વસતી ધરાવતું રાજ્ય છે. રાજ્યની આદિવાસી વસતી મુખ્યત્વે પૂર્વપટ્ટીના મુખ્ય ૧૨ જિલ્લાઓમાં વસવાટ કરે છે. રાજ્યમાં ૨૫ કરતાં વધારે જુદી જુદી આદિવાસી સમુદાયો છે. તેમાં પાંચ અતિ પછાત આદિવાસી સમુદાયો પણ છે અને તેઓ રાજ્યની ૧૮ ટકા ભૌગોલિક વિસ્તારમાં નિવાસ કરે છે. જે મોટે ભાગે ડુંગર અને જંગલો છે. ૩૮ ટકાથી વધુ ગુજરાતના આદિવાસી સમુદાય ગરીબીરેખા હેઠળ જીવે છે.

આદિવાસી સમુદાયનું જીવન ધોરણ સુધારવા માટે ભારતના બંધારણે અનેક જોગવાઈઓ કરી છે. જેના આધારે તેને સરકારી નોકરીઓ, શૈક્ષણિક સંસ્થાઓ તેમજ રાજકીય તંત્રમાં પણ અનામતનો લાભ મળ્યો છે અને ૧૯૭૪માં ટ્રાઈબલ સબ પ્લાનના માધ્યમથી કેન્દ્ર તેમજ રાજ્ય સરકારે નાણાકીય જોગવાઈઓ કરીને સંકલિત આદિજાતિ વિકાસ પ્રયોજનાની રચના દ્વારા તેમના સર્વાંગી વિકાસનાં કાર્યો શરૂ કરવામાં આવી રહ્યાં છે. તે કાર્યને વધુ વેગ આપવા માટે જુદી જુદી પંચવર્ષીય યોજનાના માધ્યમથી તેમનો વિકાસ સતત ચાલતો રહ્યો છે.

આદિવાસી સમુદાયના આર્થિક, સામાજિક અને શૈક્ષણિક વિકાસને વધુ વેગવાન બનાવવા માટે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીએ ૨૦૦૭માં દસ મુદ્દાના કાર્યક્રમ અંતર્ગત આદિવાસી સમુદાયના સર્વાંગી વિકાસ માટે ૧૫૦૦ કરોડ રૂપિયાની વનબંધુ કલ્યાણ યોજના જાહેર કરી. તેનું આદિવાસી વિકાસ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા અમલીકરણ થઈ રહ્યું છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય પાંચ લાખ આદિવાસી કુટુંબોને રોજગારી આપવાની સાથે સાથે પાંચ વર્ષના ગાળામાં તેમની આવક બમણી કરવાની છે. આ કાર્યક્રમને સફળ રીતે અમલીકરણ કરવા માટે પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપ દ્વારા આદિવાસી સમુદાયનો સર્વાંગી વિકાસ કરવાનો છે. આ કાર્યક્રમના મુખ્ય દસ મુદ્દા જેવા કે - ૧. રોજગારલક્ષી કાર્યક્રમો, ૨. આદિવાસી વિસ્તારનો આર્થિક વિકાસ, ૩. ગુણવત્તા સભર શિક્ષણ તેમજ ઉચ્ચ શિક્ષણ, ૪. આરોગ્ય અને પોષણ આહાર સેવાઓ, ૫. સૌના માટે ઘર, ૬. પીવાનું સ્વચ્છ પાણી, ૭. ખેતી માટે સિંચાઈ, સુધારેલ બિયારણ યોજના, ૮. આદિવાસી વિસ્તારોમાં વીજળીકરણ, ૯. બારમાસી રસ્તાઓ અને ૧૦. શહેરી વિકાસ.

આ દસ મુદ્દાના વનબંધુ કલ્યાણના કાર્યક્રમને વિશ્લેષણની સુવિધા માટે ત્રણ ભાગમાં વહેંચવામાં આવ્યા છે. તેમાં ૧. કુટુંબલક્ષી આર્થિક વિકાસ કાર્યક્રમ, ૨. સમાજસેવાના કાર્યક્રમો અને ૩. સામુદાયિક આધારિત કાર્યક્રમો.

વનબંધુ કલ્યાણ કાર્યક્રમનો છેલ્લા ચાર વર્ષથી આદિવાસી વિસ્તારોમાં અમલ કરવામાં આવ્યો છે. સંશોધનકર્તાએ આ કાર્યક્રમોના મૂલ્યાંકન નીચે જણાવેલ હેતુઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું છેઃ

**અભ્યાસના હેતુઓ**

આ મૂલ્યાંકન અભ્યાસનો મુખ્ય હેતુ વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત નીતિઓ અને કાર્યક્રમોના અમલીકરણથી આદિવાસી સમુદાયોની જીવનની ગુણવત્તામાં સુધાર થયો તે જાણવાનો છે. આ હેતુને પરિપૂર્ણ કરવા માટે નીચેના બીજા હેતુઓને ધ્યાનમાં રાખીને અભ્યાસ કરવામાં આવ્યો છેઃ

૧. વનબંધુ કલ્યાણ યોજનાના જુદા જુદા વિકાસલક્ષી કાર્યક્રમોના અમલીકરણમાં કેવા પ્રકારની અડચણો તેમજ અંતર છે તેને શોધવાનો છે.

૨. આ કાર્યક્રમોના સફળ અમલીકરણથી આદિવાસી સમુદાયોની સંતુષ્ટિ જાણીને કાર્યક્રમને સફળ બનાવવા સૂચન આપવાના છે.

### અભ્યાસની પદ્ધતિઓ

આ અભ્યાસના ઉદ્દેશોને ધ્યાનમાં રાખી અભ્યાસ અંગેની માહિતી એકત્ર કરવા માટે ગુણાત્મક અને સંખ્યાત્મક પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

આદિવાસી સમુદાયો ગુજરાત રાજ્યના અલગ અલગ વિસ્તારમાં વસવાટ કરે છે અને તેઓ એકબીજાથી ભિન્ન છે તેથી સંખ્યાત્મક સર્વેક્ષણ માટે યોગ્ય પ્રતિનિધિત્વ પૂર્ણ કરવા નમૂના પસંદ કરવા જરૂરી હતા અને ગુણાત્મક અભ્યાસ માટે અવલોકનની સાથે જૂથચર્ચા પણ પસંદ કરેલા ગામમાં કરવામાં આવી હતી.

**૧. સંખ્યાત્મક સર્વેક્ષણ પદ્ધતિઃ**

સર્વેક્ષણ માટે પ્રતિનિધિત્વ પૂર્ણ નમૂના પસંદગીમાં મલ્ટીસ્ટેજ રેન્ડમ સેમ્પલીંગ ટેકનિક અપનાવવામાં આવી હતી અને તેમાં પણ ગુજરાત રાજ્યના ભૌગોલિક વિસ્તાર, નાના મોટા ગામોને ધ્યાનમાં રાખી જુદા જુદા નમુના પસંદ કરવામાં આવ્યા હતા.

**મલ્ટીસ્ટેજ રેન્ડમ સેમ્પલિંગઃ** વનબંધુ કલ્યાણ યોજના હેઠળ જુદા જુદા આદિવાસી વિકાસ કાર્યક્રમોના લાભાર્થીઓના નમૂના ચાર તબક્કામાં મલ્ટીસ્ટેજ રેન્ડમ સેમ્પલીંગ ટેકનિકનો ઉપયોગ દ્વારા પસંદ કરવામાં આવ્યા હતા.

પ્રથમ તબક્કામાં ગુજરાત રાજ્યના ૧૨ જિલ્લાઓને મુખ્ય ત્રણ ભાગોમાં વહેંચવામાં આવ્યા કે જેમાં ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા અને સાબરકાંઠા, મધ્ય ગુજરાતમાં ભરૂચ, દાહોદ, પંચમહાલ, નર્મદા અને વડોદરા અને દક્ષિણ ગુજરાતમાં ડાંગ, નવસારી, સુરત, તાપી અને વલસાડ જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. દરેક ભાગમાંથી એક-એક જિલ્લો હેતુને ધ્યાનમાં રાખીને પસંદ કરવામાં આવ્યો હતો, તેવી રીતે ૧૨ જિલ્લામાંથી ૩ જિલ્લાઓ અભ્યાસ માટે પસંદ કરેલા કે જેમાં સાબરકાંઠા, નર્મદા અને તાપી જિલ્લાની પસંદગી કરવામાં આવી હતી.

બીજા તબક્કામાં પસંદ કરેલા જિલ્લામાંથી બે તાલુકા હેતુને ધ્યાનમાં રાખીને, જેમાં વધારેમાં વધારે લાભાર્થીઓએ યોજનાનો લાભ લીધો હોય તેવા તાલુકા પસંદ કરવામાં આવ્યા હતા.

ત્રીજા તબક્કામાં હેતુલક્ષી નિદર્શનને ધ્યાનમાં રાખી એક તાલુકામાંથી ચાર ગામ પસંદ કરવામાં આવ્યા હતા તેવી રીતે ૬ તાલુકામાંથી ૨૪ ગામો અભ્યાસ માટે પસંદ કરવામાં આવ્યા હતા.

ચોથા તબક્કામાં ડેવલપમેન્ટ સર્પોટ એજન્સી ગાંધીનગરના પરામર્શકની સહાયથી જુદી જુદી યોજનાના લાભ લીધેલાં આદિવાસી કુટુંબોની યાદી તાલુકા અને ગામ પ્રમાણે પસંદ કરવામાં આવી હતી, તેવી રીતે ૩ જિલ્લાના ૬ તાલુકાના ૨૪ ગામોમાંથી લાભાર્થીઓની કુલ યાદી ૫૬૫૬ હતી. તેમાંથી અભ્યાસ માટે પોપ્યુલેશન પ્રપોશન ટુ ધી ડેવલપમેન્ટ અને સ્કીલ ડેવલપમેન્ટનો લાભ મેળવેલ કુટુંબોને પસંદ કરવામાં આવ્યાં હતાં. પરંતુ ક્ષેત્રકાર્ય દરમિયાન સંશોધનકર્તાએ ૧૦૮૩ કુટુંબોને આવરી લીધેલો છે. તેની માહિતી કોઠા નં.૧માં આપવામાં આવી છે.

આ કોઠા નં.૧માં જોતાં સનશાઈનજીવીકાના ૮૫૧, IDDP ના ૨૧૧ અને કૌશલ્યવર્ધકના ૩૧ લાભાર્થી ઉત્તરદાતાનો સમાવેશ કરવામાં આવેલ છે. તેમાં જે લાભાર્થીએ એક કરતાં વધુ યોજનાનો લાભ લીધેલ હોય તેમનો પણ એક જ લખતમાં બધી યોજનાની માહિતી એકત્ર કરવામાં આવી છે.

**૨. ગુણાત્મક પદ્ધતિઃ**

આ અભ્યાસ વધુ સારી રીતે થાય તે માટે ગુણાત્મક પદ્ધતિનો ઉપયોગ પણ કરવામાં આવ્યો હતો જેમાં દૃલજ ડાયરી અને તાલુકા દીઠ બે ફોકસ ગ્રુપ (FGD) કરવામાં આવેલ હતા. તેમાં ૧૦થી ૧૨ પુરુષ-સ્ત્રીઓનો સમાવેશ એક ફોકસ ગ્રુપ ડિસ્કશનમાં કરવામાં આવ્યો હતો. તે રીતે કુલ ૧૨ FGD કરવામાં આવી હતી.

### માહિતી એકત્ર કરવા માટેનાં સાધનોઃ

માહિતી એકત્ર કરવા માટે સંશોધનકર્તાએ મુલાકાત અનુસૂચિ બનાવી હતી. તેમાં ક્રમબદ્ધ ખુલ્લા અને બંધ પ્રકારના પ્રશ્નો મૂકવામાં આવેલા હતા. આ અનુસૂચિમાં સામાન્ય માહિતીની સાથે સાથે વનબંધુ કલ્યાણ યોજના

કોઠા નં. ૧ લાભાર્થીની સંખ્યાઃ જિલ્લા, તાલુકા, ગામ અને યોજના પ્રમાણે

| જિલ્લા | તાલુકા | ગામ | સનશાઈન-જીવિકા | | (IDDP) | | કૌશલ્યવર્ધક | | કુલ લાભાર્થી |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | કુલ લાભાર્થી | નમૂનાની સંખ્યા | કુલ લાભાર્થી | નમૂનાની સંખ્યા | કુલ લાભાર્થી | નમૂનાની સંખ્યા | |
| સાબરકાંઠા | ખેડબ્રહ્મા | સેમ્બલીયા | ૧૧૧ | ૩૬ | ૭૦ | ૧૬ | ૩ | ૨ | ૫૪ |
| | | ચંદ્રાણા | ૨૦૯ | ૩૬ | ૧૪૦ | ૧૬ | ૧૪ | ૪ | ૫૬ |
| | | ચાંગોદ | ૨૨૫ | ૩૬ | ૭૯ | ૧૬ | ૨ | ૧ | ૫૩ |
| | | નવા મોટા | ૧૭૭ | ૩૬ | ૩૯ | ૧૫ | ૧૮ | ૪ | ૫૫ |
| | | **કુલ** | **૭૫૨** | **૧૪૪** | **૩૨૮** | **૬૩** | **૩૭** | **૧૧** | **૨૦૮** |
| | ભિલોડા | ધંધાસણ | ૧૨૬ | ૨૧ | ૧૦૬ | ૧૫ | - | - | ૩૬ |
| | | ચિતરીયા | ૧૦૪ | ૨૧ | - | - | ૨૨ | ૬ | ૨૭ |
| | | પાંચમહુડી | ૯૯ | ૨૦ | ૫૦ | ૧૫ | ૫ | ૨ | ૩૭ |
| | | કિશનગઢ | ૧૦૭ | ૨૧ | - | - | ૨૨ | ૬ | ૨૭ |
| | | **કુલ** | **૪૩૬** | **૮૩** | **૧૫૬** | **૩૦** | **૩૩** | **૧૦** | **૧૨૩** |
| નર્મદા | સાગબારા | પટનામઉ | ૧૨૭ | ૧૭ | ૬૮ | ૧૩ | - | - | ૩૦ |
| | | મહુપાડા | ૭૬ | ૧૬ | ૩૨ | ૧૩ | - | - | ૨૯ |
| | | ખૈરપાડા | ૯૬ | ૧૬ | ૧૦૭ | ૧૩ | ૪ | ૧ | ૩૦ |
| | | પાટી | ૪૧ | ૧૬ | ૬૩ | ૧૩ | - | - | ૪૧ |
| | | **કુલ** | **૩૪૦** | **૬૫** | **૨૭૦** | **૫૨** | **૪** | **૧** | **૧૧૮** |
| | ડેડિયાપાડા | તલીપાડા | ૪૩ | ૨૮ | ૫૨ | ૧૩ | - | - | ૪૧ |
| | | આંબાવાડી | ૨૨૭ | ૨૮ | ૧૩૯ | ૧૪ | ૫ | ૧ | ૪૩ |
| | | ઉમરાણ | ૧૧૩ | ૨૮ | ૪૫ | ૧૩ | ૭ | ૨ | ૪૩ |
| | | મંડાલા | ૨૦૪ | ૨૮ | ૪૮ | ૧૪ | ૨ | ૧ | ૪૩ |
| | | **કુલ** | **૫૮૭** | **૧૧૨** | **૨૮૪** | **૫૪** | **૧૪** | **૪** | **૧૭૦** |
| તાપી | ઉચ્છલ | નારણપરા | ૧૭૫ | ૪૮ | ૨૮ | ૩ | - | - | ૫૧ |
| | | ભીટબુદરાગ | ૨૬૫ | ૪૮ | ૧૩ | ૩ | - | - | ૫૧ |
| | | ગવાણ | ૧૮૨ | ૪૮ | ૧૫ | ૩ | - | - | ૫૧ |
| | | ભાડભૂજા-જુની કાંચલી | ૩૯૦ | ૪૮ | ૫ | ૩ | - | - | ૫૧ |
| | | **કુલ** | **૧૦૧૨** | **૧૯૩** | **૬૧** | **૧૨** | - | - | **૨૦૪** |
| | નિઝર | રાયગઢ | ૫૩૭ | ૬૪ | - | - | ૨ | ૧ | ૬૫ |
| | | લક્ષ્મીખેડા | ૪૦૪ | ૬૪ | - | - | ૧૨ | ૩ | ૬૭ |
| | | ખોડદા | ૧૯૬ | ૬૩ | - | - | - | - | ૬૩ |
| | | ભીલજાંબોલી | ૧૯૩ | ૬૩ | - | - | ૪ | ૧ | ૬૪ |
| | | કુલ | ૧૩૩૦ | ૨૫૪ | - | - | ૧૮ | ૫ | ૨૫૯ |
| કુલ | ૦૬ | ૨૫ | ૪૪૫૭ | ૮૫૧ | ૧૦૯૯ | ૨૧૧ | ૧૦૦ | ૩૧ | ૧૦૮૩ |

હેઠળના જુદા જુદા કાર્યક્રમો અંગેના પ્રશ્નો મૂકવામાં આવ્યા હતા. આ અનુસૂચિનું અંતિમ સ્વરૂપ ડિ-સેગના અધિકારીઓ, નિષ્ણાતો તેમજ આદિવાસી વિસ્તારના અમુક કુટુંબો પાસેથી અનુસૂચિ દ્વારા માહિતી મેળવીને અનાવ્યસક પ્રશ્નો કાઢી તેમના સૂચનો ઉમેરી અનુસૂચિને આખરી સ્વરૂપ આપવામાં આવ્યું હતું. તે જ પ્રમાણે FGD પત્રકની અને ગ્રામ પ્રોફાઈલ તૈયાર કરવામાં આવ્યા હતા.

**ડેટા એન્ટ્રી અને વિશ્લેષણઃ**

આ અભ્યાસનું સર્વેક્ષણ પૂર્ણ થયા પછી ભરેલી અનુસૂચિનું ચેકીંગ કરી ડેટાનું કોડિંગ અને ડેટા એન્ટ્રી કરવામાં આવી. ડેટાએન્ટ્રી માટે એક સોફ્ટવેર ડેવલપ કરવામાં આવ્યું હતું. તેનામાં લોજીકલ ચેક અને રેન્જ એરર મૂકવામાં આવી હતી. તેનાથી ફોર્મમાં કોઈ પણ પ્રકારની ડેટા એરર પકડી શકાય અને તે એરર દૂર કરવાનો પ્રયત્ન કરવામાં આવતો હતો. ડેટા એન્ટ્રી અને ડેટા વેરીફીકેશન થયા પછી તાલુકા અને જુદા જુદા યોજનાકીય કાર્યક્રમનું યુનિવેરીયેટ એનાલીલીસ કરવામાં આવ્યું હતું. આ જ રીતે FGD નું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.

**અભ્યાસનું સમાજશાસ્ત્રીય મહત્ત્વઃ**

વનબંધુ કલ્યાણ યોજનાના મૂલ્યાંકન અભ્યાસ સમાજશાસ્ત્રના શૈક્ષણિક ક્ષેત્રમાં પરિણામો પૂરાં પાડશે. ખાસ કરીને આદિવાસી સમાજમાં સામાજિક ગતિશાસ્ત્ર વધુ ઝડપી બન્યું છે. કોઈ પણ સમાજનો વિકાસ કરવા માટે તેનો આર્થિક વિકાસ કરવો હોય તો સરકારી યોજનાઓનો લાભ છેવાડાના માણસ સુધી પહોંચવો જરૂરી છે. આ વિષયમાં આદિવાસી સમાજનું સામાજિક, આર્થિક અને રાજનીતિક મહત્ત્વ રહેલું છે. સરકારે આદિવાસી સમુદાય માટે નીતિ ઘડવામાં આ અભ્યાસ મહત્ત્વનો બની રહેશે. બીજું કે બ્રિટિશ શાસનમાં પણ આદિવાસી વિકાસને નજર અંદાજ કરવામાં આવેલ. આદિવાસી વિકાસનાં કાર્યો નહિવત્ પ્રમાણમાં કરેલાં અને તે જોતાં આજ દિન સુધી આદિવાસી સમાજ પછાત રહ્યો છે. તેમનું પછાતપણું દૂર કરવા માટે વનબંધુ કલ્યાણ યોજના અમલમાં મૂકવામાં આવી. આ સામાજિક, આર્થિક યોજનાઓ અને સેવાઓના માધ્યમથી તેમનો સામજિક વિકાસ અને સામાજિક પરિવર્તન કેટલું થયું છે તે એક સમાજશાસ્ત્રીય તરીકે જાણવાનું મહત્ત્વનું હતું.

**અભ્યાસનાં મુખ્ય તારણોઃ**

અભ્યાસના આધારે સંશોધનકર્તાએ નીચે જણાવેલ મુખ્ય તારણો તારવેલાં છેઃ

**લાભાર્થીઓની સામાન્ય માહિતીઃ**

અભ્યાસમાં લીધેલ ૧૦૮૩ લાભાર્થીઓમાં મોટાભાગે ૮૧.૬૮ ટકા પુરુષો હતા અને તેમાં ૪૭.૦ ટકા અભણ લાભાાર્થીઓ હતા. તેઓ જુદી જુદી આદિવાસી પેટાજ્ઞાતિ સાથે સંકળાયેલા હતા. મોટા ભાગે ૯૪.૩ ટકા ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા સીમંત અને નાના ખેડૂત હતાં અને ૯૭.૯ ટકા લાભાર્થીઓ બી.પી.એલ. કુટુંબો હતાં અને તેઓના ઘરે વીજળીની વ્યવસ્થા હતી અને તેમના કુટુંબનું સરેરાશ કદ ૬ સભ્યો સુધીનુ હતું અને તેમાં મોટા ભાગે ૯૧.૬ ટકા ઘરમાં સંડાસની વ્યવસ્થા ન હતી. પીવાના પાણીની વ્યવસ્થામાં બે તૃતીયાંશ ભાગના લાભાર્થીઓ કૂવા તેમજ બોરવેલ મારફતે પાણી લાવતા હતા અને ૯૦ ટકા લાભર્થીઓનું રાષ્ટ્રીયકૃત બેંક કે પોસ્ટ ઓફિસમાં પોતાનું ખાતું હતું. આરોગ્યની સારવાર માટે લગભગ અડધાથી વધુ (૫૫ ટકા) સરકારી હોસ્પિટલ અને ૪૫ ટકા ખાનગી દવખાનાનો ઉપયોગ કરતા હતા.

**વનબંધુ કલ્યાણ યોજના અંગેની જણકારીઃ**

લગભગ બધા જ લાભાર્થીઓ (૯૯.૮ ટકા) ને રોજગારલક્ષી કાર્યક્રમોની જાણકારી હતી અને તેટલા જ પ્રમાણમાં આર્થિક વિકાસ કાર્યક્રમોની, બારમાસી રસ્તાઓ, પીવાનું સ્વચ્છ પાણી, વીજળીકરણની જાણકારી હતી અને આ જાણકારી આપનારનાં મુખ્ય સ્રોતો સરપંચ (૭૨.૨ ટકા) અને ગામકાર્યકરો (૬૬.૯ ટકા) હતા.

**વનબંધુ કલ્યાણ યોજનાના લાભાર્થીઓઃ**

૫૦ ટકાથી વધુ ૫૪.૮ ટકા લાભાર્થીઓ સનશાઈન યોજના, ૪૩ ટકા લાભાર્થીઓએ જીવીકા યોજનાનો લાભ મેળવેલ છે અને મોટા ભાગે આ લાભ મેળવનારમાંથી

૮૩.૩ ટકા લાભાર્થીઓએ સુધારેલ બિયારણનો લાભ લીધેલ છે અને ૨૭ ટકા લાભાર્થીઓએ સંકલિત ડેરી વિકાસ યોજનાનો લાભ લીધેલ છે.

**રોજગારલક્ષી કાર્યક્રમના લાભાર્થીઓ:**

ત્રણ ચતુર્થાંશ ભાગના લાભાર્થીઓ ખેતી વિકાસ અંગે સુધારેલા બિયારણનો ઉપયોગ કરીને રોકડિયા પાક પ્રાપ્ત કરી ચૂક્યા છે અને ૪૦ ટકા લાભાર્થીઓએ સેન્દ્રિય ખેતીનો લાભ લીધેલ છે. તેનાથી ૩૭.૮ ટકા લાભાર્થીઓની આવકમાં સુધારો થયો છે. આ યોજનાનો લાભ મેળવનાર લાભર્થીઓમાં ૬૮.૩ ટકા લાભાર્થીઓ રોકડિયા પાકનો લાભ મેળવીને સંતોષની લાગણી વ્યક્ત કરે છે અને તેઓ માને છે કે રોજગારલક્ષી કાર્યક્રમો ઘણા જ પ્રભાવશાળી રૂપથી અમલીકરણ થયો છે. ૭૦.૭ ટકા નાના અને સીમાંત ખેડૂતોએ પાક વીમાનો લાભ મેળવ્યો છે. તેનાથી તેઓ ખેત ઉત્પાદન અંગે સલામત થયા હતા અને આ યોજનાની મોટી ખામી એ છે કે કુશળતાવર્ધક તાલીમ અંગે યુવાનોને માહિતી મળી નથી અને જે લોકોએ કુશળતાવર્ધક તાલીમ મેળવી છે તેમાંથી મોટા ભાગે બેકાર છે. તેઓને હાલમાં કોઈ રોજગારી મળી નથી.

**આદિવાસી વિસ્તારોનો આર્થિક વિકાસ:**

મોટાભાગે ૮૭.૩ ટકા લાભાર્થીઓ ગ્રામસંરચના (રોડ, બજાર અને વીજળી) ની સુવિધાથી લાભાંકિત થયા છે અને ૬૨ ટકા લાભાર્થીઓને પોતાના ખેત-ઉત્પાદનના માલના વેચાણ માટે યોગ્ય બજાર મળ્યું છે અને ૫૧ ટકા લાભાર્થીઓના ઊંડાણનાં ગામોના જોડાણ શહેરના બજાર સાથે થયાં છે અને બધા જ લાભાર્થીઓ આ યોજનાથી સંતોષની લાગણી વ્યક્ત કરે છે અને ૫૮ ટકા લાભાર્થીઓ માને છે કે આ કાર્યક્રમનું અમલીકરણ પ્રભાવિત તેમજ યોગ્ય રીતે થયું છે. ફક્ત ૧૪.૬ ટકા લાભાર્થી આર્થિક વિકાસના કાર્યક્રમથી અસંતોષની લાગણી અનુભવતા હતા. આ કાર્યક્રમનું યોગ્ય રીતે અમલીકરણ માટેના લાભાર્થીઓનાં સૂચનોમાં આદિવાસી વિસ્તારના લોકોને વધુ જાગૃતિ, કોલ્ડ સ્ટોરેજની સુવિધા તેમજ તેમના માલને ગુણવત્તા સભર માર્કો મળે તેવા વિચારો વ્યક્ત કરે છે.

**ગુણવત્તા સભર શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ:**

ફક્ત ૨૦.૮ ટકા લાભાર્થીઓને ઉચ્ચ શિક્ષણની સુવિધા અંગેની જાણકારી હતી. તેમાંથી ૮૦.૯ ટકા લાભાર્થીઓએ ઉચ્ચ શિક્ષણનો લાભ લીધો છે. ૬૯ ટકા લાભાર્થીઓનાં બાળકો નિવાસી શાળામાં રહેવા, જમવા, ભણવાની સુવિધાઓને બિરદાવે છે અને ૩૮.૩ ટકા લાભાર્થીઓનાં બાળકોમાં આ શૈક્ષણિક સુવિધાઓ દ્વારા આત્મવિશ્વાસની ભાવના તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તૈયાર થયા છે. બેતૃતીયાંશથી વધુ લાભર્થીઓ (૭૮.૧ ટકા) શિક્ષણની આવી યોજનાઓથી સંતોષ અનુભવે છે અને ૮૨.૬ ટકા લાભાર્થીઓ આ યોજનાના યોગ્ય રીતે આદિવાસી વિસ્તારોમાં અમલીકરણ થાય છે તેવો વિચાર વ્યક્ત કર્યો હતો અને ફક્ત ૧૭.૪ ટકા લાભાર્થીઓ આ કાર્યક્રમનો યોગ્ય રીતે અમલીકરણ થતો નથી તેના અનેક કારણો આપે છે. તેમાં મુખ્યત્વે શિક્ષકોની વારંવાર બદલી, શિક્ષકોની ઓછો પગાર ધોરણ અને માતા-પિતાની બાળકોના શિક્ષણ પ્રત્યે અરૂચિ વગેરે કારણોનો સમાવેશ થાય છે.

**આરોગ્ય અને પોષણ સેવાઓનો કાર્યક્રમ:**

સરકાર દ્વારા અપાતા પોષણક્ષમ આહાર અને આરોગ્ય સેવાનો લાભ ૯૯.૨ ટકા લાભાર્થીઓ તથા તેમના કુટુંબીજનોએ મેળવ્યો છે અને ૧૦૮ની ઈમરજન્સી સર્વિસનો લાભ પણ પ્રાપ્ત કર્યો છે. લગભગ ૫૦ ટકા આદિવાસી તેમજ અતિ પછાત આદિવાસીની આરોગ્ય તપાસ આ કાર્યક્રમ હેઠળ કરવામાં આવી છે અને તેટલા જ પ્રમાણમાં (૪૯.૮ ટકા) લાભાર્થીનાં કુટુંબોમાં સગર્ભા અને ધાત્રી માતાઓને આરોગ્યની સેવા મળવાની સાથે સાથે ૪૬.૮ ટકા કુટંબોમાં સંસ્થાકીય સુવાવડનો લાભ મેળવ્યો છે. ૪૪.૮ ટકા લાભાર્થીઓએ પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપથી જુદી જુદી આરોગ્ય સેવાનો લાભ મેળવ્યો છે. તેઓ આ સેવાઓથી સંતુષ્ટ વ્યક્ત કરે છે તેમજ તેમના કુટુંબની આરોગ્ય સ્થિતિમાં સુધાર થયો છે તેવા વિચાર વ્યક્ત કરે છે. દસમાંથી આઠ લાભાર્થીઓ (૮૨.૮ ટકા) આરોગ્ય અને પોષણક્ષમ આહાર સેવાઓ તેમના વિસ્તારમાં પ્રભાવશાળી રીતે ચાલે છે અને તેને વધુ

સફળ બનાવવાનાં સૂચનોમાં ઉપલબ્ધ આરોગ્ય સેવા પ્રત્યે જાગૃતિ અને ૭૦.૫ ટકા લાભાર્થીઓ યુવાન માતાઓને સંસ્થાગત સુવાવડ સેવાઓને પ્રેરિત કરવી જોઈએ તેમ જણાવે છે.

**સૌના માટે ઘરઃ**

આ યોજનાનો લાભ ૮૯.૯ ટકા લાભાર્થીઓએ મેળવ્યો છે. તેમાં લાભાર્થીએ મોટા ભાગે ઈન્દિરા આવાસ યોજનાનો લાભ મેળવ્યો છે અને આ યોજનાના અમલીકરણ અંગે હકારાત્મક વલણ રાખતા સંતોષ વ્યક્ત કરે છે.

**સ્વચ્છ પીવાનું પાણીઃ**

સમગ્ર લાભાર્થીઓમાં ૮૬.૬ ટકા લાભાર્થીઓને આ યોજનામાં પીવાનું સ્વચ્છ પાણીની વ્યવસ્થામાં હેન્ડપંપ દ્વારા કરવામાં આવી છે અને ૨૬.૪ ટકા લાભાર્થીઓ પાઈપલાઈન દ્વારા પાણી મેળવે છે અને તે બધા આ યોજનાના અમલીકરણથી સંતોષ વ્યક્ત કરે છે. સંતોષ વ્યક્ત કરનાર લાભાર્થીઓમાંથી ૪૪.૪ ટકા લાભાર્થીઓ પાણીનાં સ્રોતોની મરામત માટે સરકારી અધિકારીઓને જવાબદાર માને છે અને ૩૦.૪ ટકા લાભાર્થીઓ જ્યાં પાણીનાં સંગ્રહસ્થળોની માવજતની ઊણપ વ્યક્ત કરે છે. ૫૧.૫ ટકા લાભાર્થીઓના સૂચન મુજબ વરસાદી પાણીના સંગ્રહની વ્યવસ્થા માટે સરકારે પ્રયત્ન કરવા જોઈએ અને ૨૧ ટકા લાભાર્થી આદિવાસી વિસ્તારોમાં નવા બોરવેલની વ્યવસ્થા થવી જોઈએ તેવાં સૂચનો આપે છે.

**ખેતી માટે સિંચાઈ યોજનાઃ**

ફક્ત ૨૧.૫ ટકા આદિવાસી લાભાર્થીઓએ સિંચાઈ યોજનાનો લાભ મેળવેલ છે, જેમાં ૩૭.૫ ટકા એ નવા કૂવા અને જૂના કૂવાની મરામત, કૂવા ઊંડા કરવાનો લાભ મેળવ્યો છે અને ૨૭.૫ ટકા એ ઓઈલ એન્જીનનો લાભ મેળવેલ છે અને જે લાભાર્થીઓએ આ યોજનાનો લાભ લીધેલ છે તે બધા જ સંતોષ વ્યક્ત કરે છે અને ફક્ત ૧૨.૬ ટકા લાભાર્થીઓના સૂચનોમાં ખેડૂત સમુદાયે યોગ્ય રીતે ખેતીમાં પાણીનો ઉપયોગ કરવો જોઈએ પાણીનો બગાડ કરવો જોઈએ નહીં તેવાં સૂચનો આપેલ.

**આદિવાસી વિસ્તારોમાં વીજળીકરણઃ**

લગભગ સમગ્ર આદિવાસી વિસ્તારમાં એટલે કે ૯૮.૫ ટકા લાભાર્થીઓમાં ઘરદીઠ વીજળીકરણની યોજનાનો લાભ મેળવેલ છે અને તેમાં ૮૨.૩ ટકા બી.પી.એલ. કુટુંબો તેમજ અતિ પછાત આદિવાસી સમુદાયને મફતમાં વીજજોડાણનો લાભ મળેલ છે અને ૬૨.૧ ટકા આ યોજનાના લાભથી સંતોષ વ્યક્ત કરે છે. તેમના સૂચનોમાં સિંચાઈ માટે ત્રણ ફેઝની વીજળી રાહત દરે આપવી જોઈએ.

**બારમાસી રસ્તાઓઃ**

લગભગ બધા જ લાભાર્થીઓ (૯૬.૭ ટકા) એ બારમાસી રસ્તાઓની યોજનાનો લાભ લીધો છે અને તેમાં ૮૦.૧ ટકાએ આ લાભના ઉપયોગ આકસ્મિક તબીબી સેવાઓ અને બાળકોના નજીકના શૈક્ષણિક મથમકમાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવા માટે આ યોજનાને બિરદાવે છે અને બધા જ લાભાર્થીઓ સંતોષ વ્યક્ત કરે છે. સૂચનોમાં જે ગામમાં એપ્રોચ રોડ નથી તેને મુખ્ય ધોરી માર્ગથી જોડવાનું સૂચન આપે છે તથા અવાર-નવા રોડના મરામત માટે સૂચન કરે છે.

**શહેરી વિકાસઃ**

આ સંદર્ભમાં કોઈ વિશેષ પ્રગતિ નથી. પરંતુ સસ્તા અનાજની દુકાનો દ્વારા લોકોને જીવન જરૂરિયાતની વસ્તુઓ મળતી થઈ છે અને ૭૯.૨ ટકા લાભાર્થીઓને રાંધણ ગેસનું જોડાણ મળેલ છે અને તે બધા આ સુવિધાઓથી સંતોષ વ્યક્ત કરે છે.

આમ ઉપરોક્ત દસ મુદ્દાના કાર્યક્રમના અમલીકરણથી અને તેના દ્વારા પ્રાપ્ત કરેલા લાભથી લગભગ મોટા ભાગે આર્થિક વિકાસની યોજના, શૈક્ષણિક યોજના, આરોગ્યની યોજના, સૌના માટે ઘરની યોજના, સ્વચ્છ પીવાના પાણીની યોજના, વીજળીકરણની યોજનાથી સંતોષ વ્યક્ત કરે છે અને અસંતોષ વ્યક્ત કરનાર લાભાર્થીઓમાં સિંચાઈની યોજના, બારમાસી રસ્તાઓ અને શહેરી વિકાસ યોજના છે.

**વનબંધુ કલ્યાણ યોજનાથી સામાજિક-આર્થિક જીવનમાં આવેલ પરિવર્તનઃ**

ત્રણ ચતુર્થાંશ ભાગના (૭૫ ટકા) આદિવાસી લાભાર્થીઓના ૫૦ ટકા લાભાર્થીઓની બચત કરવામાં વૃદ્ધિ થઈ છે અને ૨૦ ટકા લાભાર્થીઓ તેમનું દેવું ચૂકવી શક્યા છે તેમજ દેવામાં ઘટાડો થયો છે અને મોટા ભાગે લાભાર્થીઓ આ વનબંધુ કલ્યાણની યોજનાથી સંતોષ વ્યક્ત કરે છે.

**ભલામણોઃ**

આ અભ્યાસના આધારે સંશોધનકર્તાએ આ યોજનાને વધુ સફળ અને પ્રભાવશાળી બનાવવા માટે નીચેની ભલામણો કરે છેઃ

- મોટા ભાગે વનબંધુ કલ્યાણ યોજનાના પ્રચાર-પ્રસારના કારણે આદિવાસી સમુદાયના લોકો જુદી જુદી યોજનાથી જાણકાર છે છતાં અમુક યોજના અંગે વિશેષતઃ ઊંડાણનાં ગામોમાં જાણકારીના અભાવના કારણે લાભ મેળવી શક્યા નથી તેથી યોજના અંગેની જાગૃતિ માટે સઘન પ્રચાર-પ્રસારની વ્યવસ્થા કરવી જોઈએ.
- વનબંધુ કલ્યાણ યોજના પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ (PPP) અન્વયે અમલ થયો છે. છતાં સંશોધનકર્તા ક્ષેત્રકર્યના અવલોકન અનુસાર વધારે પ્રમાણમાં ઔદ્યોગિક સંસ્થાન, બેંકો અને વાણિજ્યિક પેઢીઓ આ કાર્યક્રમને સમર્થન કરવામાં પીછેહઠ ધરાવે છે તો સરકારશ્રીએ સમર્થન બૃહદ્ આદિવાસી સમુદાયને યોજનાનો લાભ અપાવવા માટે આ સંસ્થાઓનો સહકાર મેળવવા માટે પ્રયત્ન કરવા જોઈએ કે જેથી તેઓ પણ આ સમુદયો પ્રત્યે તેમની સામાજિક જવાબદારી સમજી સાધનોની વ્યવસ્થા કરી આદિવાસી સમુદાયના વિકાસ માટે પ્રયત્નશીલ થાય.
- જે સ્વૈચ્છિક સંસ્થાઓ આ વિસ્તારોમાં કામ કરે છે તેમને બિરદાવવી જોઈએ, સરકારે આદિવાસી સમુદાયની સમસ્યાઓને એક રાજકીય દૃષ્ટિથી ના જોઈ તે લોકો હકીકતમાં પછાત છે તેમ સમજી વિકાસ માટે સ્વૈચ્છિક સંસ્થાઓને વધુમાં વધુ પ્રોત્સાહિત કરવી જોઈએ.

•

## સંદર્ભ ગ્રંથો


૧. ગુજરાત સરકાર (૨૦૧૧) ચાઈલ્ડ - ફ્રેન્ડલી એજ્યુકેશન ફોર ટ્રાઈબલ સ્ટુડન્ટસ, ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઑફ ગુજરાત, ડિપાર્ટમેન્ટ ઑફ ટ્રાયબલ ડેવલપમેન્ટ ગાંધીનગર, ભારત.

૨. ગુજરાત સરકાર (૨૦૧૧) ક્રીએટીંગ સસ્ટેનેબલ ટ્રાયબલ લાઈવલીહૂડ થ્રુ ડેરી, ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઑફ ગુજરાત, ડિપાર્ટમેન્ટ ઑફ ટ્રાયબલ ડેવલપમેન્ટ ગાંધીનગર, ભારત.

૩. ગુજરાત સરકાર (૨૦૧૧) ઈન્ટીગ્રેટેડ વાડી એન્ડ એગ્રીકલ્ચરલ ડાઈવરસીફીકેશન પ્રોજેક્ટ, ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઑફ ગુજરાત, ડિપાર્ટમેન્ટ ઑફ ટ્રાયબલ ડેવલપમેન્ટ ગાંધીનગર, ભારત.

૪. ગુજરાત સરકાર (૨૦૧૧)સ્ટોલ ડેવલપમેન્ટ ટ્રેઈનીંગ ઑફ ટ્રાયબલ યુથ, ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઑફ ગુજરાત, ડિપાર્ટમેન્ટ ઑફ ટ્રાયબલ ડેવલપમેન્ટ ગાંધીનગર, ભારત.

૫. ગુજરાત સરકાર (૨૦૧૧) ૫૦૦ ડેઝ ઑફ વનબંધુ કલ્યાણ યોજના, ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઑફ ગુજરાત, ડિપાર્ટમેન્ટ ઑફ ટ્રાયબલ ડેવલપમેન્ટ ગાંધીનગર, ભારત.

# બદલાયેલા સંદર્ભમાં લોકસાહિત્ય

– ડૉ. વિદ્યુત જોષી

આજકાલ 'લોકસાહિત્યના ડાયરા' પ્રખ્યાત થતા જાય છે. આનો સ્પષ્ટ ઉદ્દેશ લોકસાહિત્યનાં વિવિધ સ્વરૂપોનો ઉપયોગ મનોરંજન માટે કરવાનો છે. આમ થાય અને તેમાં જોડાયેલા કાલાકારો-આયોજકો કમાય તેમાં કાંઈ ખોટું નથી. આ દ્વારા લોકસાહિત્ય પણ જળવાઈ રહે છે, પરંતુ આમ થવાથી લોકસાહિત્યનો વિકાસ થઈ રહ્યો છે કે નવું લોકસાહિત્ય ઉદ્ભવી રહ્યું છે તેમ કહેવું ભૂલભરેલું છે. લોકસાહિત્યના કાર્યક્રમોનું મંચન અને લોકસાહિત્યનો વિકાસ આ બંને અલગ બાબતો છે. વળી ગામડાંનો માહોલ બનાવીને, ગામડાનો પોષાક પહેરેલ ગાયક આધુનિક વાજિંત્રો સાથે ગીત ગાય તે સાંભળવું ગમે, પરંતુ તેથી તે ગીત લોકગીત બની જતું નથી. લોકસાહિત્ય એ સ્પષ્ટપણે લોકસમાજનું સાહિત્ય છે અને આજનું ગુજરાત એ લોકસમાજ (folk society) નથી. અહીં લોકસાહિત્યનો પ્રવર્તમાન સામાજિક સંદર્ભો સાથેનો સંબંધ સમજવાનો પ્રયાસ થયો છે.

**લોકસમાજના સંદર્ભોઃ** લોકસાહિત્ય (folk literature) એ લોકવિદ્યા (folklore)નો એક ભાગ છે. કેટલાક વિદ્વાનો તો લોકવિદ્યા અને લોકસાહિત્યને અલગ ગણતા જ નથી. પરંતુ અત્યારે તો એટલું સ્પષ્ટ કરવું જરૂરી છે કે લોકસાહિત્ય અને લોકવિદ્યા એ લોકસમાજમાંથી ઉત્પન્ન થાય છે અને એ માત્ર આનંદ આપવાની ભૂમિકા ભજવતું નથી, પરંતુ લોકસમાજના જીવનને ટકાવી રાખવામાં કે તેના અસ્તિત્વના પ્રશ્નો હલ કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આમ હોવાથી લોકસમાજમાં અને અનુલોકસમાજમાં લોકસાહિત્યને અલગ રીતે જોવાય છે. લોકસમાજના ભાગ તરીકે લોકસાહિત્યને સમજવા માટે પ્રથમ તો ગુજરાતના લોકસમાજને સમજવો જરૂરી છે.

ન્યુ એન્સાયક્લોપિડીયા ઓફ બ્રીટાનિકા (ગ્રંથ-૪, પા. ૨૧૧-૧૨) લોકસમાજની વિભાવના સ્પષ્ટ કરતાં જણાવે છે કે લોકસમાજ એ એવા સમાજનું એવું એક આદર્શ સ્વરૂપ (ideal type) છે જે ધાર્મિક, રાજકીય અને નૈતિક રીતે સંપૂર્ણ જોડાયેલો (cohesive) છે. આમ હોવાનું કારણ ઓછી સંખ્યા, અન્ય સમાજોથી અલગતા અને આંતરક્રિયાનો અભાવ, જગતનાં અનુભવોનું ધાર્મિક અર્થઘટન (ધર્મની આંખે જોવાની રીત) તથા તે સમાજના સભ્યોના સમાન પ્રકારના અનુભવોમાં રહેલું છે. લોકસમાજ એ સામાન્ય રીતે પૂર્વશાળેય સમાજ અથવા આદિમ સમાજના સ્વરૂપે માનવશાસ્ત્રીઓ દ્વારા જોવામાં આવે છે. રોબર્ટ રેડફીલ્ડ નામના અમેરિકન માનવશાસ્ત્રીએ લોકસમાજમાં એવા કૃષકસમાજને પણ સામેલ કર્યો જે થોડેક અંશે શહેર અને બજારના અર્થકારણ પર પણ આધારીત હોય છે. આવા લોકસમાજોમાં વિજ્ઞાનનો ઉદ્ભવ ન થયો હોવાથી, ધર્મ દ્વારા અધિકૃત કરાયેલાં જ્ઞાન પર સમાજનો વ્યવહાર ચાલે છે. આ સમાજમાં જ્ઞાનનું શિક્ષણ ધર્મના શિક્ષણનો ભાગ હોય છે, તેથી ધર્મથી અલગ શિક્ષણ વ્યવસ્થાનો ઉદ્ભવ થયો હોતો નથી. આવા સમાજોમાં સંબંધોની પ્રાથમિકતા હોય છે, આર્થિક હિતોની નહિ. આધુનિક સ્વરૂપની બજાર વ્યવસ્થા અને ઉત્પાદન વ્યવસ્થા એ લોકસમાજનો ભાગ નથી.

અહીં મહદ્ અંશે ગુજરાતના લોકસાહિત્યની વાત અનુલોકસમાજના સંદર્ભમાં કરવી છે. ગુજરાત હાલમાં અનુલોકસમાજ છે. ત્યારે બજારમાં ખૂબ ગવાતું અને વખણાતું લોકસાહિત્ય નવા સંદર્ભોમાં કઈ રીતે સમજવું તેની આ વાત છે. લોકસાહિત્યની ચર્ચામાં જરૂર જણાય ત્યાં લોકવિદ્યાની વાતને વણી લીધી છે.

પ્રથમ લોકસાહિત્યની વિભાવના સ્પષ્ટ કરીએઃ

**લોકવિદ્યા (Folklore):** લોકસાહિત્ય વિશે પદ્ધતિસર શાસ્ત્રીય વિચાર થયો 'ફોકલોર'ને અનુષંગે. ફોકલોરની વિભાવના પ્રમાણમાં નવી, હજી થતી આવતી માંડ દોઢસો વર્ષની ગણાય. 'ફોકલોર' માટે ગુજરાતીમાં 'લોકવિદ્યા' અને 'લોકશાસ્ત્ર' શબ્દો વપરાયા છે. હિંદીમાં 'લોકવાર્તા' શબ્દ પ્રયોજાય છે. કૃષ્ણદેવ ઉપાધ્યાય

'લોકસંસ્કૃતિ' શબ્દના પક્ષધર છે. લોકવિદ્યાનું ક્ષેત્ર એટલું વ્યાપક છે જેટલું લોકનું જીવન છે. લોકવિદ્યાનો અર્થ ઘણો વિશાળ છે. લોકમાં વસનાર જન, જનની ભૂમિ અને ભૌતિક જીવન તથા તેની સંસ્કૃતિ-આ ત્રણેય ક્ષેત્રોમાં લોકના સંપૂર્ણ જ્ઞાનનો અંતર્ભાવ થાય છે અને લોકવિદ્યાનો સંબંધ પણ તે સર્વેની સાથે છે. સંક્ષેપમાં આપણે એમ કહી શકીએ કે લોકવિદ્યા એટલે જે તે લોકોએ પોતાના જીવન માટે જરૂરી એવી, પોતે જ નીપજાવી કાઢેલી વિદ્યા અથવા જ્ઞાન. આ જ્ઞાનનાં ત્રણ સ્વરૂપો છે-કલા, માન્યતા અને વિધિવિધાન (અનુષ્ઠાન).

(૧) કલાના ક્ષેત્રમાં સાહિત્ય, ચિત્રકલા, મૂર્તિકલા, સંગીતકલા, નાટ્યકલા તથા નૃત્યકલાનો સમાવેશ થાય છે. તેમાંથી લોકસાહિત્ય લોકોક્તિ, લોકકવિતા, લોકવાર્તાઓ અને લોકનાટ્યો એમ ચાર પ્રકારોમાં વહેંચાયેલું છે.

(૨) માન્યતાના ક્ષેત્રમાં એ સમસ્ત માન્યતાઓ તથા વિશ્વાસોને ગણાવી શકાય, જે વિભિન્ન જીવો, ધર્મગાથાઓના નાયકો (જેવા કે ઇંદ્ર, અગ્નિ, બુદ્ધ, તીર્થંકર), ભૂત, ડાકણો વગેરેથી સંબંધિત છે. આ લોક અને પરલોક બંનેની માન્યતામાં આવી જાય.

(૩) વિધિ-વિધાનના ક્ષેત્રમાં એવા કાર્યકલાપો આવે છે કે જે આ વિશ્વાસોને કારણે વિભિન્ન અવસરો પર અનિષ્ટના નિવારણ માટે તથા ઇષ્ટની સિદ્ધિ કરવા માટે કરવામાં આવે છે. જાદુ, વિધિ, રિવાજો, પૂજાઓ વગેરેનો સમાવેશ આમાં થાય છે.

આ લોકવિદ્યા લોકસમાજના જીવનનું અવિભાજ્ય અંગ છે. આપણે મન જે ડાયરામાં સાંભળવાની અને મનોરંજન માટેની લોકવાર્તા છે તે લોકસમાજ માટે ડહાપણની જીવનોપયોગી વાતો છે. આપણે મન જે જાદુ કે અંધવિશ્વાસ છે તે લોકસમાજ માટેનાં વિજ્ઞાન અને ટેક્નોલોજી છે. આપણે મન જે 'ખાલી કર્મકાંડ' છે તે લોકસમાજને માટે કાર્યકારણ સંબંધવાળો ઘટનાક્રમ છે.

આ છે 'લોકવિદ્યા'. લોકોએ પોતાના જીવનવ્યવહાર માટે કરેલી શબ્દ વ્યવસ્થા. વ્યવસ્થા બાદનો ઉપયોગ સહેતુક છે. પ્રત્યેક કંઠસ્થ સંસ્કૃતિવાળા સમાજ આગળ આવી શબ્દ વ્યવસ્થા હોય છે-જે એની આગવી હોય છે. લોકસાહિત્ય જેનો અનિવાર્ય હિસ્સો છે તેવી લોકવિદ્યાનાં કેટલાંક લક્ષણો જોઈએ.

**લોકવિદ્યાનાં લક્ષણો**

(૧) **સ્વયંકેન્દ્રી જ્ઞાનવ્યવસ્થાઃ** આ જ્ઞાન અથવા વિદ્યા જે તે લોકસમાજને ખપમાં આવે તે પૂરતું જ સર્જાયું હોય છે. એ લોકસમાજની સરહદ બહાર અન્ય સમાજો માટે આ વિદ્યાનો કોઈ ખપ નથી. આ જ્ઞાન વિજ્ઞાનની જેમ સર્વદેશી નથી બની શકતું. તે આજુબાજુ પ્રસરી શકે, કે તેનાં સ્વરૂપ (Form)નો ઉપયોગ થઈ શકે. પરંતુ તેનો સંદેશ તે સમાજ વિશિષ્ટ છે. એક લોકસમાજ નાગની પૂજા કરે. બીજો લોકસમાજ તેને આહારની સામગ્રી માને એવું બની શકે. એટલે જ્ઞાનનું સ્થાનિકપણું અથવા સ્વયંકેન્દ્રીપણું (એથ્નોસેન્ટ્રીઝમ) એ લોકવિદ્યાના પાયામાં છે. તેથી કરીને જે તે લોકસમાજ તેને પોતાની મૂડી માને છે અને અન્ય સમાજોને તે આપવા સહેલાઈથી સંમત થતો નથી.

(૨) **કર્તા તરીકે સમાજ, વ્યક્તિ નહિઃ** આ લોકવાઙ્મયમાં સમાજ પર ભાર છે. વ્યક્તિ પર નહિ. સમાજ અને એની સંસ્કૃતિ જળવાય એવી એ જીવનવ્યવસ્થા છે, જે તે સંસ્કૃતિનો એક ભાગ છે. એટલે ઘણીબધી ભિન્ન ભિન્ન બાબતોમાં એક જ દૃષ્ટિએ સમાજ ચાલતો લાગશે એક તરાહ પકડીને ચાલતો લાગશે. અહીં વ્યક્તિગત કર્તૃત્વને સ્થાન ન હોવાથી જે તે વાર્તા, ગીત કે અન્ય કૃતિ તેના સર્જક થકી નથી ઓળખાતી.

(૩) **પુનરાવર્તનઃ** લોકવિદ્યાનું સ્વરૂપ મોટે ભાગે મૌખિક પરંપરાવાળું હોવાથી દૃઢીકરણ માટે પુનરાવર્તન જરૂરી બને છે, જેમ કે...

લોકરમતઃ જ્યાંથી આરંભ ત્યાં જ આવવાનું વારંવાર.

લોકસંગીતઃ મુખડું બંધાય તે જળવાય.

લોકગીતઃ ધ્રુવપંક્તિ તો કડીએ કડીએ આવ્યાં જ કરે પણ આંતરે આંતરે પણ ભાવ-સૂર એક સરખાં આવ્યાં કરે. નૃત્ય લો, તો એક જ બિંદુએ નર્તક વારંવાર આવે. કથા લો, તો જગતની ઉત્તમ કથાઓના નાયકો લગભગ

સમાન વ્યવહારવાળા લાગે. નાયક એક સ્થળેથી ઊપડે, ત્યાં પાછો આવે. એક ભાત (Pattern) જળવાતી લાગે. આના અભ્યાસો પણ જોવા જેવા. ગુજરાતની બધી આદિજાતિઓમાં રજપૂત રાજા સામે લડાઈ હાર્યાની કથા લગભગ સમાન. ઘણીખરી વાર્તાઓમાં તો રાજાનું નામ પણ સરખું-પતઈ રાજા. એવું જ રાજસ્થાન અને કચ્છમાં પાબુજીની વાર્તા વિશે છે. સ્થાનિક સ્થિતિ અને કહેનાર મુજબ પાઠફેર થાય. પરંતુ વાર્તાના મુખ્ય મુદ્દા તથા સાર એક રહે.

આ વિદ્યા સમાજની હોવાથી કોઈ એક વ્યક્તિને નામે ચડતી નથી. કદાચ કોઈ ભજન, રાસ કે વાર્તા કોઈ વ્યક્તિએ રચ્યાં હોય તોપણ તેને પોતાના નામે ન ચડાવે.

**(૪) મૌખિક પરંપરાઃ** લોકવિદ્યાની પરંપરા મૌખિક છે. લોકસમાજમાં સાક્ષરતાનો અને લેખનપ્રવૃત્તિનો અભાવ હોવાથી તમામ લોકવિદ્યાઓ પઢી દર પેઢી મૌખિક પરંપરાથી જ આગળ વધે છે. મુખપરંપરાથી ચાલતી વિદ્યા હોવાથી પાઠાંતર થાય તે સ્વાભાવિક છે. અર્થ અને સાર બદલાઈ જાય તેટલી હદે પાઠફેર ન થાય એટલા માટે જ કદાચ લોકવિદ્યાના વિવિધ રૂપો તાલબદ્ધ હોય છે, પુનરુક્તિવાળાં હોય છે. પુનરુક્તિ દઢીકરણમાં મદદરૂપ થાય છે.

**(૫) લોકકૃતિની તરાહઃ** તરાહ-લોકવાર્તા કે લોકગીતને નિશ્ચિત તરાહ હોય છે, જે શિષ્ટ સાહિત્ય કરતાં તેને અલગ પાડે છે. લોકકૃતિમાં ઓછામાં ઓછી છ બાબતો હોય : (૧) પ્રસ્તુતિ, (૨) સંદર્ભ, (૩) વાણીકર્મ, (૪) કથન, (૫) રજૂઆત (વાંચન કે ગાયન) તથા (૬) સંરચના (Structure). પ્રસ્તુતિ એ consumption અથવા વપરાશના અર્થમાં છે. લોકસમાજને અપ્રસ્તુત અથવા ખપમાં ન આવે તેવી વાત લોકવિદ્યા બનતી નથી. જે તે ઘટના, બનાવ વગેરે સાથે તેને સંબંધ હોય છે. વ્યાપક લોકસમાજના ભાગરૂપે જ લોકવિદ્યા ઉદ્‌ભવતી હોવાથી તેને લોકસમાજના સંદર્ભમાં જ જોઈ-સમજી શકાય. વાણી કર્મ એ સંવાદના સ્વરૂપે, વાત માંડવાની અને હોંકારો ભણવાની રીતે થાય છે. લોકવાર્તા કે લોકગીતમાં પ્રેક્ષક નિષ્ક્રિય નથી. સમગ્ર ઘટનાનો ભાગ છે અને પોતાનો પ્રતિભાવ આપે છે. કથનને પોતાનો એક તર્ક હોય છે. શરૂઆત કેમ થાય, વાત આગળ કેમ વધે તથા છેવટે ખાધું-પીધું ને રાજ કર્યું કઈ રીતે આવે તેની એક કથનશૈલી ઊભી થાય છે. લોકવાર્તા, લોકગીત કે લોકનાયકની કથનશૈલી બળુકી તથા આકર્ષક હોય છે. આ બધું મળીને લોકકૃતિનું એક માળખું બને છે. વિશ્લેષણ કરીએ ત્યારે માળખાંના અથવા સંરચનાના વિવિધ ભાગોને વૈચારિક રીતે અલગ કરી તેમના સંબંધો જોઈ શકાય.

લોકસમાજ અને લોકવિદ્યા (folkore)ના અભ્યાસમાં અનેક વિદ્વાનોને અલગ રીતે રસ પડે છે. સાહિત્યશાસ્ત્રી લોકવિદ્યાને સાહિત્યની જેમ અથવા સાહિત્યની શ્રેષ્ઠ કૃતિઓની સામગ્રીના રૂપમાં ગ્રહણ કરે છે. ઇતિહાસજ્ઞ તેનાં ઐતિહાસિક પાત્રો અને ઘટનાઓને લોકદષ્ટિથી અવલોકવાની આધાર સામગ્રી માને છે. માનવશાસ્ત્રી તેને માનવની એવી આત્મકથાના વિવરણના રૂપમાં જુએ છે જેના દ્વારા જિજ્ઞાસુ માનવશાસ્ત્રી-વિજ્ઞાની સંસ્કૃતિનું અધ્યયન કરે છે. મનોવિજ્ઞાન વિશારદ લોકવિદ્યાના અધિકાંશને સામૂહિક સ્વૈર કલ્પનાના રૂપમાં લે છે જેના દ્વારા વૈયક્તિક અને સામાજિક મનોવિજ્ઞાનના વિશ્લેષણ માટે મહત્ત્વપૂર્ણ સંકેત ગ્રહણ કરે છે, જેના ઉપયોગથી શિક્ષણ અને પાઠ્યક્રમને જીવંત અને સમૃદ્ધ બનાવી શકાય છે. સમાજશાસ્ત્રી તેને લોકસમાજના અવશેષ સ્વરૂપે જુએ છે.

આ બધામાંથી આપણે માત્ર લોકસાહિત્યની વાત કરીએ. પરંતુ આ વાત કરતાં લોકસમાજ અને લોકવિદ્યાનો સંદર્ભ સતત યાદ રહેવો જોઈએ. લોકસાહિત્ય એટલે લોક (Folk) દ્વારા (એક સર્જક દ્વારા નહિ), લોકોપયોગ માટે રચાયેલું સાહિત્ય. લોકવિદ્યાના ભાગરૂપે લોકસાહિત્યનો અભ્યાસ કરવાની પરંપરા યુરોપમાં માનવશાસ્ત્ર અને ખાસ કરીને સાંસ્કૃતિક માનવશાસ્ત્ર દ્વારા શરૂ થયેલી. બિનલોક (Non-Folk)નું લોકગીત એ ફોકસોંગ (Folk song)નું તેમ લોકસાહિત્ય એ ફોક લીટરેચર (Folk literature)નું ભાષાંતર છે.

હવે સમગ્ર લોકવિદ્યાની વાત કરવી જોઈએ કે માત્ર લોકસાહિત્યની તે ચર્ચાનો વિષય છે. લોકસમાજ માટે લોકસાહિત્ય અને લોકવિદ્યા અલગ નથી. તેને સાથે જ સમજી શકાય. પરંતુ બિનલોકસમાજને લોકસાહિત્યમાં મનોરંજનના એક સાધન તરીકે રસ પડે છે તેમ છતાં વર્તમાન સમયમાં અને સાહિત્ય તથા સમાજનાં સંબંધોના ફલકમાં આ ચર્ચા ચાલતી હોઈ આપણે માત્ર લોકસાહિત્યની વાત કરીશું.

**ગુજરાત અને લોકસમાજ**

ગુજરાતના લોકસમાજના સંદર્ભોને સમજવા માટે સ્વાતંત્ર્ય પૂર્વેના ગુજરાતને ત્રણ ભૂ-સાંસ્કૃતિક વિભાગોમાં જોવું જરૂરી છેઃ (૧) તળ ગુજરાત (૨) આદિવાસી પટ્ટી અને (૩) સૌરાષ્ટ્ર અને કચ્છ.

**(૧) તળ ગુજરાતઃ** આ વિભાવનાને જો ગુજરાતના સંદર્ભમાં જોઈએ તો અંગ્રેજોના આગમન પછી ધર્મથી સ્વતંત્ર શિક્ષણ વ્યવસ્થાની સ્થાપના થઈ. તેવી જ રીતે ધર્મથી સ્વતંત્ર એવી કાયદા-કાનૂન વ્યવસ્થા, વહીવટી તંત્ર વગેરેની પણ સ્થાપના થઈ. આમ છતાં અત્યાર સુધી, એટલે કે બ્રિટિશ કાળ સુધી ગુજરાતનો સમાજ એ લોકસમાજ હતો તેવું પ્રાથમિક રીતે માની શકાય. પરંતુ આ અર્થઘટન તળ ગુજરાત માટે સાચું ઠરતું નથી. કારણ કે આ સમાજ આદર્શ પુરુષવાળા લોકસમાજ જેવો બંધિયાર અને અલગ નહોતો. ગુજરાતના વ્યાપારીઓનો વેપાર સમુદ્ર માર્ગે અન્ય દેશો સાથે ચાલતો હતો. મધ્ય ગુજરાતનો ઘણો ભાગ લાંબો સમય દિલ્હીના સુલતાનો તળે હતો. તેમણે અહીં રૈયતવારી જમીન પ્રથા દાખલ કરી હતી. ખેડૂત સ્વતંત્ર માલિક હતો. આથી તળ ગુજરાત કૃષક (પીઝન્ટ) સમાજ નહોતો. ખેડૂત ખેતમાલિક હતો અને કૃષિ ઉત્પાદનનું બજાર પણ હતું. આ સમાજ જ્ઞાતિઓમાં વિભાજિત હતો, સમરૂપ ન હતો. અહીં સંસ્કૃતનાં પ્રકાંડ પંડિતો હતા તેમજ વહાણો અને પોઠી દેશના પ્રવાસો ખેડે તેવા મોટા વેપારીઓ પણ હતા. અહીં શહેરો પણ હતાં અને મહાજન પરંપરા પણ હતી, જે આર્થિક હિતો પર આધારિત હતી, સંબંધો પર નહિ. અલબત્ત, તળ ગુજરાતમાં કૃષિકારોની બહુમતીવાળાં ગામડાંઓ હતાં, પરંતુ તે બજારો સાથે જોડાયેલાં હતાં, અલગ નહોતાં. જ્ઞાતિના કોટીક્રમમાં વિભાજિત એવાં આ સમાજના જીવન માટે જરૂરી જ્ઞાન આપવાનું કામ મહદ્ અંશે બ્રાહ્મણો કરતા. મુખ્યત્વે બ્રાહ્મણો દ્વારા રચાયેલ જ્ઞાન અને સાહિત્યને 'લોકવિદ્યા' કે 'લોકસાહિત્ય' ન કહી શકાય. આમ છતાં પ્રજાના અન્ય સ્તરોની સર્જકતાના ભાગરૂપે આછુંપાતળું લોકસાહિત્ય લગ્નગીતો, મરશીયા વગેરેના સ્વરૂપે જોવા મળે છે.

**(૨) આદિવાસી પટ્ટીઃ** તળગુજરાતના સમાજ અને સંસ્કૃતિ કરતાં પૂર્વપટ્ટીનાં જંગલો અને ડુંગરોમાં વસતા આદિવાસીઓ અલગ હતા. ભૌગોલિક રીતે અલગ વિસ્તારોમાં અને પોતપોતાની સામાજિક સંગઠનની વ્યવસ્થામાં જીવતા આ આદિવાસીઓ પૂર્વ બ્રિટિશ યુગમાં લગભગ પૂર્વશાળેય, પૂર્વરાજ્ય તથા સ્થાનિક આંતરક્રિયા હતી. તેમનામાં ઔપચારિક રાજ્યવ્યવસ્થા, બજારવ્યવસ્થા, વ્યક્તિગત જમીન માલિકી તથા ઔપચારિક શિક્ષણવ્યવસ્થા નહોતા. તેઓ એમની નિશ્ચિત ભૌગોલિક હદની બહાર ન નીકળનારાં જૂથો હતાં. ઘણી બધી આદિજાતિઓને તેમની બોલી હતી અને તે બોલીમાં તેમના અસ્તિત્વ માટેનું જ્ઞાન સંઘરાયેલું હતું. એક આદિજાતિના સભ્યો લગભગ સમરસ હતા અને સમાન માન્યતા તથા વિચારો ધરાવતા હતા. આ બધી જ આદિજાતિઓ પૂર્વબ્રિટિશ યુગમાં આદર્શ પુરુષના લોકસમાજો હતા તેમ ન કહી શકાય. અલબત્ત, બાહ્ય સંપર્કો તથા ટેક્નોલોજીના વિકાસના સંદર્ભમાં જુદી જુદી આદિજાતિઓ વિકાસના અલગ તબક્કે હતી તેમ કહી શકાય. જે આદિજાતિઓ જંગલમાં વિચરતું જીવન ગાળતી હતી, કાયમી વસાહતોમાં નહોતી રહેતી તથા શિકાર કરીને અને ખોરાક એકત્ર કરીને જીવન ગુજારતી હતી તે આદિજાતિઓ 'બેન્ડ' કે ટોળાં સ્વરૂપની હતી. તેમને પોતાના જીવન અંગે કે અસ્તિત્વ અંગે વિચારો તો હતા, પરંતુ તે હજી લોકવિદ્યાનું સ્વરૂપ ધારણ કરે તેટલા સંસ્થીકૃત થયા નહોતા. તો જે આદિજાતિઓ ગામ વસાવીને રહી હતી તથા ખેતી પર જીવનનિર્વાહ

ચલાવતી હતી તેવી ધોડિયા, ચૌધરી, ગામીત, ભીલગરાસિયા, કોંકણા વગેરે જાતિઓને તેમની સંસ્થીકૃત લોકવિદ્યા હતી. તેમનું પોતાનું લોકગીતો કે લોકવાર્તા સ્વરૂપનું લોકસાહિત્ય જેમ ત્યાંના લહિયાઓ દ્વારા લખાયું તેવું લોકસમાજ બનેલા આદિજાતિ સમુદાયોમાં બની શક્યું નથી.

જેવું તળ ગુજરાતની પટ્ટીમાં બ્રાહ્મણો દ્વારા જ્ઞાનનો લગભગ એકાધિકાર થયો તેવું આદિજાતિઓમાં પણ થયું. 'આદિજાતિઓની જ્ઞાન પ્રથા સીમિત રહેવાનું કારણ છે. ભગતપ્રથા અથવા ગુરુપ્રથા (Shamanism). આવી પ્રથા મુજબ શિષ્યે એક ચોક્કસ સમય સુધી ગુરુની સેવા કરવી જોઈએ. ગુરુ પાસેથી જ્ઞાન લેવું જોઈએ. આગળ જઈને આ બધું રોજીરોટી પણ કમાવી આપે છે. જ્ઞાન એમને માટે દેવ છે, ઈશ્વર છે. એમની વનસ્પતિવિદ્યા, ગુરુશિષ્ય પરંપરા અને લોકજીવન પદ્ધતિ છે, તે સઘળી નાયકપ્રધાન પદ્ધતિ અથવા તો ભગવાન પ્રધાન પદ્ધતિ છે. આથી તેમના દરેક જ્ઞાનનો પ્રસાર કાં તો નાયકની સંમતિથી થાય છે, અથવા ભગતની સંમતિથી થાય છે. તે સિવાય નહિ.' (દેવી, ગણેશ)

આમ છતાં પ્રીઝન્ટ સોસાયટીની સ્તરે પહોંચેલી તડવી ધોડિયા, ચૌધરી, ભીલ ગરાસીયા વગેરે આદિજાતિનાં લોકસાહિત્યનાં સંપાદનનું કામ તેમના જ પ્રબુદ્ધ લોકોએ કર્યું છે. તેમાં મંછારામ પટેલ, શંકરભાઈ તડવી, સિદ્ધરાજ સોલંકી વગેરેનાં નામો ગણાવી શકાય. મંછારામ પટેલ (૨૦૦૦-૧૦૭) જણાવે છે, 'ધોડિયા જાતિના લોકસાહિત્ય વિશે, એના સર્વાંગી પાસાંઓનું સાહિત્યિક દૃષ્ટિકોણથી વિવેચનાત્મક રીતે મૂલ્યાંકન થયાનું મારી જાણમાં નથી. મુંબઈ રાજ્યના વખતમાં ગુજરાત રાજ્ય માટે અલગ લોકસાહિત્ય સમિતિની રચના તા. ૨૪-૨-૧૯૫૬માં થઈ હતી, તેના જેટલા મણકા-પુસ્તકો પ્રકાશિત થયા છે તેમાંયે ધોડિયા જાતિના ગીતો, ઉખાણા, વાર્તાઓ કે દંતકથાઓને સ્થાન મળી શક્યું નથી, અન્ય આદિવાસી જાતિઓ જેવી કે ચૌધરી, ગામીત, ભીલ, દુબળા, હળપતિ વગેરે જાતિઓ વિશે ગીતો કે ઉખાણાં વગેરેનું એકંદરે અલ્પ પ્રમાણમાં સંપાદન થયું છે. ગોકુળદાસ રાયચુરાના પુસ્તક 'સબળ ભૂમિ ગુજરાત' કે જેમાં ગુજરાતની વિવિધ જાતિઓ સાથે આદિવાસી જાતિઓનું ટૂંકું વર્ણન છે, તેમાં પણ ધોડિયા જાતિ વિસરાઈ ગઈ છે. ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદના તાલીમ અને સંશોધન કેન્દ્ર તરફથી અત્યાર સુધીમાં 'ભીલીના ગરાસીયા સ્વરૂપ' ચૌધરી બોલીની શબ્દાવલિ, ભીલી, ગુજરાતી શબ્દકોષ ગુજરાતના આદિવાસીઓ વગેરે પુસ્તકો પ્રકાશિત થયા છે. એમ હોવા છતાં ગુજરાતની આદિવાસી જાતિઓના 'લોહસાહિત્ય' વિશે સંશોધન સંપાદન કરવા માટેના અકબંધ વિષયો તેના ઉત્સાહી સંશોધનકારની ઉત્સુકતાપૂર્વકની રાહ જોતા બાકી જ છે.'

ગુજારતની બધી આદિજાતિઓમાં પીઝન્ટ સોસાયટી બની. લોકસમાજની સૌથી વધુ નજીક પહોંચ્યા હોય તો દક્ષિણ ગુજરાતના ધોડિયા, ચૌધરી, ગામીત, તડવી અને કુકણા. આ બધામાં લગભગ એક પ્રકારનાં ગીતો-વાર્તાઓ પાઠફેરે જોવા મળે છે. વાર્તા સાહિત્યની એક કોયડા પ્રધાન વાર્તા સુરત, વલસાડ જિલ્લાની ધોડિયા જાતિમાં પ્રચલિત છે, તે જ વાર્તા પંચમહાલના ભીલ આદિવાસીઓમાં પણ એટલી જ પ્રસિદ્ધ છે.

ઐતિહાસિક તત્ત્વ ધરાવતી સૌરાષ્ટ્ર જૂનાગઢના ચૂડાસમા વંશના રા'ડીયાસના પુત્ર રા'નવઘણ પરથી ઉપજેલી વાર્તા પંચમહાલ, વડોદરા જિલ્લાના સંખેડા-મેવાસમાં કહેવાતી મળી છે.

ધાર્મિક દંતકથાઓમાં ગામીત, ચૌધરી, વસાવા, કુંકણા, નાયકાઓમાં વ્યારા, સોનગઢ, મહુવા, ચીખલી અને વાંસદા તાલુકામાં કહેવાતી અને શ્રદ્ધાથી મનાતી દેવલીમાડી, ગોહમાઈમાડી, દેવશામરો, કાળો કાકર...ગામીત દેવ-દેવી, વ્યારા, મહુવા, વાંસદા, ચીખલીના ધોડિયાઓમાં પણ તેટલી જ શ્રદ્ધેય છે.

મુસ્લિમ પીરમાં આસ્થા ધરાવતી અન્ય જાતિઓ પૈકી ધોડિયા જાતિ પણ રેઠવાણીયા. તા. ચીખલીમાં આવેલા 'અઢાર પીર'માં ભારે શ્રદ્ધા રાખી મેલી વિદ્યાના વળગણને દૂર કરવા બાધા માનતા રાખે છે. મહુવા, ચીખલી, વાંસદાના લોકો માટે એ સ્થાન શ્રદ્ધેય છે.

કેટલાક ઉખાણાં જે ધોડિયા જાતિમાં કહેવાય છે અને મહુવા, ચીખલી, વાંસદા, ધરમપુર વગેરેમાં કહેવાય છે તે પંચમહાલ, સાબરકાંઠા અને ભરૂચ જિલ્લાના ભીલોમાં પણ કહેવાય છે.

પદ્ય સાહિત્યમાં વિવિધ વિષયો પરના સંખ્યાબંધ ગીતોમાં અન્ય આદિવાસી જાતિઓમાં પણ ગીતો જોવા મળ્યા છે.

ચૌધરી અને ધોડિયાઓમાં ગવાતાં હાલરાંઓ ભાવ-સામ્ય જોવા મળે છે. પરોઢિયે ગવાતાં લગ્નગીતોમાં ઘણી રચનાઓ સુરત, વલસાડ જિલ્લાઓના ધોડિયાઓમાં જે રીતે ગવાય છે, તે જ ભાવે કેન્દ્રમાં રાખીને પંચમહાલ, સાબરકાંઠાના ભીલોમાં ગવાતાં માલૂમ પડ્યા છે.

પીઠીનાં ગીતો, સગાઈ પ્રસંગે ગવાતા ગીતો અને દારૂની લતથી થતી બરબાદીને કારણે તે છોડવા માટે પત્ની પતિને કહેતી હોય તેવાં ગીતો, સુરત જિલ્લાના ધોડિયા, ચૌધરીઓ અને ભરૂચ જિલ્લાના રાજપીપળા વિસ્તારના ભીલો અને પંચમહાલના ભીલોમાં સૌ સૌની આગવી બોલીમાં પણ સમાન ભાવ ધરાવતા ગીતો વર્ષોથી ગવાતાં આવે છે.

ટીલડી...ચાંદલાના ગીતો ભરૂચ, પંચમહાલના ભીલોમાં અને સુરત જિલ્લાના ધોડિયાઓમાં સામ્ય દર્શાવતા માલૂમ પડ્યા છે.

'ઘાણ ભરવા' અંગેના ગીતો સુરત જિલ્લાના ધોડિયાઓ અને સાબરકાંઠા, પંચમહાલના ભીલોમાં સમાનભાવ દર્શાવતા માલૂમ પડ્યા છે. આ ઉપરાંત કંઈ વાંક પડે તો કન્યાને મારવાની ધમકી આપતાં ગીતો, સુરત જિલ્લાના ધોડિયા, ચૌધરીમાં અને ભરૂચ જિલ્લાના ભીલોમાં ગવાતા જણાયાં છે. નૃત્ય ગીતો ધોડિયા, હળપતિ અને નાયકાઓમાં, ભાંડવાણી-ફટાણાં-સુરત જિલ્લાના ધોડિયાઓ, ચૌધરીઓ તથા સાબરકાંઠાના ભીલોમાં લગભગ સમાન છે. (પટેલ મંછારામ, ૨૦૦૦-૧૦૮-૯)

(૩) **સૌરાષ્ટ્ર-કચ્છઃ** લોકસમાજનું આદર્શ પ્રારૂપ કહી શકાય તેવો સમાજ પૂર્વબ્રિટિશ અને કંઈક અંશે બ્રિટિશ યુગમાં (અને સ્વતંત્ર ભારતમાં જમીન સુધારા થયા ત્યાં સુધી કે ૧૯૫૬ સુધી) સૌરાષ્ટ્ર અને કચ્છમાં અસ્તિત્વ ધરાવતો હતો. આવું જ પશ્ચિમી રાજસ્થાન વિશે પણ કહી શકાય. સમગ્ર ભારતમાં ૫૬૩ દેશી રાજ્યો (રજવાડાં) હતા તેમાં ૨૨૨ તો માત્ર સૌરાષ્ટ્રમાં હતા. લગભગ ૫૦૦૦ ગામોને ૨૨૨ રજવાડામાં વહેંચી દેવામાં આવે તો સરેરાશ ૨૨ ગામડાનું એક રજવાડું થાય. ભાવનગર, જામનગર, જૂનાગઢ જેવા મોટા અને ગોંડલ, રાજકોટ, મોરબી, હળવદ, માંગરોળ, પોરબંદર જેવાં વચગાળાનાં રાજ્યોને બાદ કરીએ તો બાકીનાં રજવાડાં દસ કે તેથી ઓછાં ગામડાંના રજવાડાં હતા. આ બધા સામંતો-ગામધણીઓ હતા, જે પોતાની જમીન ખેડૂ (પ્રીઝન)ને ખેડવા આપતા. ખેડૂ જમીન માલિક નહોતો. તેણે ઊપજનો અર્ધો કે રાજ્ય નક્કી કરે તે ભાગ રાજ્યને આપવો પડતો. આવી સામંતશાહી પ્રથામાં સામંતો દ્વારા ખેડૂતો પર ખૂબ જુલ્મ ગુજરાતો અને તેનો પડઘો તેમનાં ગીતો-વાર્તાઓમાં પડતો, જેમ કે–

'રોજરોજ વેઠના વારા, હવાલદાર
રોજરોજ વેઠના વારા.'

આવો લોકસમાજ સ્તરીભૂત હતો. ઉપલા સ્તરના બ્રાહ્મણ, વાણીયા તથા ક્ષત્રિયો 'લોક' નહોતા ગણાતા. શાળેય પ્રથાથી દૂર, રાજ્ય વહીવટથી દૂર, ગામડામાં રોજીરોટી કમાતા સામાન્ય લોકોને લોક, વસવાયાં કે નારૂકારૂ ન્યાતોના નામથી ઓળખાવાતા. સામંતશાહી પ્રથાને ચારણી સાહિત્ય (Fyolk literature) અધિકૃતતા બક્ષતું. પરંતુ લોકસાહિત્યમાં સામાન્ય લોકોના અસ્તિત્વના સવાલની વાતો આવતી.

સૌરાષ્ટ્ર અને કચ્છના લોકસાહિત્યના સંપાદનનું કામ ઝવેરચંદ મેઘાણીએ શરૂ કર્યું, પછી તેનો ધસમસતો પ્રવાહ ચાલ્યો છે. આ સાહિત્યનો ખજાનો એટલો વિશાળ અને એટલો વૈવિધ્યસભર છે કે તેની વિગતે વાત કરવા બેસીએ તો ગાડાં ભરાય. આમ કરવા માટે અલગ પુસ્તકની રચના કરવી પડે. વળી, અહીં લોકસાહિત્યનું રસદર્શન કરાવવાનો ઉદ્દેશ નથી. તે જરૂરી છે, પરંતુ અન્યત્ર થઈ શકે.

**સૌરાષ્ટ્ર-કચ્છનું લોકસાહિત્ય**

વ્યાપક લોકવિદ્યાના ભાગરૂપે સૌરાષ્ટ્ર-કચ્છના લોકસાહિત્ય (Folk literature)ની વાત કરવી ઘટે. લોકસાહિત્યને બે જાડા વિભાગોમાં વહેંચી શકાય. ગાવા માટેની કૃતિ અને કહેવા માટેની કૃતિ. લોકગીત અને લોકકથાના પાછા અનેક પેટા પ્રકારો પડે. લોકગીતમાં જોડકણાં, ઉખાણાં, ભડલીવાક્યો, દુહા, રાસ, ગરબા-ગરબી, ગીત, ભજન-કીર્તન, ગાથા અને લોક મહાકાવ્ય જેવા પ્રકારો આવે. લોકનાટ્યનું સ્વરૂપ ઉદ્ભવે ત્યારે તેમાં ગીત અને કથન (સંવાદ) બંનેનો ઉપયોગ થાય. આવા લોકસાહિત્યનાં લક્ષણો અલગ પડતાં નથી.

(૧) લોકસાહિત્યનું સર્વપ્રથમ લક્ષણ એ છે કે લોક દ્વારા રચાયેલું હોય છે, કોઈ એક લેખક દ્વારા નહિ. આથી તેનું કર્તૃત્વ કોઈ એક વ્યક્તિને નામે ચડાવવું યોગ્ય ન લેખાય. આ વિવેક આપણે ત્યાં જળવાયો નથી. જે લોકો ધૂળધોયાનું કામ કરી, મહેનત કરી, લોકો વચ્ચે જઈ આવું લોકસાહિત્ય એકત્ર કરે તેવા ભગીરથોને સંપાદક કહી શકાય કર્તા નહિ.

લોકસાહિત્ય લોકો દ્વારા રચાય છે તેથી તેમાં પાઠફેર, સ્વાભાવિક રીતે જ જોવા મળે છે. કર્ણોપકર્ણ ચાલતું હોવાથી વાર્તા કહેનાર કે ગાનાર બદલાય તેમ કહેનાર કે ગાનારનાં વ્યક્તિત્વનો અંશ તેમાં ભળે છે અને તેટલે અંશે પાઠફેર થાય છે. પાબુજીની વાત મારવાડમાં અને કચ્છમાં થાય છે. પરંતુ મારવાડમાં અને કચ્છમાં જુદી જુદી રીતે કહેવાય છે. પાઠફેરથી લોકસાહિત્યમાં સુધારા, વધારા કે ઘટાડા થાય છે.

(૨) આપણે ત્યાં લોકસાહિત્ય (Fyolk literature) અને ચારણી સાહિત્ય (Court literature)ને એક માનીને ચાલનાર ઘણા લોકો છે. બંનેમાં ભાષા, છંદો કહેવાનો લહેકો વગેરેનું કેટલુંક સામ્ય છે. વળી, મોટે ભાગે લોકવાર્તા કહેવાનું કામ કરનાર અને ચારણી સાહિત્ય રચી તેને દરબારી ડાયરામાં રજૂ કરનારા લોકો-ચારણ અથવા બારોટ-એક હોય છે. આથી સરેરાશ રસિકો આ બે સાહિત્યસ્વરૂપો વચ્ચે ભેદ તારવતા નથી. લોકસાહિત્ય એ લોકવિદ્યાનું એક અવિભાજ્ય અંગ છે, જ્યારે ચારણી સાહિત્ય વીરત્વની બીરદાવલીનું સાહિત્ય છે. સામંતશાહી રાજ્યવ્યવસ્થામાં લડાઈ (feuds) સ્વાભાવિક હોય છે. પોતાની જમીન મિલકત બચાવવા તથા અન્યને જીતી લઈ પોતાનો રાજ્ય વિસ્તાર વધારવા સતત લડાઈ ચાલતી હોય છે. આવી લડાઈ લડનારાઓ વીરરસ જાગે તે માટે બીરદાવલીની જરૂર પડે છે. મહદ્ અંશે ચારણી સાહિત્ય આવી રાજબીરદાવલીનું સાહિત્ય છે. તેમાં કર્તા નક્કી હોય છે. દરેક રાજાને તેના ડાયરાના કવિ (કોર્ટ પોએટ્સ) હોય છે.

(૩) લોકસાહિત્ય મુખપરંપરાથી ચાલે છે જે લોકોની વિદ્યાનો આ ભાગ છે તે લોકો પૂર્વશિક્ષિત (પ્રી-લીટરેટ) લોકો છે તેમનામાં શાલેય જ્ઞાન અને લખાવટની પરંપરા નથી. આમ તો છાપખાનાં શરૂ થયાં તે પહેલાં લહીયાઓ દ્વારા લખાવવાની પરંપરા હતી. પરંતુ તે લખાણો લલિત સાહિત્યનાં કે રાજવહીવટને લગતાં (ફરમાન વગેરે) હતાં.

છાપકામ અને પછી લોકવિદ્યા સંપાદનનું કામ શરૂ થતાં અનેક યુરોપિયન માનવશાસ્ત્રીઓએ લોકસમાજને તેમના અભ્યાસના ભાગરૂપે લોકવિદ્યાનું સંપાદન કરી તેને પ્રસિદ્ધ કર્યું. જ્યાં સુધી લોકવિદ્યાનું જ્ઞાન મુખપરંપરા સુધી મર્યાદિત રહ્યું ત્યાં સુધી એ બજારનો ભાગ ન બન્યું. છાપકામ શરૂ થતાં પુસ્તકો દ્વારા જ્ઞાન એ બજાર વ્યવસ્થાનો ખરીદવેચાણનો ભાગ બન્યું. આથી લેખકત્વ અથવા સંપાદકત્વ પણ મહત્ત્વનાં બન્યાં. ઘણા સંપાદકોએ લોકવિદ્યાનું સંપાદન કરી, છપાવી તેને બજારમાં મૂક્યું. અહીં સંદર્ભ બદલાઈ ગયો.

મુખપરંપરાથી ચાલતા લોકસાહિત્યમાં પાઠફેર, અર્થફેર વગેરે ઓછામાં ઓછા થાય તે રીતનું તેનું માળખું હોય છે. આમાં એક બાબત પુનરુક્તિની છે. એકનું એક વાક્ય વારંવાર બોલવાથી, ગવાવાથી કે ભાર દઈને કહેવાથી તેનો મુખપાઠ પાકો થઈ જાય છે. જેમ કે...

'મારે આંગણે તલાવડી રે, તલાવડી રે,
છબછબિયાં પાણી.
આવતાં બાબુ લપટ્યો રે, લપટ્યો રે,

એની કેડ ચલકાણી....મારે આંગણ...
ગોળ દ્યો, ગોળ દ્યો, ગોળ દ્યો રે,
એની કેડ લચકાણી,
ગોળના સાટે ખોળ દ્યો રે, ખોળ દ્યો રે,
એની કેડ લચકાણી, મારે આંગણ....'

આધુનિક લલિત સાહિત્યનાં કાવ્યોમાં આવી પુનરુક્તિની પ્રથા દેખાતી નથી. અલબત્ત, લોકગીતનાં ઢાળનો ઉપયોગ કરી આધુનિક કાવ્યો લખનાર કવિઓ આવી પુનરુક્તિ કરતા હોય છે, પરંતુ લોકગીતોમાં પુનરુક્તિની જે ભૂમિકા છે તે અહીંયા નથી.

(૪) લોકસાહિત્યમાં એક કરતાં વધુ કલાસ્વરૂપોનું સાહચર્ય હોય છે. સામાન્ય રીતે આ સાહચર્ય ગીત, સંગીત અને નૃત્ય એવાં ત્રિવિધ સ્વરૂપે હોય છે. ગરબાનું ગીત સ્વરૂપ અને ગરબાનું નૃત્ય સ્વરૂપ સંગીત સાથે આગળ ચાલે છે. નૃત્યના કોઈ પ્રકારની જગ્યાએ ક્યાંક લોકનાટ્ય કે 'ચાળા' પણ હોય છે. ઉપર દર્શાવ્યું તે ફટાણું 'ચાળા' તથા 'હાવભાવ' સાથે ગવાતું હોય છે. આમ હોવાથી લોકગીતોના ઢાળ, તેને ગાવા માટે વગાડાતા તાલ અને નર્તન એ ત્રણે વચ્ચે એક સામંજસ્ય હોય છે. આવી સમયે સંગીત માટે ઉપયોગમાં લેવાતા વાદ્યો પણ લોકવાદ્યો-વાંસળી, રાવણહથ્થો, તાડપું વગેરે હોય છે. આ સાહચર્ય એમ બતાવે છે કે લોકસાહિત્યને લોકકલાનાં અન્ય સ્વરૂપોના સંદર્ભમાં અને તેમની સાથે જ માણી કે સમજી શકાય. જેવું લોકગીતોનું તેવું જ લોકવાર્તાનું. લોકવાર્તા માત્ર વાંચવા માટે નથી. સાંભળવા માટે પણ છે. લોકવાર્તા ખુદ એક કલાસ્વરૂપ છે તેમ વાર્તા કહેવાની કલા પણ અલગ કલાસ્વરૂપ છે. એક સારો વાર્તા કહેનાર ધારી અસર નીપજાવી શકે છે. લોકવાર્તા ક્યારેક અપદ્યાગદ્ય સ્વરૂપ પણ ધારણ કરી લે છે. લોકગીતોને તેમના છંદ કે મીટર નહિ પરંતુ ઢાળ હોય છે. ગરબીનો ઢાળ, ભજનનો ઢાળ, પ્રભાતિયાંનો ઢાળ વગેરે.

(૫) લોકસાહિત્યને લોકજીવન સાથે અતૂટ સંબંધ છે. કોઈ સાહિત્યકારને કૃતિ ગમી ગઈ માટે 'આજ મહારાજ જલ પર ઉદય જોઈને, ચંદ્રનો હર્ષ જામે' તેમ કવિ કાંત કહી શકે. પરંતુ નિતાંત પ્રાકૃતિક ગીતો લોકસાહિત્યનું વસ્તુ બનતાં નથી. લોકગીત લોકજીવનના કોઈ એક પાસા વિશે રચાયું હોય છે. જીવનનાં વિવિધ પાસાંઓ વિશે જ્ઞાન આપવા માટે તથા લોકો પાસે જે તે સામાજિક ઘટના કે પ્રસંગ સમયે અમુક અમુક વિધિ કે વર્તન કરાવવા માટે રચાયાં હોય છે. આ રીતે લોકસાહિત્ય લોકસમાજના લોકો માટે વર્તનનાં ધોરણો પૂરાં પાડે છે. વિવિધ સંબંધોમાં કેમ વર્તન કરવું તેનું જ્ઞાન આપે છે. સાસુ-વહુ, સસરો-વહુ, દિયર-ભોજાઈ વગેરે સંબંધોની તરાહ બતાવે છે.

(૬) લોકસાહિત્ય લોકબાનીમાં જ રચાય છે તેથી 'બાર ગાઉએ બોલી બદલે તેમ પ્રદેશે-પ્રદેશે તેમ જ વિવિધ કોમો કે શ્રેણીઓ મુજબ તફાવત પડે. આગળ દર્શાવ્યું છે તેમ પાબુજીની કથા મારવાડમાં અને કચ્છમાં અલગ રીતે કહેવાય છે. મધ્ય ગુજરાતની લગભગ દરેક આદિજાતિમાં પતઈ રાજા સાથે લડાઈની વાત છે, પરંતુ તેની કહેવાની રીત અને વિગતોમાં તફાવત પડે છે. તેવી જ રીતે એકનું એક લોકગીત આહિર કોમ કરતાં મેર કોમમાં જુદી રીતે ગવાય છે. આ માત્ર પાઠફેર નથી. લોકોનાં જીવનના પ્રશ્નોનું સ્થાનિકીકરણ છે. દરિયાકાંઠાના લોકોના ગીતમાં માછલીની વાત આવે તો જંગલ વિસ્તારના લોકોના એવ પ્રકારના ગીતમાં હરણની વાત આવે. લોકસમાજનાં લોકોના જીવનની, અસ્તિત્વની સમસ્યાઓ તો એકસરખી જ છે. પરંતુ તે સમસ્યાઓના ઉકેલો સ્થાનિક પરિસ્થિતિ પર આધાર રાખે છે. નદીકાંઠાના ગામમાં પાણી ભરવાના ગીતમાં નદીની વાત આવે તો અન્ય ગામના ગીતમાં કૂવાની વાત આવે. પરંતુ પાણીનું ગીત તો દરેક કોમમાં હોય જ. પાણીના બહાને સખ્ય, પ્રેમ, સાસુ-વહુ કલહ વગેરે આવે. પાણીની અછતવાળાં ગામમાં દીકરી ન પરણાવવાની દાદાને વિનંતી કરતું ગીત પણ આવે, જેમ કે—

'દાદા હો દીકરી (૨) વાગડમાં નવ દેજો રે સૈ,
વાગડની સાસુ વઢિયાળી સાસુ દોયલી રે...દાદા હો'
દિયે દળાવે મને રાતડીએ સંતાપે રે સૈ,
પાછલી તે પરોઢના પાણી મોકલે રે...દાદા હો

ઘડો ના ડૂબે મારું સીંચણીંયું ના પુગે રે સૈ,
ઊગ્યો ને આથમીયો કુવા કાંઠડે રે...દાદા હો
ઊડતા પંખીડાં મારો સંદેશો લઈ જાજે રે સૈ,
દાદાને કે'જે કે દીકરી કૂવે પડે રે...દાદા હો

ઉપરનું ગીત આજે મનોરંજનના બજારનો ભાગ બની રહ્યું છે અને ખૂબ પ્રચલિત છે. પરંતુ તેમાં જે સમાજની વાત આવે છે તે સામંતશાહી સમાજ આજે અસ્તિત્વ ધરાવતો નથી.

**લોકસાહિત્યનાં સ્વરૂપો**

આમ તો ગીત અને ગાથા વચ્ચે, કથા અને નાટ્ય વચ્ચે, ગીત અને ઉક્તિ વચ્ચે લોકસાહિત્યનાં સંદર્ભમાં તફાવત કરવો અઘરો છે. આ બધાં સ્વરૂપો એકબીજા સાથે જ સમજી માણી શકાય છે, તથા તેમના વચ્ચેનું વિભાજન એવું સ્પષ્ટપણે જોવા મળતું નથી. તેમ છતાં સમજૂતી માટે લોકસાહિત્યને પાંચ પ્રકારોમાં વહેંચી શકાય.

**(૧) લોકગીતઃ** લોકગીત વિશે લખતાં શ્રી મેઘાણી કહે છે, 'જેના રચનાકારે કદી કાગળ અને લેખણ પકડ્યાં નહિ હોય, જેને રચનારા કોણ તેની કોઈને ખબર નહિ હોય અને પ્રેમાનંદ કે નરસિંહ મહેતાની પૂર્વે કેટલો કાળ વીંધીને જે સ્વરો ચાલ્યા આવે છે તેનીય કલ્પના કરી નહિ શક્યું હોય એનું નામ લોકગીત.' રામનરેશ ત્રિપાઠી લોકગીત માટે ગ્રામગીત શબ્દ પ્રયોજે છે. તેઓ કહે છે કે ગ્રામગીત પ્રકૃતિના ઉદ્‌ગાર છે. તેમાં અલંકાર નહિ કેવળ રસ છે, છંદ નહિ કેવળ લય છે, લાલિત્ય નહિ કેવળ માધુર્ય છે! ગ્રામીણ સ્ત્રી-પુરુષોના હૃદયોદ્‌ગાર છે. તેમના જીવનના વિવિધ ભાવોની ગેય અભિવ્યક્તિ છે. લોકગીતમાં મુખ્યત્વે નીચેની બાબતો આવે.

૧. લોકગીતોમાં માનવહૃદયની પ્રાકૃતિક ભાવનાઓ અને વિભિન્ન વૃત્તિઓની અભિવ્યક્તિ હોય છે.

૨. તેમાં ભાવોને પ્રગટ કરવા લયાત્મક વાણીનો આશ્રય લેવામાં આવે છે.

૩. લોકગીતના ગાનમાં સામૂહિક પ્રવૃત્તિ અધિક વ્યાપક હોય છે.

૪. લોકગીતના રચયિતા અજ્ઞાત હોય છે. વ્યક્તિ-વિશેષની રચનાઓ પણ સામૂહિક ભાવનાઓમાં રંગમાં સામાન્ય જનની થઈ જાય છે.

૫. લોકગીતોમાં માનવીય સભ્યતા અને સંસ્કૃતિનાં વિભિન્ન ચિત્રો અંકિત હોય છે.

લોકગીતોના અભ્યાસમાં સાહિત્યકારો, ભાષાવિજ્ઞાનીઓ, માનવશાસ્ત્રી, સમાજશાસ્ત્રીઓ વગેરેને અલગ અલગ પરિમાણોથી રસ પડે છે. લોકસમાજને સમજવા માંગતા સમાજશાસ્ત્રીને લોકગીતોના અભ્યાસમાંથી ઘણી સારી ગુણાત્મક માહિતી પ્રાપ્ત થાય છે. લોકગીતોમાં સામાજિક અને ધાર્મિક વિશ્વાસ અભિવ્યક્તિ પામે છે. સામાજિક પરિસ્થિતિઓની ઓળખ-પરખ માટે લોગતી ડગલે પગલે આપણને સાથે આપે છે. સામાજિક રીતરિવાજો તથા પારસ્પરિક માનવ-સંબંધો અને વ્યવહારોનાં વાસ્તવિક ચિત્ર લોકગીતો રજૂ કરે છે, એટલે લોકગીતોમાં વર્ણવેલ આચાર-વિચાર, રહેણી-કરણી, રીતરિવાજ, ખાનપાન, ધર્મ-નીતિ, વિશ્વાસ, માન્યતાઓ, રિસ્તેદારી, સામાજિક સંબંધો વગેરેના આધાર પર મનુષ્યના સામાજિક ઈતિહાસનો અભ્યાસ સર્વાધિક અને શ્રેષ્ઠ રીતે થાય છે.

બાળ જન્મ પર ગવાતાં ગીતો જાતિ અને વંશ-વૃદ્ધિના જય-ગાન કરે છે, તો નવી ફસલની ખુશાલીમાં ગવાતાં ગીત સામૂહિક ઉલ્લાસને અભિવ્યક્ત કરે છે. શ્રમ-પરિહાર માટે પણ અનેક ગીતો જન્મ લે છે. આ રીતે લોકગીતો સમાજમાં ઉછરેલાં એવાં ચિત્રો છે જે બધી જ સંબંધિત સ્થિતિઓના આલેખ પ્રસ્તુત કરે છે.

આપણા સમાજમાં સાસુ-વહુના ઝઘડા તો રોજબરોજની રામાયણ જેવા છે. આ ઝઘડાના મૂળમાં તો હંમેશાં કોઈક નજીવું કારણ હોય છે. નાના તણખામાંથી મોટો ભડકો કેમ જાગી ઊઠે છે તેનું કરુણ વર્ણન કરતાં લોકગીતો તો અસંખ્ય જોવા મળશે. સાસુ વહુના ઝઘડામાં નણંદની ભૂમિકા, આ ઝઘડામાં પતિની દશા, માવડિયા પુત્રની વાત વગેરે અત્યંત રમણીય રીતે રજૂ થાય છે. રણમેદાને ગયેલો પુત્ર પાછો ફરતાં પોતાની પત્નીને ન જોતાં માતાને પૂછે છેઃ

'માડી હું તો બારબાર વરહે આવીયો
માડી મેં દીઠી ના મોરી પાતળી પરમાર રે,

જાડેજી મા,
મહેલુમાં દિવડો શગ બળતો'
મા જવાબ આપે છે :
'દીકરા હેઠો રે બેસીને હથિયાર છોડ રે
કલૈયા કુંવર,
પાણીડાં ભરીને હમણાં આવશે.'

આગળ આવેલાં દાદા હો દીકરી ગીતના સંદર્ભમાં જોઈએ તો પાતળી પરમાર જીવતી હોય તો આવે ને?

સાંસ્કૃતિક દૃષ્ટિએ પણ લોકગીતોની ઉપયોગિતા ઓછી આંકી શકાય એમ નથી. સભ્યતાના આવરણથી લુપ્ત થયેલું પ્રાચીન સંસ્કૃતિનું સાચું સ્વરૂપ જો ક્યાંય જોવા મળે તેમ હોય તો લોકગીતોમાં જ. તેમના સહારે કોઈ પણ દેશ અથવા સમાજની, કાળની ગર્તમાં ખોવાયેલ મૌલિક સંસ્કૃતિ પુનઃ પ્રકાશમાં લાવી શકાય છે. લોકગીતો દ્વારા એક એવી મહાન સભ્યતાની ખોજ થઈ શકે છે, જે કદાચ આજ સુધી વિસ્મૃતિના સાગરમાં ડૂબેલી પડી હોય અથવા જેને ખોટી રીતે સમજવામાં આવી રહી હોય! યોગ્ય સંશોધન પદ્ધતિ અપનાવવામાં આવે તો લોકસાહિત્ય થકી લોકસંસ્કૃતિની સાચી સમજ મેળવી શકાય.

(૨) **લોકગાથા અથવા ગીતકથાઃ** લોકગાથા અથવા ગીતકથા પણ લોકસાહિત્યનું એક પ્રચલિત પદ્ય સ્વરૂપ છે. ગીત-કથા માટે કથાગીત, રાસડા, ગરબા વગેરે સંજ્ઞા વપરાય છે. રાસડા યા લોકગાથા એ લોકસાહિત્યનું એક અગત્યનું અંગ છે. લોકગીત કરતાં રાસડો વધુ લાંબો અને ઘટનાત્મક હોય છે. કથા, ગીત, સંગીત, નૃત્યનું તેમાં સાહચર્ય સધાઈ છે! તેમાં કોઈ શૂરવીર, પ્રેમી, ભક્ત યા સતીની, અલ્પાંશે ઐતિહાસિક યા સામાજિક કે ધાર્મિક અને મહદ્ અંશે દંતકથાત્મક કથા ગીત રૂપે આલેખાય છે. તેમાં મુખ્યતઃ વીર, શૃંગાર, કરુણ, અદ્‌ભુત રસનું નિરૂપણ થાય છે. આ કથા લોક-હૃદયને સ્પર્શી જાય, ગમી જાય તેવા ભાવ, ભાવના, કલ્પના અને વિચારથી યુક્ત હોય છે અને તે સરળ, અનલંકૃત ભાષામાં હોય છે અને તે સતત પુનરાવર્તન પામતી રહે છે. ટેક એ લોકગાથાના હૃદય સમાન છે. અંગ્રેજીમાં લોકગાથાને Ballad કહે છે. Ballad શબ્દ લેટિન શબ્દ (ઇટાલિયન પણ) Ballare પરથી આવ્યો છે. તેનો અર્થ નર્તન થાય છે. લોકગાથા પ્રારંભથી જ નર્તન દ્વારા, હાવભાવ-ચેષ્ટા દ્વારા લયબદ્ધ સ્વરૂપે કથા કહેવાની રીત રહી છે. ગીતકથામાં દ્રુતગતિ, શબ્દ-વિન્યાસી સાદગી, સાર્વજનિક-મર્મસ્પર્શી-પ્રાકૃતિક ઢાળ, સ્થૂળ પરંતુ ભાવોત્પાદક ચરિત્ર અને સાહિત્યિક કૃતકૃતાનો અભાવ જોવા મળે છે. ગુજરાતમાં આવી ગીતકથાઓ રાસ, રાસડા, ચાળા (આદિવાસીઓમાં), ગરબી કે ગરબા સ્વરૂપે જોવા મળે છે. મારવાડમાં પાબુજીની ગીતકથા કાપડ પર ચિત્રપટ બનાવીને કહેવાય છે. કચ્છમાં પણ આ લોકકથા પ્રચલિત છે.

પાબુજીની ગાથા લાંબી અને વિવિધ ઘટનાઓ અને ચમત્કારોથી ભરેલી છે. પરંતુ તેનો મૂળ સાર એ છે કે પાબુજી એક બળવાન, વીર યુવક હતા. જેમનામાં લડવાનો ઉત્સાહ અને સાહસ હતાં. નેતૃત્વ ગુણ અને પણ પાળવાની દઢતા હતી. એ ક્ષેત્રમાં દેવલ નામની એક ચારણી રહેતી હતી. તેની પાસે ઘણું પશુધન હતું. તેની પાસે કેસર કાળવી નામની એક ઉમદા તેજસ્વી ઘોડી પણ હતી. પાબુજીને પોતાની આ ઘોડી એ શરત પર ભેટ આપી કે તેઓ દેવલદેના પશુધનની રક્ષા કરશે. જે દિવસે પાબુજી હસ્તમેળાપ માટે ચોરીમાં બેઠા હતા ત્યારે જ તે જ સમયે ચારણી દોડતી, બૂમરાણ કરતી, કકળતી આવી કહેવા લાગી, 'જાયલના ખીંચીં તેની ગાય-ભેંસોનું હરણ કરી ગયા છે.'

લગ્નમંડપમાં બેઠેલા પાબુજી લગ્નની વિધિ અધૂરી રાખી ઊભા થઈ ગયા અને ચારણીના પશુધનની રક્ષા કરવા ઘોડી પર સવાર થઈ દોટ મૂકી. પશુધન તો પાછું વાળી આવ્યા પણ ઝપાઝપીમાં ઘાયલ પાબુજી વીરગતિ પામ્યા. લોકગાથાએ પાબુજીને દેવતા બનાવી દીધા. આ જ પ્રમાણે બીજું કથાગીત છે રામાપીરનું.

(૩) **લોકકથાઃ** એવી વાર્તાઓને કથા કહેવામાં આવે છે જે કલ્પના પ્રચુર છે. અહીં આખ્યાયિકાઓ થોડી અલગ પડે છે. આખ્યાયિકાને ઇતિહાસનાં પાતળાં પોતનો આધાર હોય છે. લોકકથા શબ્દ લોક-પ્રચલિત એ કથાઓ

માટે પ્રયોગમાં લેવાય છે કે જે મૌખિક પરંપરા દ્વારા નિરંતર એક પેઢીથી બીજી પેઢીને વારસાના રૂપમાં મળતી રહી છે. એમ કહી શકાય કે આ કથાઓનો જન્મ પણ માનવના જન્મ સાથે જ થયો હશે. લોકકથાઓ વિકાસ પરંપરાના પ્રવાહમાં ફળતી-ફૂલતી, તરતી-ડૂબતી આજ સુધી જીવિત રહી છે. પ્રાચીન કક્ષાએ નવું કલેવર ધારણ કરી નવા સમાજની છાપ લઈને નવા રૂપે પ્રગટે છે. વસ્તુતઃ આ નવીનતા જ એમનું જીવન છે. સમગ્ર રીતે જોતાં સ્પષ્ટ થાય છે કે થોડાંક મૂળ કથાતત્ત્વો છે અને થોડાંક નવાં લક્ષણો છે, જેના મિશ્રણ અને પુનર્મિશ્રણ દ્વારા બધી જ લોકકથાઓ રચાય છે અને રચાતી રહેશે. ગુજરાતી ભાષામાં લોકવાર્તા અને લોકકથા રૂઢ થયેલા સમાસયુક્ત શબ્દો છે. આવી કથા કે વાર્તામાં ક્રમબદ્ધ ઘટનાઓ કે પ્રસંગો હોય છે. તેમાં કથન કાલ્પનિક કે ઐતિહાસિક હોય છે. પરંપરા તેનું આગવું લક્ષણ છે. આ લોકવાર્તાએ જમાને જમાને અને પ્રત્યેક વાર્તાકારે ભિન્ન ભિન્ન રૂપ અને છટા ઝીલેલી હોય છે. લોકકથાઓના અનેક પ્રકારો છે, જેમાં પુરાણકથા, દંતકથા, પરીકથા, નીતિકથા, જાતકકથા, મનોરંજનકથા, કહેવતકથા, વીરકથા વગેરેનો સમાવેશ થાય છે.

આ લોકકથાઓનો વિષય પણ લોકગીતો જેમ લોકસમાજના જીવનના વિવિધ ભાવો, સંબધો તથા ઘટનાઓનો રહ્યો છે. પ્રેમ, શૌર્ય, સમર્પણ, ખાનદાની, વટ, ટેક, દેશાભિમાન વગેરે બાબતો લોકકથાઓમાં અગ્રસ્થાને હોય છે. લોકગીતોની જેમ જ લોકકથાઓ લોકસમાજને સમજવા માટે ઉત્કૃષ્ટ ગુણાત્મક માહિતી પૂરી પાડે છે. લોકકથાઓના સંપાદનનું સૌથી મહત્ત્વનું કામ ઝવેરચંદ મેઘાણીએ 'સૌરાષ્ટ્રની રસધાર' દ્વારા કર્યું ગણાય. પરંતુ તેમની પહેલાંના લોકસાહિત્યકાર ફરામજી બમનજી માસ્ટરે ગુજરાત અને સૌરાષ્ટ્ર ઉપરાંત કચ્છમાં પરિભ્રમણ કરી ઘણી કંઠસ્થ લોકકથા એકત્ર કરી હતી. તેમાંની મોટા ભાગની લોકકથાઓને તેમણે રજવાડાની કથા (૧૮૭૨) અને ગુજરાત તથા કાઠિયાવાડ દેશની વારતાઓ (૧૮૭૨), ભા. ૧-૨ તથા ૩ (૧૮૭૩)માં પ્રકાશિત કરી હતી. મેઘાણી પછી પુષ્કર ચંદરવાકર અને જયમલ્લ પરમારે પણ લોકસાહિત્યનાં સંપાદનનાં કામો કર્યાં છે. સમાજશાસ્ત્રીઓ અને માનવશાસ્ત્રીઓ પણ ક્ષેત્રકાર્ય કરીને આવાં સંપાદનો કરી શકે.

(૪) **લોકનાટ્યઃ** લોકનાટ્ય નાટકનું એ રૂપ છે, જેનો સંબંધ પૂર્વશિક્ષિત સમાજનાં સર્વસાધારણના જીવન સાથે જોડાયેલા છે કે જે પરંપરા પોતપતોાના ક્ષેત્રના જન-સમુદાયના મનોરંજનના સાધનરૂપે લોકપ્રિય રહ્યું છે. લોકનાટ્ય આનંદ અને ઉલ્લાસના પ્રસંગો પર સામૂહિક અભિવ્યક્તિનું સહજ અનુકરણ હોય છે. આ નાટ્ય સામાજિક આવશ્યકતાઓ અને પ્રેરણાઓ દ્વારા નિર્મિત હોય છે. લોકપ્રચલિત પરંપરાગત રૂઢિઓ ધાર્મિક અનુષ્ઠાનો તથા વાર્તા-વિશ્વાસોની સફળતા આ નાટ્યોની મૂળી પીઠિકા હોય છે. લોકજીવનના સહજ સંસ્કાર જ લોકનાટ્યનાં સહજ સ્રોત છે. પરસ્પરનો મેળાપ-હળવું-મળવું, ધાર્મિક અનુષ્ઠાન, મેળા, વાર-તહેવાર, ફસલના પ્રારંભ તથા પૂર્ણતા અને તે પછીની સુખકર તૃપ્તિ લોકરંજનનાં એવાં મૂળભૂત બિંદુ છે, જેમાંથી લોકનાટ્યોની અન્તઃ સલિલા પ્રગટે છે. લોકનાટ્યનું લક્ષ્ય સામાજિક સમરસતાને જાળવી રાખવાનું તો છે જ, પણ સાથે સાથે મનોરંજન પણ છે. લોકનાટ્ય અભિનય, ગાયન, નૃત, નૃત્ય તથા સમૂહ વ્યાપારનું મિશ્રિત રૂપ હોય છે.

દરેક સમાજને તેની વિશિષ્ટ લોકનાટ્ય શૈલી હોય છે. ઉત્તર ભારતમાં રામલીલા, મહારાષ્ટ્રમાં તમાશા છે તેમ ગુજરાતમાં ભવાઈનું સ્વરૂપ લોકનાટ્ય તરીકે પ્રચલિત થયું છે. સંસ્કૃત નાટ્ય સ્વરૂપમાં આવતા સૂત્રધારના પાત્રને ભવાઈમાં રંગલાના સ્વરૂપે રજૂ કરી ગુજરાતી દેહ આપી દીધો છે. રંગલા-રંગલીનું યુગલ ગુજરાતના લોકનાટ્યનું ખ્યાતિપ્રાપ્ત પાત્ર યુગલ છે. જો કે 'ભવાયાનો વેશ' કે 'તરગાળાનો વેશ' તરીકે જાણીતું આ સ્વરૂપ ઉત્તર ગુજરાતમાં વધુ પ્રચલિત છે. લોકનાટ્યનું કામ કરતી 'નાયક' અટક ધરાવતી જ્ઞાતિ ઉત્તર ગુજરાતની છે, તેથી પણ કદાચ આવું બન્યું હોય. ભવાઈમાં સામાજિક પ્રસંગોને લઈ, નાટ્યસ્વરૂપ આપી મંથન કરાય છે. આમાં પ્રણાય સંબંધો, વીરરસ, બલિદાન, કુટુંબસંબંધો તથા સામાજિક

કુરિવાજો પરના કટાક્ષની વાત ખાસ આવે છે. આથી લોકો પોતાના જ જીવનની તસ્વીર ભવાઈમાં નિહાળતા હોય તેવું લાગે છે.

ભવાઈનાં સ્વરૂપ (ફોર્મ)ને લઈને આધુનિક સમાજની કથા કહેવાના કેટલાક પ્રયોગો, ખાસ કરીને દર્પણ અને ડેકુ ઇસરોએ કર્યા જે ખાસ સફળ થયા નથી.

**(૫) લોકોક્તિ :** સર્વસાધારણ લોક પોતાના દૈનિક જીવનવ્યવહારમાં કહેવતો, પિરોલીઓ, સૂક્તિઓ, ટૂંચકા, રૂઢિપ્રયોગો, ભડલી વાક્ય, આગમવાણી જેવી જે વિભિન્ન ઉક્તિઓ સહજ રીતે પ્રયોગમાં લે છે તેને 'લોકોક્તિ' સંજ્ઞક એક સૂત્રમાં પરોવી શકાય.

કહેવત અથવા કહેતી એ વાસ્તવમાં તો લોકજ્ઞાનમાં વ્યક્ત થતા સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો છે. કહેવતોના વિષયવસ્તુનો વ્યાપ લોકસમાજના જીવનનો વ્યાપ જેટલો જ વિસ્તૃત છે. કહેવતો એક કે બે વાક્યોની જ હોય છે. જેમ કે 'જ્યાંના પાણી ઊંડા, ત્યાના માણસ લાંબા.' લોક સમાજે પેઢી દર પેઠી અવલોકનો કરી જે અનુભવો પ્રાપ્ત કર્યા હોય તેનો સાર આવી લોકોક્તિઓમાં આવી જાય છે. આવું ટૂંકસારરૂપ જ્ઞાન તેમને જીવન જીવવામાં ખપ લાગે છે. દા.ત., તબીબી (વૈજ્ઞાનિક) જ્ઞાનના અભાવવાળા લોકસમાજમાં સ્વાસ્થ્ય માટેની આવી ઘણી ઉક્તિઓ સાંભળવા મળે છે. જેમ કે, 'આંખે છાલક દાંતે, લુણ, પેટ ન ભરીએ ચારે ખૂણ.' આવી ઉક્તિઓમાં તર્ક કે સાબિતી બતાવ્યાં હોતા નથી, પરંતુ પરંપરાને માન આપતા લોકસમાજના લોકો આને માને છે. ભડલી વાક્યો મુખ્યત્વે હવામાનના વર્તારા વિશે હોય છે. જેથી કૃષક સમાજને શું અને કેમ વાવવું તેથી જાળવવું તેની સમજ પડે છે.

આ વ્યાપક સંદર્ભ વિના ગુજરાત રાજ્યની રચના થઈ ત્યારે સરકાર દ્વારા લોકવિદ્યાનાં વિવિધ સ્વરૂપોને પ્રોત્સાહન આપવાની નીતિ અપનાવવામાં આવી. આથી ડાયરા, ગરબા, રાસ, દૂહા-છંદ વગેરે સ્વરૂપો વ્યાવસાયિક સ્વરૂપે વિકસ્યાં. આ બધાં સ્વરૂપો જે પહેલાં પ્રજાના જીવાતા જીવનનો ભાગ હતો તે હવે વ્યાવસાયિક બનતાં કલાકાર અને ભાવક અલગ બન્યાં. પહેલાંનો ભાવક હવે પ્રેક્ષક બન્યો. ગુજરાતી રંગમંચ, ટીવી નથી સિનેમાના વિકાસથી આ બધાંને ઉત્તેજન મળ્યું. પરંતુ આનો લાભ લેનાર વર્ગ મર્યાદિત હતો. પ્રજાજીવન અને મનોરંજનના ભાગરૂપ લોકકલા અને કલાકારો ટીવી-સિનેમાના યુગમાં ટકી ન શક્યા.

ગુજરાત રાજ્યની રચના થતાં અન્ય ખાતાંઓની જેમ માહિતી ખાતું, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ જેવા ખાતાં અને સંગીત, નૃત્ય, નાટ્ય અકાદમી જેવી સંસ્થાઓ અસ્તિત્વમાં આવી. એના ઉપક્રમે યુવક મહોત્સવ, શરદોત્સવો, સંસ્કૃતિ કુંજ ઉત્સવ જેવા ઉત્સવો અને રાસ-ગરબાની સ્પર્ધાઓ અને વ્યક્તિગત કલાકારો બહાર આવ્યા. આ કલા સંસ્થાઓના કલાકારોનું અન્ય રાજ્યોમાં આદાનપ્રદાન શરૂ થયું. પરિણામે ૨૬ જાન્યુઆરીના પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં, પ્રગતિ મેદાનમાં યોજાતા વ્યાપારમેળામાં અને ગુજરાત સ્થાપના દિનની ઉજવણીમાં ગ્રામ વિસ્તારની રાસ, ગરબા અને લોકનૃત્યની મંડળીઓ દિલ્હીના દરબાર સુધી પહોંચી.

ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને ગોવા રાજ્યોમાં લોકસાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિકસાવવાનાં શુભાશયથી વેસ્ટ ઝોન કલ્ચરલ સેન્ટરની સ્થાપના કરવામાં આવી. ઉદેપુરમાં 'શિલ્પગ્રામ' આકાર પામ્યું. ચારેય રાજ્યોના લોકકલાકારોને સમગ્ર ભારતવર્ષમાં કાર્યક્રમો મળવાના શરૂ થયા. વેસ્ટ ઝોન કલ્ચરલ સેન્ટર અને યુવક, સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના ઉપક્રમે ગાંધીનગરમાં 'સંસ્કૃતિ કુંજ' ખાતે લોકકલા ઉત્સવનો આરંભ થયો. ગુજરાત સંગીત, નૃત્ય અકાદમી તરફથી સાંસ્કૃતિક કાર્યક્રમો શરૂ થયા અને આ ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી કરનારાને માટે ગૌરવ પુરસ્કાર અને લાખ રૂપિયાના એવોર્ડ્સ અપાવાના શરૂ થયા. ગરીબ અને અસહાય કલાકારોને આર્થિક સહાય અપાવા લાગી.

આમ રાજ્ય તરફથી પ્રોત્સાહન મળથાં સૌરાષ્ટ્રમાં નાની મોટી ૧૦૦ ઉપરાંત રાસમંડળીઓ અને દક્ષિણ ગુજરાતમાં આદિવાસી લોકનૃત્ય મંડળીઓ અસ્તિત્વમાં આવી. ગુજરાત ટૂરિઝમ, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, દર્પણ, શ્રેયસ પ્રતિષ્ઠાન, આઈ.એન.ટી.

ગુજરાત લોકકલા ફાઉન્ડેશન જેવી સંસ્થાઓ તરફથી લોકઉત્સવો યોજાવા શરૂ થયા. ભારત સરકારની યોજનાઓ અન્વયે રાણાભાઈ સીડાની રાહબરી નીચે સર્વોદય સંસ્કૃતિ મંડળ (પોરબંદર) ડાહ્યાભાઈ નકુમની રાહબરી નીચે આંબાવાડી કલાવૃંદ (જામખંભાળીયા), બાબુભાઈ વ્યાસની રાહબરી નીચે વિવેકાનંદ ભવાઈમંડળ (ખાખરાળા) તથા સુરંદાવાદક સીદીકભાઈ જત, જોડિયા પાવાના કલાકાર મુસાભાઈ જત, કઠપૂતળીના કલાકાર રાણપુરા રાવત, રાવણહથ્થાવાદક ડાયાલાલ ભાટ, ગણેશ અને તેજીબહેન ભરથરી, લોકનાયકો બાબુ રાણપુરા અને ડોલર ગઢવી જેવા અનેક કલાકારો, અમેરિકા, ઈંગ્લેન્ડ, રશિયા, મસ્કત વગેરે દેશોમાં જઈને ગુજરાતની લોકકલાનો ડંકો વગાડી આવ્યા.

સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુરાતમાં વસતા ભવાઈ કલાકારોની કલા ૫૦૦ વર્ષ પુરાણી ગણાય છે. ગુજરાતની રચના થયા બાદ રાજ્યમાં ભવાઈ કલાકારોના સંઘની સ્થાપના થઈ. જયશંકર સુંદરી, બાબુભાઈ વ્યાસ, કાશીરામભાઈ વ્યાસ જેવા અનેક ભવાઈ કલાકારો બહાર આવ્યા. આઈ.એન.ટી.ના ઉપક્રમે મનસુખભાઈ જોશીએ ભવાઈવેશોને સફળતાપૂર્વક ઈરાક અને ઈરાન જેવા દેશોમાં રજૂ કર્યા. ભવાઈને સંમાર્જિત કરવાનું કાર્ય 'દર્પણ' સંસ્થાએ કર્યું અને જસમા, ઈશ્કલાલ, ગુરુગણિકા જેવા ભવાઈવેશો સફળતાપૂર્વક રજૂ કર્યા. ઊંઝામાં ભવાઈના આદ્ય પિતા અસાઈતના નામે 'અસાઈત સાહિત્ય સભા' શરૂ થઈ. વિસનગરમાં શ્રી ચીમનલાલ નાયક અને કૈલાસ પંડ્યાની રાહબરી નીચે ભવાઈ તાલીમ કેન્દ્ર સ્થપાયું.

પ્રકૃતિની ગોદમાં વસતા આદિવાસીઓ પાસે પરંપરાગત આગવી નૃત્યકળા છે. આદિવાસીઓની નૃત્યકળા તરફ ઓછા લોકોનું ધ્યાન ખેંચાયું હતું. સરકાર યોજિત સ્પર્ધાઓને કારણે આહવા, દેડીયાપાડા, અલમાવાડી, ગારખડી, ગાઢવી, સાબરકાંઠા અને બનાસકાંઠાની મંડળીઓ બહાર આવી. જંબૂર (જિ. જૂનાગઢ) અમદાવાદ, રતનપુર (ભરૂચ) અને સુરતમાં વસતા સીદી ભાઈઓની ધમાલનૃત્ય મંડળીઓ તથા રાણાગઢ, શિયાળ અને નાની કઠેચીની પઢાર રાસમંડળીઓ દિલ્હી સુધી જતી આવતી થઈ.

ગુજરાતના લોકકલા જગતની ૫૦ વર્ષની આ બધી યશસ્વી સિદ્ધિઓ હોવા છતાં પ્રચાર અને પ્રસાર માધ્યમોને કારણે પશ્ચિમની સંસ્કૃતિનું આક્રમણ પ્રબળ બન્યું. સમૂહ માધ્યમો ઊંડાણનાં ગામડાં સુધી પહોંચ્યાં. નવા પ્રકારના મનોરંજનો માણવાની ઉત્કંઠાને કારણે ગ્રામ્યપ્રજાને પરંપરિત લોકલાઓમાંથી રસ અને રુચિ ઘટવા માંડ્યાં. પરિણામે ગુજરાતની ધરતીની ધૂળમાં રમવાવાળા વાદી, મદારી, નટ, બજાણિયા, કઠપૂતળી, રામલીલા, ભવાઈવાળા, લોકજાદુગરો, બહુરૂપી, ભાંડ, રાવણ-હથ્થાવાળા, ઢોલ, શરણાઈ અને મશકવાજાવાળા, નોબત શરણાઈવાળા કલાકારો જેમણે પેઢી પરંપરાથી લોકકલાના મૂલ્યવાન વારસાને જીવની જેમ જતન કરીને જાળવી રાખ્યો હતો એ કલાકારો આજે હામ અને હિંમત હારી બેઠા છે.

આજથી પાંચ દાયકા પૂર્વે સૌરાષ્ટ્રના ગામડાંઓમાં ભવાઈ કલાકારોના ૪૦ જેટલા પેડાં (ટોળાં) નવરાત્રિના સમયે પોતાના ઈષ્ટ દેવદેવીઓના મંદિરના ચોકમાં 'મજુરો' (રમત) કરીને રમવા નીકળતા ને યજમાનોના ગામોમાં રમતો આપી, એમના કુટુંબના પ્રથમ ખોળાના દીકરાનું હાલરડું ગાઈને બાર મહિનાનો દાણોદૂણી એકઠો કરી લેતાં. છેલ્લાં ૩ વર્ષના દુષ્કાળોએ એમની કેડ્ય ભાંગી નાખી. કાળના વરસમાં 'પેડા' બાંધીને રમવા નીકળ્યા તો આવકમાં બરકત આવી નહિ એટલે ભૂંગળ, પેટી, દોકડને વેશના પહેરવેશના પોટલા ઊંચકીને પાછા ઘેર આવ્યા. ઘેર પડી રહેવાના ખોરડાં હતા. તે ભાંગવાનું કામ ભૂકંપે પૂરું કર્યું.

ગ્રામપ્રજાને મનોરંજન કરાવીને આનંદથી જીવતી રાખનાર ભવાઈ કલાકારોની ઉત્તરાવસ્થાની કઠણાઈની આપણને કોઈને ભાગ્યે જ ખબર હોય છે. ચા, બીડીનાં વ્યસનો, રાતોની રાતોના જીવનભરના ઉજાગરાને કારણે તેઓ અકાળે ઘરડાં થઈ જાય છે, અને એકાદ બે રોગો શરીરમાં દાખલ થઈ જાય છે. ખાવાનો વેંત ના હોય ત્યાં દવાદારૂ કરાવવાની વાત ક્યાં રાખવાની? ઈરાક, ઈરાન, ફ્રાન્સ, અમેરિકા અને ઈંગ્લેન્ડ જઈ સૌરાષ્ટ્રનો 'ઝંડાઝૂલણ' વેશ રજૂ કરી આવેલા ખાખરાળા અને સરવડના શ્રી બાબુભાઈ વ્યાસ, કાશીરામ વ્યાસ, મણિભાઈ વ્યાસ,

ઘોકડવાના દલસુખ રાવળ, કઠપૂતળીના કલાકાર રાણાજી અશક્ત બનતાં ધંધામાંથી નિવૃત્ત થયા. કહેવાય છે કે 'ઘરડો ભવાયો ઝાંઝ વગાડે.' ઉંમરે એમને ઝાંઝ વગાડવાની સ્થિતિમાંયે નથી રહેવા દીધા. જાપાન જઈ આવેલા રાવણહથ્થા અને લોકચિત્રણના કલાકારો શ્રી ગણેશ અને તેજીબહેન કડિયાકામમાં મજૂરી કરવા જાય છે. આ બધા કલાકારો આજે દયાજનક સ્થિતિમાં જીવી રહ્યાં છે. એમને જીવનભર પગાર, પી.એફ., ગ્રેજ્યુઈટી કે પેન્શન કશું જ મળવાનું હોતું નથી. આથી એમની નવી પેઢીના છોકરાઓ થોડુંઘણું ભણીને આડાઅવળા કામધંધે લાગી જાય છે. આવી પરિસ્થિતિને કારણે સૌરાષ્ટ્રના ૪૦ ભવાઈમંડળોમાંથી ૩૮ મંડળો ભાંગી ગયા.

વર્ષો પહેલાં ગામમાં મલ્લ, કાંગસિયા અને તાંબાના ત્રાસકમાં પાણી તથા તેલ નાખી ભડકા કરીને રાતે રમનારા ભડકિયા અને રાણીજાયા નટ આવતા ને ગામના ચોકમાં રમત નાખતા. એ વખતે મોટો ગધેડો લાવી એની આંખે પાટા અને ચાર પગે ફાળિયું બાંધી આખો જીવતો ગધેડો પીઠ ઉપર બાંધી એના ઉપર નાનું છોકરું બેસાડી, હાથમાં વાંસ લઈ નટ સડસડાટ કરતો દોરડા ઉપર ચડી જતો ને જાતજાતના ને ભાતભાતના જીવસટોસટના ખેલ બતાવતો. કોઈ નટ મૂછે દોડતા વડે ગાઢું બાંધીને ગામ સોંસરવું કાઢતો. કોઈ દાંતની માથે આખું હળ ઊભું કરતો. કોઈ નટ હનુમાનજીનું આહ્‌વાન કરી દોરડા જોડે બાંધેલો પાંચદસ મણનો પથ્થર દાંત વડે તોળીને માથા ઉપરથી પીઠ તરફ પાછળ ફેંકી દેતો.

આજે લોકજીવનમાંથી નટ અને નટના ખેલ સાવ જ ભુલાઈ ગયા છે. ખેલ કરનારા ઉસ્તાદ નટોય રહ્યા નથી. જોખમી ધંધા બંધ કરીને ઢોલ શરણાઈ વગાડવાના ને ખેતીકામમાં દાડી-દખાડી કરવાના કામે લાગી ગયા છે. પરિણામે ગુજરાત જેવા સમૃદ્ધ ગણાતા રાજ્યમાં નટ-બજાણિયાની ૨-૩ મંડળીઓ રહેવા પામી છે. અવશેષરૂપે રહેલી મંડળીઓના કલાકારો પાસે સારી વેશભૂષા કે વાદ્યો ન હોવાથી તેઓ બાપદાદાવારીનાં લઘરવઘર ફાટેલાં કપડાં પહેરીને કાર્યક્રમો કરે છે, જેમાં આજની પેઢીને રસ નથી. પરિણામે નટ-બજાણિયા કલાકારો આર્થિક બેહાલીમાં જીવન જીવી રહ્યા છે.

આવી જ કરુણ કથની દેશવિદેશમાં ગુજરાત, સૌરાષ્ટ્રના રાસ ગરબાની રમઝટ બોલાવનાર જામખંભાળીયાની સતવારા બહેનોની, નળકાંઠામાં આવેલા રાણાગઢના પઢાર રાસમંડળીના કલાકારોની અને ડાંગ જિલ્લાની આદિવાસી મંડળીઓના કલાકારોની છે. લોકકલા જગતમાં ડેકો વગાડનાર આ બધી મંડળીઓના કલાકારો ખેતમજૂરી કરે છે.

રોટલો રળવા માટે એકગામથી બીજે ગામ ભટકતાં વાદી, મદારી, કઠપૂતળીના કલાકારો અને રાવણહથ્થાવાળા તૂરી બારોટોનીય આ હાલત છે. પર્યાવરણ અને જંગલખાતાના કાયદાને કારણે તેઓ સાપ, સસલાં, અજગર, માંકડાં, નોળિયાં, રીંછ, ઘુવડ, શેળા, શાહુડી વગેરે પ્રાણીઓને પકડી શકતા નથી. પકડે તો ગુનો બને છે, આથી મદારીઓ પોતાના બાપદાદાવારીથી ચાલતો આવતો મનોરંજનનો કસબ મૂકીને હાથચાલાકીના નાના-મોટા ખેલ કરી ખાય છે. મદારીના છોકરાં હવે આવા ખેલ શીખીને ભૂખે મરવા કરતાં હોટલો, ચાની રેંકડીઓ વગેરે જગ્યાએ મજૂરી કરવા માંડ્યા છે.

આવી જ માઠી દશા કઠપૂતળીના ખેલ કરનારા કલાકારોની પણ છે. બત્રીસ પૂતળીના ખેલમાં બરકત આવતી ન હોવાથી તેઓ હવે કપડાના હાથી, ઘોડા, પોપટ, ઘૂઘરા, કઠપૂતળીઓ, પોપટસરો અને કાષ્ઠ કોતરણીવાળી મૂર્તિઓ બનાવીને ઠેર ઠેર વેચવા માટે ફરતા નજરે પડે છે. અગાઉ એમને હસ્તકલા કોર્પોરેશન જેવી સંસ્થાઓ અને વેપારીઓ તરફથી નાના મોટા ઓર્ડર મળતાં. મંદીના માહોલમાં એમનાય ધંધા ઠંડાગાર છે. લોકકલાના વારસદારો પૈકી સલાટી શૈલીના છેલ્લા સમર્થ ચિતારા સાલેમહંમદ અને 'સુરંદા' વાદ્ય પર કચ્છી રાગરાગિણીઓ છેડીને દેશપરદેશના સંગીતપ્રેમી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દેનાર સાદીકભાઈ જત કેન્સરના રોગથી રિબાઈને સારવારના અભાવે તથા શરણાઈ અને નોબતની જુગલબંધી જમાવી દેશવિદેશમાં ગુજરાતના લોકવાદ્યોની યશપતાકા લહેરાવનાર નાદબ્રહ્મના સર્જક

નાગરચી સુલેમાન જુમા ઉંમરને કારણે જન્નતનશીન થયા. જૂની પેઢીના કલાકારોનો એક આખો યુગ આથમી ગયો. એમના પેંગડામાં પગ નાખીને ઊભા રહે એવા સમર્થ કલાકારો તૈયાર ન થયા.

ગામડાના મેધાવી લોકકલાકારોને નગરજીવનનાં મોટલો, રોટલો અને ઊજળો આવકાર મળે, એમને અહીં માનપાન ને પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય, એમની કલા લોકપ્રિય બને, સમૂહ માધ્યમો સુધી આ કલાકારો પહોંચે અને સમાજમાં આત્મવિશ્વાસથી ગૌરવપૂર્ણ રીતે જીવતા થાય તેવા શુભાશયથી સને ૧૯૭૯માં 'ગુજરાત લોકકલા ફાઉન્ડેશન' નામનું ટ્રસ્ટ પ્રસ્થાપિત થયું. આ કામ શ્રી જોરાવરસિંહ જાદવે કર્યું. ધીમે ધીમે ગુજરાતની લોકકલા અને લોકસંસ્કૃતિને જિવાડનારની વાતને સાંભળનારો, સમજનારો અને લોકકલાકારો અને લોકકલાઓમાં રસ ધરાવનારો એક આગવો કલાપ્રેમી વર્ગ ઊભો થયો. ગરીબ કલાકારોનાં આંસુ લૂછવાના યત્કિંચિત પ્રયત્નોના પરિણામો ધીરે ધીરે પ્રાપ્ત થવા લાગ્યાં.

ગુજરાતના ગામડામાં વસતા કલાકારોનું સર્વેક્ષણ થયું. એમાંથી રત્નાજી મારવાડી, બાબુ નવરંગ, સમજુનાથ મદારી, ડાહ્યાલાલ ભાટ, મુસાભાઈ જત, ધનબાઈ કારા, રાજશ્રી દેવી પરમાર, રાજુલબહેન આચાર્ય, બાબુભાઈ વ્યાસ, બાલુભાઈ રાઠોડ, રાણાભાઈ સીડા, મીઠાભાઈ પરસાણા, કાનજી ભુટા બારોટ જેવા કલારત્નો તથા ડાહ્યાભાઈ નકુમ અને મહેનદ્ર અણદાણીની મંડળીઓ, દેડિયાપાડા, ડાંગ, આહવા, ગાઢવી, અલમાવાડીની આદિવાસી મંડળીઓ, પઢાર અને સીદી ધમાલ નૃત્યની મંડળીઓ, રાજસ્થાનમાંથી ગુલાબો, ક્રિષ્ના ગેહલોત, ડો. રૂપસિંગ શેખાવત, કુ. તેજસ્વિતા ચૌબીસા, લક્ષ્મણદાસ, ગણેશદાસ જેવા કલાકારો અને કલાજૂથો જોડાતાં ગયાં. ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, રાજસ્થાન અને મધ્યપ્રદેશના ૨૦૦૦ જેટલા કલાકારો અને કલાજૂથો જોડાતાં ગયાં. આજે ગુજરાત લોકકલા ફાઉન્ડેશન સાથે ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, રાજસ્થાન અને મધ્યપ્રદેશના ૨૦૦૦ જેટલા લોકકલાકારો જોડાયેલા છે. એ દેશપરદેશમાં કાર્યક્રમો કરે છે.

ધ્રાંગધ્રાના કલાકાર સમજુનાથ મદારીને ત્રિવેન્દ્રમમાં યોજાયેલ વિશ્વભરના જાદુગરોની પરિષદમાં મોકલ્યા. એમાં મૂછે લીંબુ લટાકાવીને ફરતા ૫૦૦ જાદુગરોને આશ્ચર્યચકિત કરી સમજુનાથ 'વિસ્મયમ ૨૦૦૦'નું પ્રથમ પારિતોષિક પ્રાપ્ત કરી આવ્યા.

ગુજરાત લોકકલા ફાઉન્ડેશન ૧ લાખ રૂપિયાના નવ એવોર્ડ ગુજરાત અને ગુજરાત બહારના કલાકારોને પ્રતિવર્ષ દબદબાપૂર્ણ સમારંભમાં એનાયત કરે છે. કલાકારોને સતત કાર્યક્રમો મળતા રહે, કાર્યક્રમો રજૂ કરવાની એમની તાલીમ, સારી વેશભૂષા અને વાજિંત્રો મળતા રહે, એ માટે પ્રયત્નો કરે છે. સંસ્થાનું પોતાનું લોકકલા સંશોધન કેન્દ્ર છે, જેમાં લોકસંસ્કૃતિ, લોકકલાઓ અને લોકકલાકારો અંગે સંશોધન ચાલતું રહે છે. ફાઉન્ડેશનની ઓડિયો-વિડિયો કેસેટ લાઇબ્રેરી અને લોકકલાકારોની તસવીર લાઇબ્રેરી છે. સંસ્થા પ્રતિવર્ષ લોકચિત્રકારોનાં ચિત્રો પસંદ કરી દીપોત્સવી કાર્ડ્સ પ્રગટ કરે છે, જે પરદેશમાં ખૂબ જ લોકપ્રિય બન્યાં છે.

સંસ્કાર, સંસ્કૃતિ અને લોકકલાની ધરતી ગણાતા ગુજરાતના લોકજીવનમાંથી આજે પરંપરિત લોકકલાઓ ઝડપથી લુપ્ત થવા માંડી છે. સરકારી અને સ્વૈચ્છિક પ્રયાસો છતાં લોકસાહિત્ય અને લોકવિદ્યા વ્યાપક અને સામાજિક સંદર્ભ બદલાતાં ટકી શક્યાં નથી, સંસ્કૃતિ વીલાતી નથી, બદલાય છે. લોકસાહિત્ય અને લોકવિદ્યા પણ બદલાયા છે તેનું સ્વરૂપ બદલાયું છે. ગામડાના ચોક કે ચોરાના પરિવેશમાં ભજવાવાને બદલે ટીવી અને શહેરના રંગમંચ પર ભજવાય છે. સ્વરૂપ ટકાવી રખાયું છે, પરંતુ સંદર્ભો બદલાતાં અર્થો બદલાઈ ગયા છે, તેનામાં કૃતજ્ઞતા આવી ગઈ છે. હવે ગુજરાત એ લોકસમાજ નથી, ઔદ્યોગિક સમાજ છે. સ્વાભાવિક રીતે જ સાહિત્ય અને વિદ્યામાંથી 'લોક' નીકળી જઈ 'વ્યાવસાયિકતા' આવે. પરંતુ રંજ છે જૂના કલાકાર જૂથોની વેદનાનો, તેમનું પુનરાવર્તન ન થયાનો, તેમની પડતી દશાનો. ઉમાશંકર જોશીએ કહ્યું હતું તેમ મિલના સાંચા આવતાં હાથસાળનો કારીગર બેકાર થયો, તેણે પોતાના હાથ કાપી નાખ્યા. કવિનું હૃદય વલોવાયું અને તેમણે ગાયું, 'ખરી પડ્યાં સર્જકશ્રેષ્ઠ આંગળાં.'

## સંદર્ભ સૂચિ


૧. આચાર્ય, શાંતિભાઈ (ડૉ.) (સં.) : લોકસાહિત્યમાં કથનશૈલી, ગાંધીનગર, ગુજરાતી સાહિત્ય અકાદમી, ૧૯૯૩
૨. જાદવ, જોરાવરસિંહ : ગુજરાતની લોકસંસ્કૃતિ, ગાંધીનગર, માહિતી ખાતું, ગુજરાત સરકાર, ૧૯૭૬.
૩. જોષી, વિદ્યુત (ડૉ.) : સાહિત્ય અને સમાજ, અમદાવાદ, પાર્શ્વ પ્રકાશન, ૨૦૦૪.
૪. જોષી, વિદ્યુત (ડૉ.) : પારિભાષિક કોષ-સમાજશાસ્ત્ર, અમદાવાદ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ૧૯૯૭.
૫. દેવી, ગણેશ : આદિવાસી જાણે છે, વડોદરા, ભાષા પબ્લિકેશન (પ્રકાશન વર્ષ નથી.)
૬. પટેલ મંછારામ નારણદાસ : ધોડિયા જાતિ, બોલી, સાહિત્ય અને સંસ્કૃતિ, વ્યારા, આદિજાતિ તથા ગ્રામીણ વિકાસ સંશોધન ભવન (પ્રકાશન વર્ષ નથી.)
૭. યાજ્ઞિક, હસુ, ડૉ. (સં.) : ગુજરાતી લોકસાહિત્યની જીવનચક્ર અંતર્ગત રચનાઓ, (ભાગ-૧), ગાંધીનગર, ગુજરાત સાહિત્ય અકાદમી, ૧૯૯૬.
૮. શર્મા, ગોવર્ધન અને મહેતા, ભાવના : કચ્છી લોકસાહિત્ય-એક અધ્યયન, ગાંધીનગર, જ્ઞાનલોક, ૧૯૯૧.
૯. સોલંકી, સિદ્ધરાજ, સુ.ડો. (સં.) : ધોડિયા જાતિમાં ગવાતાં લગ્નગીતો, અમદાવાદ, ગૂજરાત વિદ્યાપીઠ, ૧૯૮૭.
૧૦. Encyclopaedia of Britanica.
૧૧. Bhagvat, Durga : An Outline of Indian Folklore, 1982.
૧૨. Hemition, Peter : Knowledge and Social Struct, London Rontledse & Kagan Paul, 1974.


### એ લોકો

એ લોકો પહેલાં કાપડના તાકા ભરી રાખે છે
પછી જ્યારે ઉઘાડો માણસ ફાટી જાય છે ત્યારે
વાર વાર વેચે છે.
એ લોકો પહેલાં ધાન્યના કોથળા ભરી સીવી રાખે છે
પછી જ્યારે માણસ સડી જાય ત્યારે
કિલો કિલો વેચે છે.
એ લોકો પહેલાં ઔષધની શીશીઓ
સંઘરી રાખે છે
અને માણસ જ્યારે ફૂટી જાય છે ત્યારે
થોડી થોડી રેડે છે.
તે તે લોકો છે જ નહિ,
એ તો છે નોટોને ખાઈ ઊછરતી ઊધઈ
બીજું એને ભાવતું નથી.
મારે કવિ થવું જ નથી,
ભારે અસર કરનારી જંતુનાશક દવા થાઉં તો બસ !

**- પ્રિયકાન્ત મણિયાર**

# ગુજરાતમાં જ્ઞાતિ : ઇતિહાસ અને વર્તમાન

ગૌરાંગ જાની

**પ્રાસ્તાવિકઃ**

ગુજરાતમાં અને દેશમાં અનેક કૉલેજ અને યુનિવર્સિટીઓના વર્ગખંડોમાં આજે પણ ભણાવાય છે કે હિંદુઓના ચાર વર્ણો બ્રહ્માના વિવિધ અંગોમાંથી ઉદ્‌ભવ્યા હતા. આ મુદ્દો ભણાવતા ના તો અધ્યાપક કે ના તો પાઠ્યપુસ્તકોના લેખકો વિચાર કરે છે કે આવું કેવી રીતે હોય? સદીઓ પુરાણી સામાજિક સંસ્થા (જ્ઞાતિ)ના ઉદ્‌ભવમાં દૈવી શક્તિનું પરિબળ સામાજશાસ્ત્ર ભણાવે એ આજે આશ્ચર્ય પમાડે એવું છે. પરંતુ આપણા જ ગુજરાતમાં આજથી દોઢસો વર્ષ પૂર્વે દલપતરામે જ્ઞાતિના ઉદ્‌ભવમાં બ્રહ્માની ભૂમિકાનો છેદ ઉડાવી દીધો. ગુજરાતી ભાષામાં જ્ઞાતિ અંગેની ચર્ચા વિચારણા દલપતરામના 'જ્ઞાતિ નિબંધ'થી શરૂ થઈ એમ કહી શકાય.

વર્ષ ૧૮૬૩માં ગુજરાત વિદ્યાસભા દ્વારા આયોજિત નિબંધ સ્પર્ધામાં દલપતરામને 'જ્ઞાતિ નિબંધ' માટે દોઢસો રૂપિયાનું ઈનામ મળ્યું હતું. રસપ્રદ એ છે કે આ નિબંધ પ્રકાશિત થયો ત્યારે એ સમયની માંગ પ્રમાણે લેખકના નામ સાથે તેમની જ્ઞાતિ અને ગામ જેમ કે 'શ્રીમાળી બ્રાહ્મણ ગામ વઢવાણ' એમ મુખપૃષ્ઠ પર છાપવામાં આવ્યું હતું. ગુજરાતના વૈચારિક-સાહિત્યિક ઈતિાસમાં ૧૮૬૩ પછી કોઈ સ્થાપિત સાહિત્ય કે શિક્ષણની સંસ્થાએ 'જ્ઞાતિ' અંગે નિબંધ સ્પર્ધાનું આયોજન કર્યું હોય એવાં ઉદાહરણો ભાગ્યે જ મળશે. એ પણ નોંધવું રહ્યું કે ગુજરાતમાં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમમાં 'જ્ઞાતિ નિબંધ'ને ક્યાંય સ્થાન આપવામાં આવ્યું નથી.

**ગુજરાતમાં જ્ઞાતિ ઓગણીસમી સદીઃ**

ઓગણીસમી સદીના ગુજરાતમાં જ્ઞાતિ અંગે રજૂઆત કરવી હોય તો દલપતરામથી શરૂઆત કરીએ. 'જ્ઞાતિ'ની ઉત્પત્તિ અંગે દોઢ સદી પૂર્વે દલપતરામ શું લખી ગયા તે સમજવા જેવું છે. તેમના જ શબ્દોમાં, 'કોઈ ઠેકાણે વેદમાં લખ્યું છે કે પરમેશ્વરે પોતાના મુખમાંથી બ્રાહ્મણોને ઉપજાવ્યા, બાહુમાંથી ક્ષત્રિયોને, પેટમાંથી વૈશ્ય અને પગમાંથી શુદ્રને ઉપજાવ્યાં છે. તે લખવાનો મતલબ એમ સમજવો કે એ તો કવિએ કલ્પના કરીને આ જગતને પરમેશ્વરનાં સ્વરૂપમાંથી થયું છે વાસ્તે એ તો કલ્પના છે. વળી બીજી ધારણા એવી પહોંચે છે કે જો પરમેશ્વર એ ચાર જ જાતિ પેદા હોય તો હિંદુસ્તાન સિવાય બીજા દેશોમાં જે લોકો વસે છે તે શું પરમેશ્વરનાં વસાયેલા નથી. તે જો કર્મ ઉપરથી જ પર્ણ માનીએ તો એ દોષ ઊડી જાય છે. એક તરફ દલપતરામે જ્ઞાતિની સમજ વધારવામાં જ્ઞાતિને ધર્મથી દૂર રાખવાનું સૂચવ્યું તો બીજી તરફ કવિ નર્મદે નોંધ્યું હતું. 'આ વીસ વર્ષમાં (૧૮૪૮-૧૮૬૭) જેઓએ શિક્ષણ પૂરું છે કે પૂરું કરી શકે તેમ છે તે બતાવે છે કે જ્ઞાનની દેવી (સરસ્વતી) માત્ર બ્રાહ્મણો ઉપર જ નહિ પરંતુ બધી ન્યાતોના લોકો પર વરસી છે. આવી જ પરિસ્થિતિથી પ્રેરાઈને સરકારે પરિપત્ર કાઢ્યો હતો કે સરકાર સંચાલિત શાળાઓમાં પ્રવેશ મેળવવા માટે અસ્પૃશ્ય ન્યાતોના બાળકોને બ્રાહ્મણ- વાણિયાઓનાં છોકરાઓ જેટલો જ હક્ક છે, અને જો શિક્ષકો તેઓને પ્રવેશની ના પાડશે તો ગંભીર શિક્ષા થશે.'

ઓગણીસમી સદીના ગુજરાત સંદર્ભે ડૉ. નીરા દેસાઈના અભ્યાસમાં જ્ઞાતિ અંગેની અનેકવિધ માહિતી ટાંકીને જ્ઞાતિનું ચિત્ર સ્પષ્ટ કરવાનો પ્રયત્ન થયો છે. તેઓના અભ્યાસમાં ઓગણીસમી સદીના સમાજ સુધારકોના પ્રયત્નો દર્શાવીને જ્ઞાતિના સ્વરૂપને સમજાવાયું છે. જ્ઞાતિ અને શિક્ષણને સ્પષ્ટ કરતાં તેઓ નર્મદને ટાંકે છે. નર્મદ કહે છે કે, 'અગાઉ વાણિયાઓમાં શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું હતું. પણ ૧૮૬૮-૬૯માં વાણિયાઓ બ્રાહ્મણોથી આગળ વધી ગયા.'

ઓગણીસમી સદીમાં જ્ઞાતિ, ઉદ્યોગ અને સમાજ-સુધારા વચ્ચેના સમીકરણો ઉપલી જ્ઞાતિઓના પ્રભાવને સુપેરે વ્યક્ત કરે છે. બાદશાહ કૃત 'રણછોડલાલ છોટાલાલનું જીવનચરિત્ર'માં આ મુદ્દો ઉપસાવવામાં આવ્યો છે. જીવનચરિત્રમાં લખાયું છે, 'વાણિયાઓની વધતી જતી તાકાત એક રસપ્રદ પરિસ્થિતિમાં દેખાઈ

આવી હતી. જ્યારે મહીપતરામ અને ગોપાળરાય દેશમુખ ગુજરાતના પ્રથમ ઉદ્યોગપતિ રણછોડલાલ છોટાલાલ પાસે વિધવા પુનર્લગ્નના સમારંભ માટે કંઈક ફાળો ઉઘરાવવા ગયા ત્યારે રણછોડલાલ કે જેઓ ન્યાતે સાઠોદરા નાગર બ્રાહ્મણ હતા, તેમણે કહ્યું કે "વિધવા વિવાહની ઝુંબેશ માટે પોતાને પૂરી સહાનુભૂતિ હોવા છતાં આ કિસ્સામાં તેઓ મદદ કરી શકે તેવી સ્થિતિમાં નથી કારણ કે તેમનો મિલ ઉદ્યોગ વાણિયાઓ સાથે ગાઢ રીતે સંકળાયેલો છે અને વાણિયાઓ વિધવા વિવાહની વિરુદ્ધમાં છે અને તેઓ વાણિયાઓના વેપારી જૂથને નાખુશ કરી શકે નહિ."

ઓગણીસમી સદીના ગુજરાતને નજીકથી તપાસનારા દલપતરામના 'જ્ઞાતિબંધ'માંથી કેટલીક મહત્ત્વની બાબતો તારવી શકાય છે. તે નીચે મુજબ છેઃ

૧. હિંદુસ્તાનના બ્રાહ્મણો અન્યને વિદ્યા ભણાવતા ન હતા. (વેપારીઓને ફક્ત નામું લખવા જેટલું જ ભણાવતા હતા.)

૨. વિદ્યા ના મળવાને કારણે શૂદ્ર મોટી પદવી પામ્યા નહિ તેમ જ તેમનામાં ઉન્નતિ શક્ય બની નહિ.

૩. શૂદ્ર લોકોની પરિસ્થિતિ માટે બ્રાહ્મણો અને રાજાઓ પણ જવાબદાર હતા.

૪. ગુજરાતના મૂળ વતનીઓ ભૂલ તેમ જ કોળી હતા. બ્રાહ્મણો વગેરે બહારથી આવ્યા.

૫. દલિતોમાં પણ આભડછેટ હતી.

દલપતરામે તેમના નિબંધમાં અધિકારી બારડોલે તૈયાર કરેલી જ્ઞાતિઓની યાદી આપી હતી. આ યાદી પ્રમાણે એ સમયે સુરત શહેરમાં જ્ઞાતિ અને પેટા જ્ઞાતિઓની કુલ સંખ્યા ૨૦૭ હતી.

**વીસમી સદીના ગુજરાતમાં જ્ઞાતિઃ**

૧૮૯૧ અને ત્યારબાદથી વર્ષ ૧૯૩૧ સુધીની વસતી ગણતરીમાં ગુજરાતમાં અથવા એ સમયના મુંબઈ રાજ્યમાં ભિન્ન ભિન્ન જ્ઞાતિઓની સંખ્યા જાણી શકાતી હતી. સંસ્થાકીય માહિતી ઉપરાંત વીસમી સદીના પ્રારંભથી સ્વાતંત્ર્ય સુધી અને સ્વાતંત્ર્ય બાદ આજદિન સુધી ગુજરાતમાં જ્ઞાતિને આંકડાકીય તેમજ સ્વરૂપની દૃષ્ટિએ સમજવાના એકથી વધુ સ્રોત ઉપલબ્ધ છે. જીવનચરિત્રો, આત્મકથાઓ, સેન્સસ અહેવાલો, સમાજશાસ્ત્રીય અભ્યાસો, જ્ઞાતિઓના પોતાના સામાયિકો, જ્ઞાતિ ડિરેક્ટરી તેમજ સાહિત્યનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

વીસમી સદીનાં શરૂઆતનાં વર્ષોમાં ગુજરાતમાં જ્ઞાતિ સભાનતા અને જ્ઞાતિ સુધારણા અંગેનું જે વાતાવરણ હતું તેની પશ્ચાદ્‌ભૂમિકામાં ગાંધીજીની સુધારણા પ્રવૃત્તિ તેમ જ બીજી તરફ દલિતોમાં પોતાની આગવી ઓળખ અને સુધારા કરવા તરફનો ઝોક હતો. આ સંદર્ભમાં ગાંધીજીના આગમન પછી જ્ઞાતિ અંગે ગુજરાતનાં બૌદ્ધિકોમાં જે મંથન અને પ્રવૃત્તિઓ શરૂ થયાં તેનો ટૂંકો પરિચય મેળવવાનો પ્રયત્ન કરીએ. ગુજરાતી ભાષામાં લખાયેલી બે ઉત્તમ આત્મકથાઓમાંથી ડૉ. સુમંત મહેતાની આત્મકથા અને ઈન્દુલાલ યાજ્ઞિકની આત્મકથા ભાગ-૧માંની આ સંદર્ભની કેટલીક નોંધ અહીં રજૂ કરી છે. ડૉ. સુમંત મહેતા પોતાની આત્મકથામાં નોંધે છે. 'આ અરસામાં (૧૯૦૯) મશહૂર થઈ ગયેલું મુંબઈના હીરાબાગનું જમણ થયું. તેમાં હિંદુ તથા અંત્યજો પણ હતા. સારા પ્રતિષ્ઠિત માણસો હતા. જમનારાનાં નામો પેપરમાં છપાયાં અને સનાતની સમાજમાં સનસનાટી થઈ. પરિણામ એ આવ્યું કે દરેક ન્યાતે શિસ્તનાં પગલાં લેવા માંડ્યાં. બ્રાહ્મણો અને વાણિયામાંથી કેટલાંક બિચારાઓએ એમ કહ્યું કે અમે ગયા નહોતા. કોઈકે કહ્યું કે અમે ગયા હતા પણ જમ્યા નહોતા. કોઈએ કહ્યું કે અમે જમ્યા હતા પણ પ્રાયશ્ચિત કરીશું. આખા હીરાબાગને ધોળાવી નાંખ્યો. ખળભળાટ બહુ થયો. બોદા રૂપિયાની ફજેતી થઈ, એકંદરે જરા ફટકો પડ્યો.'

ઈન્દુલાલ યાજ્ઞિક આત્મકથામાં ૧૯૦૯-૧૯૧૦માં તેમના યુવાકાળના પ્રત્યાઘાતો આપતાં જણાવે છે, 'વિલ્સન કૉલેજની એક સભામાં જઈને અસ્પર્શ વર્ગ વિશે એક ભાષણ સાંભળતા તે વર્ગની હાલાકી અને ઉન્નતિના સવાલ તરફ મારું ધ્યાન પહેલી જ વાર ખેંચાયું ઢેઢ ભંગી વગેરેને ન અડકાય એવું વિધાન ધાર્મિક

ગણી મેં માનેલું અને પાળેલું તેથી દેશભક્ત ગોખલેના પ્રમુખપણા નીચે મનુ સુબેદારે 'અસ્પર્શ વર્ગની ઉન્નતિ' વિશે જુસ્સેદાર ભાષણ કર્યું, ત્યારે મારા મગજમાં નવો પ્રકાશ પડ્યો.'

વીસમી સદીના પ્રારંભે જ્ઞાતિ અને જ્ઞાતિ મંડળોના મહત્ત્વ વિશે વિચારો અને વાસ્તવિકતામાં ઠીક ઠીક અંતર હતું. વીસમી સદીના પ્રારંભે બે ઘટનાઓ બની. વર્ષ ૧૯૦૫માં કુવરજી મહેતાએ 'પાટીદાર યુવક મંડળ'ની સ્થાપના કરી. બીજી તરફ અમદાવાદમાં વર્ષ ૧૯૧૩ના એપ્રિલ મહિનામાં પ્રેમાભાઈ હોલમાં પ્રાંતિક સંસાર સુધારા પરિષદ મળી. તેના પ્રમુખસ્થાને હતા નરસિંહરાવ ભોળાનાથ દિવેટીયા. આ પરિષદનો અહેવાલ 'બુદ્ધિપ્રકાશ' (એપ્રિલ, ૧૯૧૩)માં પ્રસિદ્ધ થયો હતો. આ અહેવાલ પ્રમાણે નરસિંહરાવે આવેશના શબ્દોમાં બહું ગંભીરતાથી જણાવ્યું 'નાતની સંસ્થા જીર્ણ થઈ ગઈ છે અને હાલના જમાનાને પ્રતિકૂળ છે. લોકનું કલ્યાણ કરવાની નાતની સત્તાનો અંત આવ્યો છે અને એક જૂના મક્કમ પાપી માણસની પેઠે તોફાન અગર નુકસાન કરવાની સત્તા તેનામાં રહી છે, અથવા તેણે પ્રાપ્ત કરી છે.'

જ્ઞાતિ વ્યવસ્થાની ટીકા અને જ્ઞાતિ મંડળોની સ્થાપના એવી બે વિરોધી વાસ્તવિકતા વચ્ચે ગાંધીજીના આગમનથી નોંધપાત્ર પરિવર્તન આવ્યું. સન ૧૯૧૭માં ગોધરામાં જે રાજકીય તેમજ સામાજિક પરિષદો ભરાઈ, નવી દિશા જોવા મળી. શારદાબહેન મહેતાના પ્રમુખપદે ભરાયેલી સામાજિક પરિષદમાં અસ્પૃશ્યતા નિવારણનો ઠરાવ થયો અને વિશેષ તો ભંગીવાસમાં વિશાળ સંયુક્ત સભા થઈ.

એક તરફ ગાંધીજીના નેતૃત્વ હેઠળ ઉપલી જ્ઞાતિઓના બુદ્ધિજીવી વર્ગમાં જ્ઞાતિપ્રથાના દૂષણો અને દલિતોની સમસ્યાઓ દૂર કરવા તરફના સુધારાનો પવન ફૂંકાયો તો બીજી તરફ દલિતોમાં પોતાની આગવી ઓળખ અંગેની સભાનતા અને કર્મઠતા વિકસ્યા. જેની અસર ત્યાર પછીના ગુજરાતના દલિતોના સમાજ જીવન પર વિશેષ પડી. ડૉ. વાય. એ. પરમારે માહ્યાવંશીઓ અંગે કરેલા સંશોધનમાં આ મુદ્દો ઉભરી આવે છે. તેઓના અભ્યાસ પ્રમાણે સુરત અને મુંબઈના 'ઢેડ' સમાજના શિક્ષિત યુવાનોએ એક નવી દિશામાં પગરણ માંડ્યાં. સન ૧૮૪૯માં અમદાવાદમાં જન્મેલા મકનજી કુબેર મકવાણા આ નવી દિશાના પ્રણેતા હતા. મુંબઈમાં વિકસેલા નવા સંપર્કોએ આ પેઈન્ટરના જીવનને બદલી નાંખ્યું. કબીરપંથી પરંપરામાં ઉછરેલા મકનજીએ એ સિદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો કે વણકર સમાજ મૂળે તો 'માયાવત રાજપૂત' હતા અને તેઓની ઓળખ માહ્યાવંશી તરીકે જ થવી જોઈએ. તેઓએ સન ૧૯૦૮માં 'માયાવત રાજપૂત પ્રકાશ' નામનું પુસ્તક પ્રસિદ્ધ કર્યું. તેઓએ પોતાની જ્ઞાતિના વિકાસ માટે ૧૯૦૭-૦૮માં 'પંચ સુધારક સમિતિ'ની રચના કરાવી અને 'માહ્યાવંશી રાજપૂત જ્ઞાતિના કાયદા' તરીકે નવા નિયમો ગ્રંથસ્થ કરાવ્યાં.

**ગુજરાતનું સામાજિક વર્ગીકરણ અને જ્ઞાતિ**

નર્મદથી શરૂ કરી નરેન્દ્ર મોદી સુધીના ગુજરાતી ભદ્ર વર્ગે ગુજરાતની અસ્મિતાને ચર્ચી છે. 'જય જય ગરવી ગુજરાત' ગાઈ નર્મદે અને 'વાયબ્રન્ટ ગુજરાત' પોકારી નરેન્દ્ર મોદીએ ગુજરાતને નવાજ્યું છે. પરંતુ આ ગુજરાત કેવું છે અને કોનું છે તે રાજ્યનું સામાજિક વર્ગીકરણ તપાસીશું તો ગીતો અને સૂત્રોથી આગળ વધવાની દિશા સાંપડશે.

**વર્તમાન ગુજરાતનું સામાજિક વર્ગીકરણ**

(૧) ૨૧ ટકા સવર્ણ હિંદુઓઃ

(અ) બ્રાહ્મણ-૨ ટકા (બ) વાણિયા-૨ ટકા (ક) ક્ષત્રિય-૫ ટકા (ડ) પાટીદાર-૧૨ ટકા

(૨) ૮ ટકા દલિત (અનુસૂચિત જાતિ) હિંદુઓ

(૩) ૧૫ ટકા હિંદુ આદિવાસીઓ (મર્યાદિત પ્રમાણમાં ખ્રિસ્તી ધર્મ પાળનારાઓ સહિત)

(૪) ૪૦ ટકા અન્ય પછાત (બક્ષીપંચમાં સમાવિષ્ટ ૧૪૪ સમૂહો, ૪૦ મુસ્લિમ સમૂહો અને મર્યાદિત ખ્રિસ્તીઓ સહિત)

(૫) ૪ ટકા અન્ય હિંદુઓ

(૬) ૯ ટકા મુસ્લિમ

(૭) ૩ ટકા અન્ય લઘુમતીઓ

કુલ ૧૦૦ ટકા (સંદર્ભ-વસતિ ગણતરી ૨૦૦૧

અને અન્ય સ્રોત)

**સૌરાષ્ટ્રમાં અન્ય પછાત વર્ગોનું વર્ગીકરણ**

સૌરાષ્ટ્રમાં પછાત કોમોની વસતિ મોટા પ્રમાણમાં છે. જૂના સૌરાષ્ટ્ર રાજ્યે જરૂરી અને યોગ્ય તપાસ કરી ૧૦૦ જ્ઞાતિ સમૂહોને પછાત જ્ઞાતિ (કોમ) તરીકે જાહેર કરી હતી. બક્ષીપંચ અને તે પછીના પંચોએ તૈયાર કરેલી ગુજરાતની પછાત જ્ઞાતિઓની યાદીમાં ૧૪૪ સમૂહો છે. તેમાંથી સૌરાષ્ટ્રમાં વસવાટ કરતા સમૂહોને સમજાવવા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અધ્યાપક અને જ્ઞાતિ સંશોધક ડૉ. હરેશ ઝાલાએ એક વર્ગીકરણ તૈયાર કર્યું છે. કુલ પાંચ વિભાગોમાં વિભાજિત વર્ગીકરણ આ પ્રમાણે છેઃ

(૧) કૃષિ વ્યવસ્થાપન સાથે સંકળાયેલા જ્ઞાતિ સમૂહઃ

કાઠી-(કૃષિ, પશુપાલન), આહિર-(કૃષિ, પશુપાલન, વ્યવસાય, નોકરી), કારડિયા રજપૂત-(કૃષિ, વ્યવસાય, નોકરી), મેર-(કૃષિ, પશુપાલન, વ્યવસાય), મહીયા (મૈયા)-(કૃષિ, પશુપાલન), કોળી-(કૃષિ, માછીમારી, છૂટક મજૂરી)

(૨) દરિયા કિનારે વસતા અને મત્સ્ય ઉદ્યોગ સાથે સંકળાયેલ જ્ઞાતિ સમૂહઃ

કોળી, વાઘેર-(હિંદુ, મુસ્લિમ), ખલાસી-(નાવિક), મિયાણા-(નાવિક, મીઠું પકવવું), પઢાર, ખારવા-(મચ્છીમાર, વહાણવટુ)

(૩) મનોરંજન, નાચ-ગાન, ભિક્ષાવૃત્તિ, ધાર્મિક ભવાઈ, નાટક વગેરે સાથે સંકળાયેલા :

તરગાળા-(ધાર્મિક ભવાઈ-નાટક), નટ-બજાણિયા, ભાંડ-(ભિક્ષાવૃત્તિ અને નાચગાન), ચામઠા, માધવીયા-(કથા, જોશ જોવું, ગાવું-પછાત સમૂહમાં), મુંડા-(હિંદુ-મુસ્લિમ) નાચગાન, રસ્તા પર અંગ કસરતના પ્રયોગ, ભિક્ષાવૃત્તિ

(૪) છૂટક મજૂરી, છૂટક વ્યવસાય (પરંપરાગત) કરતા જ્ઞાતિ સમૂહોઃ

સતવારા-(ખેતમજૂરી) પ્લમ્બિંગ કામ, સગર-(ખેતમજૂરી), લુવારિયા-(લુહારનો ધંધો, છરી ચાકુ સજાવવા, વહેંચવા), કાંગશિયા-(દાંતિયા-કાંગશી વગેરે વેચવાનો તથા મલના ખેલ કરવાનો), ઓડ-(માટ ખોદવાની તથા પથ્થ કાઢવાની મજૂરીનો), કુંભાર-(માટીકામ, માટીનાં વાસણો, રમકડાં, નળિયા, ઈંટો બનાવવાનો), ખસિયા-(માછીમારી, ખેતી, ખેતમજૂરી), ગરવી-(ખેતમજૂરી-ખેતી), ખાંટ-(ખેતમજૂરી-છૂટક મજૂરી), ગધઈ-(હિંદુ-મુસ્લિમ) (ગધેડા ઉપર મીઠું લઈ વેચવાનો), માટી એક સ્થળેથી બીજે સ્થળે પહોંચાડવી.

(૫) પરંપરાગત સંસ્કાર વાહક જ્ઞાતિ સમૂહઃ

ચારણ-(પશુપાલન), ખેતી, કાવ્યો રચવાં), જામકમીર મીર-(ભિક્ષાવૃત્તિ, પછાત જ્ઞાતિ સમૂહને શરણાઈ વગાડવી, બોધ જ્ઞાન આપવા), જિલાયા-(સામાજિક કુરિવાજો સામે ભવાઈ-નાટક ભજવવાં), જાગીવાદી-(રાવણ હથ્થા પર ગીત ગાઈ ભિક્ષાવૃત્તિ કરવી), ફકીર-(અલ્લાહની બંદગી, ભિક્ષાવૃત્તિ), બાવા-બાવાજી-(ભિક્ષાવૃત્તિ, રામ મંદિરના પૂજારી), ભાટ-બારોટ-(બારોટપણું, ભિક્ષાવૃત્તિ, કુટુંબની વંશાવળી તૈયાર કરવી), રાવળ-(ગાવું, ડમસ વગાડવું-ધાર્મિક કાર્યોમાં સારા ભજનિકો, કથા કરવી), મુંડા-(હિંદુ-મુસ્લિમ) (ભિક્ષાવૃત્તિ)

**જ્ઞાતિઓનો કોટિક્રમ અને આંતરજ્ઞાતીય લગ્ન**

આંતરજ્ઞાતીય લગ્નોને પ્રોત્સાહિત કરવા બ્રિટિશ શાસનથી વર્તમાન સુધી અનેક કાનૂની અને વહીવટી પગલાં દેશમાં અને ગુજરાતમાં લેવાયા છે. જ્ઞાતિ અને વર્ગવિહીન ભારતનો આદર્શ પણ આપણે અપનાવી ચૂક્યા તેમ છતાં જ્ઞાતિઓનો કોટિક્રમ અનેક પાસાંઓમાં ક્યાં તો યથાવત ક્યાં તો મર્યાદિત ફેરફારો સાથે અસ્તિત્વ ધરાવે છે. કહેવાતી સવર્ણ જ્ઞાતિઓનું પરંપરાગત ઉચ્ચ સામાજિક સ્થાન લોકમાનસમાં લગભગ યથાવત રહેવા છતાં વાસ્તવમાં જમીન માલિકી અને આર્થિક પ્રભાવને પરિણામે પાટીદારો જ્ઞાતિ તરીકે વર્તમાન ગુજરાતમાં વર્ચસ્વી છે એમ કહી શકાય. આઝાદી પહેલા મહદ્ અંશે જમીન સાથે જોડાયેલી અને જ્ઞાતિ કોટિક્રમમાં મધ્યમ સ્થાને રહેલી આ ખેડૂત જ્ઞાતિ આજે સામાજિક-આર્થિક ગતિશીલતાનું એક ઉદાહરણ બની રહ્યું છે. બીજી તરફ પરંપરાગત વર્ણવ્યવસ્થાથી બહાર રહેલા આજના

દલિતોમાં પણ દલિત, વાલ્મિકી જ્ઞાતિના પરંપરાગત સ્થાનમાં મૂળભૂત પરિવર્તનો આવી શક્યા નથી એ નોંધવું જોઈએ. વળી એ પણ સ્પષ્ટતા કરવી રહી કે જ્ઞાતિમાં જન્મકુળ અથવા અર્પિત દરજ્જો મહત્ત્વનો હોવા છતાં પ્રાપ્ત દરજ્જાઓનું પ્રાધાન્ય વધતું રહ્યું છે.

જ્ઞાતિઓના કોટિક્રમમાં આવતા પરિવર્તનને માપવાના અનેક માપદંડોમાંનો એક છે આંતરજ્ઞાતીય લગ્નો. આ દિશામાં હકારાત્મક પરિવર્તનો આવતાં જાય છે પરંતુ તેની ગતિ ધીમી રહી છે. બ્રાહ્મણ, વાણિયા અને પાટીદારો વચ્ચેના લગ્નો ખાસ કરીને શહેરી વિસ્તારોમાં શિક્ષણ અને વ્યવસાયને કારણે વધતાં જાય છે. પરંતુ પ્રતિલોમ લગ્નો અને તેમાં પણ બિનદલિતો અને દલિતો વચ્ચે સરકારી પ્રોત્સાહનના વાતાવરણમાં પણ અત્યંત મર્યાદિત રહ્યા છે. એ જ રીતે દલિતોમાં પણ જ્ઞાતિ-જ્ઞાતિ વચ્ચેનાં લગ્નોનું પ્રમાણ ઉત્સાહજનક નથી. રોટી વ્યવહાર ખરો પણ બેટી વ્યવહાર મર્યાદિત રહેવાને કારણે જ્ઞાતિઓના પરંપરાગત કોટિક્રમને તોડવામાં કે જ્ઞાતિઓ વચ્ચે સમાનતા સ્થાપિત કરવામાં વિશેષ સફળતા મળી નથી. આ સંદર્ભમાં પ્રો. એ. એમ. શાહનું નિરીક્ષણ નોંધવા જેવું છેઃ 'આંતરજ્ઞાતીય લગ્નોની અસરના આપણા મૂલ્યાંકનમાં એ જાણવું કે આવા કહેવાતાં આંતરજ્ઞાતીય લગ્નોમાંથી જન્મેલા સંતાનોનું શું થાય છે? આપણે પૂછવું જોઈએ કે સંતાનોની જ્ઞાતિ કઈ? માતાની કે પિતાની? મોટા ભાગે પિતાની. બંને કિસ્સામાં સંતાનો કઈ રીતે લગ્ન કરે છે તે જોવું જોઈએ. મને વિરુદ્ધ પ્રકારના કિસ્સાઓ જોવા મળ્યા છે. સંતાનો કાં તો માતાની જ્ઞાતિમાં કાં તો પિતાની જ્ઞાતિમાં લગ્ન કરે છે. આવા કિસ્સામાં મૂળ આંતરજ્ઞાતીય લગ્નની અસર વત્તેઓછે અંશે નાબૂદ થઈ જાય છે.'

**જ્ઞાતિ અને રાજકારણ**

સ્વાતંત્ર્ય બાદ ગુજરાતમાં ખાસ કરીને ચૂંટણીલક્ષી સમીકરણોમાં જ્ઞાતિ અને રાજકારણ મહત્ત્વનાં પરિવર્ત્યો સાબિત થયાં છે. રાજ્યના પ્રથમ ચાર મુખ્યમંત્રીઓમાં ત્રણ નાગરો અને એક વાણિયાનો સમાવેશ થાય છે એ હકીકત કોંગ્રેસ પક્ષ પર બ્રાહ્મણોની પકડ અને અન્ય જ્ઞાતિ સમૂહોનું નગણ્ય દબાણનું પરિણામ હતું એમ કહી શકાય. ૧૯૭૩માં સૌ પ્રથમ વાર પાટીદાર મુખ્યમંત્રી તરીકે ચીમનભાઈ આરૂઢ થયા ત્યારથી વર્તમાન સુધી રાજકીય ચઢાવ-ઉતારને સમાંતર મુખ્યમંત્રીઓની જ્ઞાતિ બદલાતી રહી છે. તાજેતરમાં અન્ય પછાત વર્ગોમાં મુસ્લિમોને સાડાચાર ટકા અનામત આપવાના કેન્દ્ર સરકારના નિર્ણય સામેના વિરોધ આંદોલનમાં મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ અન્ય પછાતોની મિટીંગમાં કહ્યું, 'હું તમારામાંનો જ છું.'

અન્ય પછાત વર્ગોમાં સૌથી મોટા સમૂહ તરીકે કોળી સમાજની રાજકીય ભાગીદારી વર્ષોવર્ષ વધતી રહી છે પરંતુ અસરકારક બની શકી નથી. ડૉ. લેન્સિ લોબોએ ઉત્તર ગુજરાતના ઠાકોરોના અભ્યાસમાં કોળી અને રાજકારણના આંતરસંબંધોને સ્પષ્ટ કર્યા છે. વર્ષ ૧૯૫૨માં ગુજરાત વિધાનસભામાં માત્ર ૪ કોળી ધારાસભ્યો હતા. તેમાં વધારો થઈને વર્ષ ૧૯૮૦માં ૪૦ની સંખ્યા થઈ. ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના કોળીઓને સાથે રાખી ક્ષત્રિયોની એકતા વધારવાનો પ્રયાસ ગુજરાતમાં થયો. વર્ષ ૧૯૪૬માં નરેન્દ્રસિંહ મહીડાએ 'રાજપૂત બંધુ' સામાયિક શરૂ કર્યું. તે પાછળથી 'ક્ષત્રિય બંધુ' તરીકે જાણીતું બન્યું. તેની સાથે 'ગુજરાત ક્ષત્રિય કેળવણી મંડળ'ની પ્રવૃત્તિઓ પણ અસરકારક બનતી ગઈ.

શ્રી ઝીણાભાઈ દરજી અને માધવસિંહ સોલંકીના કોંગ્રેસ નેતૃત્વ હેઠળ 'ખામ'ના સમીકરણે ગુજરાતમાં એક તરફ ગરીબોને સંગઠિત કરવાના પ્રયત્નો કર્યા અને બીજી તરફ એંસીના દાયકામાં સત્તા હાંસલ કરવામાં પણ તે કારણે સફળતા મળી. પરંતુ ત્યારબાદ

પછાતોને સંગઠિત કરવામાં સંઘ પરિવારના 'હિંદુત્વ'ના પ્રભાવે ઠીકઠીક પીછેહઠ થઈ. પ્રથમ અને બીજા અનામત વિરોધી આંદોલનોથી ગુજરાતના સવર્ણો સમાજના બહુજન સમાજથી અલગ થયાં અને ગુજરાતના કોમી તોફાનો બાદ આવેલી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને વિજય મળ્યો ત્યારે એક તરફ હિંદુત્વનું વાતાવરણ હતું તો બીજી તરફ જ્ઞાતિનાં સમીકરણો પણ અસરકારક હતા. એ ચૂંટણીમાં ભાજપના ઉમેદવારોની જ્ઞાતિ નીચે પ્રમાણે હતીઃ

ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં ભાજપના ઉમેદવારોની જ્ઞાતિ (વર્ષ-૨૦૦૨)

| ક્રમ | જ્ઞાતિ | બેઠકો | ટકા |
|---|---|---|---|
| ૧ | પટેલ | ૪૬ | ૨૫.૨ |
| ૨ | ક્ષત્રિય | ૧૨ | ૬.૫ |
| ૩ | બક્ષીપંચ | ૫૬ | ૩૦.૭ |
| ૪ | દલિત (૧૩) | ૧૪ | ૭.૬ |
| ૫ | આદિવાસી (૨૬) | ૨૭ | ૧૪.૮ |
| ૬ | બ્રાહ્મણ | ૧૪ | ૭.૬ |
| ૭ | વાણિયા | ૮ | ૪.૪ |
| ૮ | અન્ય | ૫ | ૨.૭ |

સંદર્ભઃ ભાજપ મિડિયા સેલ

**જ્ઞાતિ અને શિક્ષણ**

૨૧મી સદીના પ્રથમ દાયકામાં શિક્ષણના ક્ષેત્રે આવેલા પરિવર્તનને સામાજિક સંદર્ભમાં સમજવાની આવશ્યકતા છે અને તે પણ જ્ઞાતિના પરિપ્રેક્ષ્યમાં. વળી આ પ્રકારના વિશ્લેષણમાં ૨૦મી સદીના પ્રારંભે મહાત્મા ગાંધીજીની વિચારધારા અને રચનાત્મક કાર્યક્રમો યોગ્ય સંદર્ભ પૂરો પાડે છે. ૧૯૧૭માં ગાંધીજી જ્યારે પહેલી ગુજરાત રાજકીય પરિષદના પ્રમુખ તરીકે ગોધરા ગયા ત્યારે તેમણે ત્યાં પણ રાજકીય પરિષદના કામની સાથે સાથે અંત્યજ સેવા માટે એક નાની ભંગી શાળાનું મંડાણ કર્યું. એ શાળામાંથી ત્યાં ગાંધી આશ્રમ ઊભો થયો હતો. તેનું સંચાલન શ્રી બાબાસાહેબ ફડકે વર્ષો સુધી કરતા રહ્યા. ૧૯૨૫માં ગાંધીજી કાઠિયાવાડ રાજકીય પરિષદના પ્રમુખ તરીકે ભાવનગર આવ્યા. તેમના આ સંદર્ભના કચ્છ અને સૌરાષ્ટ્રના પ્રવાસમાં ભુજ, માંડવી અને માંગરોળમાં સનાતનીઓએ સખત વિરોધ કરેલો. વઢવાણની રાષ્ટ્રીય શાળા ઉત્તમ કામગીરી કરી રહી હતી. ૧૮ શિક્ષકો પાસે ૪૦૦ વિદ્યાર્થીઓ તેમાં સ્વરાજની તાલીમ મેળવતા હતા. તે વખતે અંત્યજ વિદ્યાર્થીઓને શાળામાં દાખલ કરવાના પ્રશ્ને સંસ્થા તૂટી પડી. મોટાભાગના શિક્ષકો અને વિદ્યાર્થીઓ શાળા છોડી ગયા. સમય જતાં પરિક્ષિતલાલ મજમુદારના પ્રયત્નોને કારણે એ સંસ્થા હરિજન સેવક સંઘે વિકસાવી. આખા સૌરાષ્ટ્રમાં જુદે જુદે સ્થળે અત્યંજ સેવા મંડળ તરફથી ૬૪ શાળાઓ ચાલતી હતી.

સમાજના છેવાડાના લોકોને શિક્ષણ આપવાના ગાંધીયુગના પ્રયત્નોની પશ્ચાદ્‌ભૂમિકામાં આપણે વર્તમાન પરિસ્થિતિ અને તેમાં દેખાતા પરિવર્તનને સમજવું રહ્યું. દલિત અને આદિવાસી તેમજ અન્ય પછાત વર્ગોમાં આજે વધેલી સાક્ષરતા અને શિક્ષણના વધતા પ્રમાણના મૂળમાં એક તરફ ગાંધીવાદી પ્રયત્નો તેમજ સરકારી કાનૂન વ્યવસ્થાએ પણ નોંધપાત્ર ભૂમિકા ભજવી છે. વળી એ સાથે શિક્ષણ, સંગઠન અને સંઘર્ષની આંબેડકરની વિચારધારાએ પણ વિશેષરૂપે દલિતોમાં સામાજિક ગતિશીલતાનાં બીજ રોપ્યાં. બ્રિટીશ શાસન દરમિયાન થયેલા કાનૂની અમલ પણ નોંધપાત્ર છે. એ સમયે મદ્રાસ સરકારે એક એવો ઠરાવ કરેલો હતો કે ‘જે શાળામાં હરિજન બાળકો ના આવતાં હોય ત્યાં સવર્ણોના વિરોધને લીધે જ નથી આવતાં એમ સમજવું અને તે શાળા બંધ કરવી.’ મદ્રાસ સરકારના આ પગલાની અસર મુંબઈ રાજ્ય પર પડી ૧૯૩૭-૩૮માં મહાસભાવાદી પ્રધાનમંડળ રચાયું અને તેમાં હરિજન આગેવાનો અને કાર્યકર્તાઓએ આ પ્રશ્ન પર સરકારનું ધ્યાન ખેંચતાં અને ૧૯૩૮ના જુલાઈ માસમાં સરકારે પ્રાથમિક શિક્ષણના કાયદાઓના નિયમમાં એક સુધારો કર્યો. ગુજરાતની સ્કૂલ બોર્ડનું વલણ પણ હરિજનોના પ્રશ્નમાં વધારે સહાનુભૂતિભર્યું થયું અને એવો સુધારો થયો કે જે સ્કૂલ બોર્ડની શાળામાં હરિજન બાળકોને પ્રવેશ ના હોય તે શાળાને સંદતર બંધ કરવી. આ જ પ્રશ્ન પર ભરૂચ જિલ્લામાં નોંધણા, ખેડા જિલ્લામાં માતર, અલિન્દ્રા, નાપા, દહેમી, પામોલ અને અમદાવાદ જિલ્લામાં ગોધાવીની શાળા બંધ કરવામાં આવી.

૨૦૦૧ની વસ્તી ગણતરી પ્રમાણે ગુજરાતમાં દલિતો અને આદિવાસીઓમાં સાક્ષરતાનું પ્રમાણ જોતાં આ ક્ષેત્રે આવેલા પરિવર્તનો સમજી શકાય અને ભાવિ અંગે આયોજન થઈ શકે.

**ગુજરાતમાં દલિતો અને આદિવાસીઓમાં સાક્ષરતાઃ**

| | કુલ | | | ગ્રામ્ય | | | શહેરી | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | વ્યક્તિ | પુરુષ | સ્ત્રી | વ્યક્તિ | પુરુષ | સ્ત્રી | વ્યક્તિ | પુરુષ | સ્ત્રી |
| દલિત | ૭૦.૫ | ૮૨.૬ | ૫૭.૬ | ૬૫.૬ | ૭૯.૨ | ૫૧.૨ | ૭૭.૯ | ૮૭.૯ | ૬૭.૩ |
| આદિવાસી | ૪૭.૭ | ૫૯.૨ | ૩૬.૬ | ૪૮.૫ | ૫૮.૧ | ૩૪.૬ | ૬૧.૮ | ૭૧.૧ | ૫૧.૮ |

સંદર્ભ : વસ્તી ગણતરી, ૨૦૦૧

ગુજરાતના સમાજ જીવનમાં દલિતો અને આદિવાસીઓમાં નોંધાયેલું સાક્ષરતાનું પ્રમાણ એક વિધાયક સામાજિક પરિવર્તન લેખી શકાય પરંતુ તેમાં પુરુષો અને સ્ત્રીઓમાં તેમજ શહેરી અને ગ્રામીણ સંદર્ભમાં ઠીક ઠીક અસમાનતા જોવા મળે છે. આજે પણ ગ્રામીણ વિસ્તારોમાં લગભગ ૫૦ ટકા દલિત સ્ત્રીઓ અને ૬૦ ટકાથી વધુ આદિવાસી સ્ત્રીઓ અભણ છે. દલિત અને આદિવાસી વિદ્યાર્થીઓમાં શાળા કક્ષાએ અધવચ્ચે ભણવાનું છોડી દેવાનું પ્રમાણ આ પરિસ્થિતિ માટે જવાબદાર છે. વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરીના વિગતવાર આંકડા પ્રકાશિત થશે ત્યારે દલિતો અને આદિવાસીઓમાં અક્ષરજ્ઞાનમાં થયેલા વધારાનો સ્પષ્ટ ખ્યાલ આવશે.

**અનામત વ્યવસ્થા અને આંતરપેઢી ગતિશીલતાઃ**

સ્વતંત્રતાની ભારતીય ચળવળમાં આબેડકરે દલિતો માટે અલગ મતદાર વિસ્તારો અર્થાત રાજકીય અનામતની માંગણી કરી અને તેને પગલે પ્રજાસત્તાક ભારતના બંધારણમાં દલિતો, આદિવાસીઓ અને અન્ય પછાત વર્ગો માટે શિક્ષણ અને નોકરીમાં અનામત બેઠકો ફાળવવામાં આવી. ગુજરાતની વસતીમાં લગભગ ૬૩ ટકા પ્રમાણ ધરાવતા આ ત્રણે સમૂહો માટે અનામત વ્યવસ્થા ઊર્ધ્વગામી સામાજિક-આર્થિક ગતિશીલતા માટેનું મહત્ત્વનું પરિબળ બની રહ્યું. ખાસ કરીને ઉચ્ચ શિક્ષણક્ષેત્રે પ્રવેશ અને તેમાં પણ વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં અનામત બેઠકોને કારણે આ સમૂહોની છેલ્લી બે પેઢી લાભાન્વિત થઈ. તેને સમાંતર નોકરીઓમાં પણ તેઓનું પ્રતિનિધિત્વ વધ્યું. જો કે,અહીં નોંધવું રહ્યું કે જ્ઞાતિના તેમજ ગ્રામ-શહેર તફાવતોને કારણે આ સમૂહોમાં અનામત વ્યવસ્થાની આ પ્રક્રિયાને કારણે ગુજરાતમાં પછાત સમૂહોમાં એક શિક્ષિત મધ્યમ વર્ગ ઊભો થયો અને તે નવી પેઢી માટેનો સંદર્ભ પણ બન્યો. અહીં એ પણ નોંધવું રહ્યું કે સમગ્ર દેશમાં અનામત વિરોધનું સૌથી વધુ આક્રમક રૂપ ગુજરાતના સવર્ણોએ વર્ષ ૧૯૮૧ અને ૧૯૮૫ના અનામત વિરોધી આંદોલન દરમિયાન પ્રદર્શિત કર્યું. આ વિરોધને કારણે ગુજરાતના સામાજિક જીવનમાં જ્ઞાતિઓ વચ્ચેનો આંતર-વિરોધ બહાર આવ્યો તો સાથે સાથે ખાસ કરીને દલિતો અને આદિવાસીઓમાં સામાજિક એકતાનાં મંડણ થયાં. દલિત સાહિત્યના વિકાસને કારણે આજે દલિતોનું સામાજિક-આર્થિક વિશ્લેષણ અને પ્રતિકાર વધુ ધારદાર અને અસરકારક બન્યા છે. વળી રાજ્યના આદિવાસી વિસ્તારોમાં જંગલ, જમીન અને જળ પરના અધિકારો અંગે આદિવાસીઓમાં જાગૃતિ વધી અને પોતાના હક્કો માટેની લડતો એ આધુનિક ગુજરાતનું નોંધપાત્ર લક્ષણ પણ બની રહ્યું છે.

**સવર્ણવાદમાંથી હિંદુત્વવાદ**

ગુજરાતમાં સામાજિક પરિવર્તનના અભ્યાસમાં છેલ્લા અઢી દાયકાઓની એક મહત્ત્વપૂર્ણ પ્રક્રિયાને અત્રે રજૂ કરવી અનિવાર્ય લાગે છે. આ પ્રક્રિયા તે સવર્ણવાદમાંથી હિંદુત્વવાદની છે. ૧૯૮૧માં ગુજરાતમાં પ્રથમ અનામત વિરોધી આંદોલન થયું. ત્યારબાદ ૧૯૮૫માં બક્ષીપંચમાં સમાવિષ્ટ જ્ઞાતિઓના અનામત અધિકાર પર હિંદુ સવર્ણોએ વિરોધ પ્રદર્શિત કર્યો. આજે ખાનગી શિક્ષણ સંસ્થાઓમાં અનામત વ્યવસ્થાનો સ્વીકાર થઈ ચૂક્યો છે. પરંતુ ગુજરાતમાં સવર્ણોએ ક્યાંય વિરોધના

સૂર વ્યક્ત કર્યો નહિ કે પછાતોએ ઉમળકો દર્શાવ્યો નહિ. વર્તમાન ગુજરાતના બદલાતાં સામાજિક જીવનથી આ પ્રક્રિયામાં વાસ્તવમાં સવર્ણવાદમાંથી રૂપાંતરિત હિંદુત્વવાદના મૂળમાં રહેલી છે એમ કહી શકાય. નવમા દાયકાના મધ્યથી શરૂ થઈ શબરીકુંભ સુધી વિસ્તરેલા હિંદુત્વવાદે ગુજરાતની સમાજશાસ્ત્રીય ચર્ચાઓનું સુકાન બદલી નાંખ્યું. રાજ્યમાં જેટલી ઝડપથી સવર્ણવાદ પ્રસર્યો એથી અનેક ગણો વધુ ઝડપથી હિંદુત્વનો જુવાળ પસર્યો. આ પ્રક્રિયા ગુજરાતને અન્ય રાજ્યોથી જુદું પાડે છે. ૧૯૮૫-૮૬ પછી જે શ્રેણીબદ્ધ કોમી હુલ્લડો ગુજરાતમાં ફાટી નીકળ્યાં અને ગાંધીના ગુજરાતની વ્યાખ્યા બદલાઈ ગઈ. ગુજરાતમાં પ્રસરેલા હિંદુત્વવાદના મૂળમાં અનેક સામાજિક-આર્થિક તેમજ મનોવૈજ્ઞાનિક પરિબળોએ ભાગ ભજવ્યો. પહેલાં અને બીજા અનામત વિરોધી આંદોલનની વચ્ચેનાં વર્ષોમાં 'હિંદુ એકાત્મતા યાત્રા' દ્વારા સંઘ પરિવારે સમગ્ર હિંદુ સમાજને કે જેમાં દલિતો, આદિવાસીઓ અને પછાત ગણાતા સમુદાયોને એકસૂત્રમાં જોડવાની મથામણ શરૂ કરી. 'ગંગાજળ', 'રામ કે નામ પર', 'રામજાનકી શોભાયાત્રા', 'રામશીલા પૂજન' જેવા પ્રતીકોનો ઉપયોગ કરી સમરસતાનો ખ્યાલ ઊભો કરવામાં આવ્યો. ધર્મ, સંસ્કૃતિ અને રાજકારણને સાંકળી ગુજરાતના સમાજમાં હિંદુ રાષ્ટ્રીયતાનો પ્રચાર કરી સત્તાસ્થાન પ્રાપ્ત કરવાનો પ્રયાસ થયો.

•

### સંદર્ભ


૧. ત્રવાડી, દલપતરામ : જ્ઞાતિનિબંધ, ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ, ૧૯૦૮
૨. શ્રીમાળી, દલપત : સેવામૂર્તિ પરીક્ષિતલાલ, નવજીવન પ્રકાશન, અમદાવાદ, ૧૯૯૦
૩. દેસાઈ, નીરા : ગુજરાતમાં ઓગણીસમી સદીમાં સામાજિક પરિવર્તન, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, ૧૯૮૨.
૪. ઝાલા, હરેશકુમાર : સૌરાષ્ટ્રની અવશિષ્ટ જ્ઞાતિઓ, રાજકોટ, ૧૯૯૬
૫. જાની, ગૌરાંગ : ગુજરાતમાં જ્ઞાતિ, શિક્ષણ અને વ્યવસાય (અપ્રગટ પીએચ.ડી. નિબંધ), સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
૬. શાહ, એ. એમ. અને દેસાઈ આઈ.પી. : વિભાજન અને ઊંચનીચ ક્રમ, ગુજરાતમાં જ્ઞાતિપ્રથાનું વિહંગાવલોકન, સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, સુરત
૭. ત્રિવેદી, નવલરામ : સમાજ સુધારાનું રેખાદર્શન, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ, ૧૯૩૪
8. Lobo, Lency : Thakors of North Gujarat, 1985
9. Parmar, Y. A. : The Mahyavanshis, Mittal Publication, Delhi, 1987.

# Infant Mortality Rate- Performance of Gujarat: A Comparative Study

– Dr. Naresh Chauhan

**Introduction:**

India is a country with comparatively higher economic inequalities. With the help of some basic indicators, it is possible to identity states with poor performance vis-a-viz performing states. Gujarat is considered as a one of the leading and progressive states of India. But the progress in economic front is not matching with that of health, particularly in the area of infant care. This paper attempts to identify these major weaknesses in the area of reproduction, where special attention is required. Though Gujarat state has performed better in economic and related areas, some weakness are also prevailing in this regard that needs special attention. Paper tries to focus in this regard in the area of infant mortality. Generally one can argue that batter finance resulted into better performance.But social sciences are not dealing with this one to one relation of causality. Sometimes special factors create some specific situation. In area of reproduction, Gujarat state is also facing the same were health infrastructure and health finance especially reproductive concern could be comparatively better among all the remaining state in India, though Gujarat is performing worse in the area of reproduction especially infant mortality. This paper while dealing with the trend of infant mortality and highlighting the worse performance of Gujarat state, aims at finding out the scope of further study to identify the causes of this worse performance.

**Measurement of Infant Mortality:**

Various measurement tools are developed as an indicator which can measure various forms of infant mortality during the reproduction system in human being. Each defines for its unique importance in reproduction, which is listed below:

(1) Infant mortality rate

$$= \frac{\text{Number ofinfant deaths during the year}}{\text{Number of live briths during the year}} \times 1000$$

Infant mortality shows the probability of dying before the first birthday Infant Mortality Rate comprise of two parts, like neo-natal mortality rate and post-neo natal mortality rate. The neo-natal mortality rate also comprises of two parts like early neo-natal mortality rate and late neo-natal mortality rate as defined followed.

(2)Neonatal mortality rate =

$$\frac{\text{Number of infant deaths of<than 29 days during the year}}{\text{Number of live birth during the year}} \times 1000$$

Neonatal mortality means the probability of dying in the first month of life

(3) Early neonatal mortality rate =

$$\frac{\text{Number of infant deaths of <than 7 days during the year}}{\text{Number of live births during the year}} \times 1000$$

(4) Late neonatal mortality rate =

$$\frac{\text{Number of infant deaths of 7days to <th.an 29days during the year}}{\text{Number of live births during the year}} \times 1000$$

(5)Post-neonatal mortality rate =

$$\frac{\text{Number of infant deaths of 29 days to<th.an viie year during the year}}{\text{Number of live births during the year}} \times 1000$$

Post-neonatal mortality shows the probability of dying after the first month of life but before the first birthday.

(6) Peri - natal mortality rate =

$$\frac{\text{Number of still birth and infant deaths of<than 7 days during the year}}{\text{Number of live births and still births during the year}} \times 1000$$

(7) Still birth rate =

$$\frac{\text{Number of still births during the year}}{\text{Number of live births and still births during the year}} \times 1000$$

**Performance of Gujarat in area of infant mortality:**

Gujarat performed far better in many of developmental indicators; there are so many developmental indicators where Gujarat performing the best, but this success story also has some weaknesses. This paper tries to analyze these weaknesses to give them special treatment with the help of two indicators (A) tsrends in infant mortality rate (B) trends in neonatal mortality rates.

**(A) Trend of Infant Mortality Rates:**

**Table 1 State wise Infant mortality rate-from NFHS-1, 2&3and SRS for the year 2008-09,**

| States/UT | NFHS-1 (1992-93) | NFHS- 2 (1998-99) | NFHS-3 (2005-06) | 2008 | 2009 |
|---|---|---|---|---|---|
| India | 78.5 | 67.6 | 57 | 53 | 50 |
| Andhra Pradesh | 70.4 | 65.8 | 53.5 | 52 | 49 |
| Assam | 88.7 | 69.5 | 66.1 | 64 | 61 |
| Bihar | 89.2 | 73 | 61.7 | 56 | 52 |


| | | | | | |
|---|---|---|---|---|---|
| Delhi | 65.4 | 47.9 | 39.8 | 35 | 33 |
| Gujarat | 73.5 | 62.2 | 49.7 | 50 | 48 |
| Goa | 31.9 | 36.7 | 15.3 | 10 | 11 |
| Orissa | 112.1 | 81 | 64.7 | 69 | 65 |
| Punjab | 53.7 | 57.1 | 41.7 | 41 | 38 |
| Rajasthan | 76.3 | 80.4 | 65.3 | 63 | 59 |
| Tamil Nadu | 67.7 | 48.2 | 30.4 | 31 | 28 |
| West Bengal | 81 | 48.7 | 48 | 35 | 33 |
| Uttar Pradesh | 99.9 | 86.7 | 72.7 | 67 | 63 |
| Arunachal Pradesh | 40 | 63.1 | 60.7 | 32 | 32 |
| Meghalaya | 64.2 | 89 | 44.6 | 58 | 50 |
| Nagaland | 17.2 | 42.1 | 38.3 | 26 | 26 |
| Manipur | 42.4 | 37 | 29.7 | 14 | 16 |
| Mizoram | 14.6 | 37 | 34.1 | 37 | 36 |
| Tripura | 75.8 | 44.2 | 51.5 | 34 | 31 |
| Mary ana | 73.3 | 56.8 | 41.7 | 54 | 51 |
| Himanchal Pradesh | 55.8 | 34.4 | 36.1 | 44 | 45 |
| Jammu Kashmir | 45.4 | 64.4 | 44.7 | 49 | 45 |
| Karnataka | 65.4 | 51.5 | 43.2 | 45 | 41 |
| Kerala | 23.8 | 16.3 | 15.3 | 12 | 12 |
| Madhya Pradesh | 85.2 | 86.1 | 69.5 | 70 | 67 |
| Maharashtra | 50.5 | 43.7 | 37.5 | 33 | 31 |
| Source: NFHS-1, 2, 3 and Data for the year 2008-09 Sample Registration System (SRS) 2009, Registrar General of India (RGI), Ministry of Home Affairs, GOI. | | | | | |

The Sample Registration System (SRS) is a large-scale demographic survey for providing reliable annual estimates of birth rate, death rate and other fertility & morality indicators at the national and sub-national levels. The SRS sample is replaced every ten years based on the latest census frame. Whereas National family Health Survey is The National Family Health Survey (NFHS) is a large-scale, multi-round survey conducted in a representative sample of households throughout India. The NFHS is a collaborative project of the International Institute for Population Sciences (UPS), Mumbai, India; ORC Macro, Calverton, Maryland, USA and the East-West Center, Honolulu, Hawaii, USA. The Ministry of Health and Family Welfare (MOHFW), Government of India, The nature of both the data providing agency is different with different methodology, that why the data set from different agency should not compare with each other.

According to Sample Registration System (SRS), 2009 (released by the Registrar General of India (RGI), Ministry of Home Affairs) Infant Mortality Rate (IMR) has declined from 53 in the year 2008 to 50 in the year 2009. During the same period IMR of Gujarat has dropped only by 2 points from 50 to 48. As compared to Gujarat, the 'BIMARU' States of India like Bihar, Rajasthan, and Uttar Pradesh have reported 4 points decrease in IMR. State of Goa has reported the lowest IMR of 11 infant deaths followed by Kerala with 12 infant deaths per 1000 live births during 2009. Among all Indian states, Gujarat is placed at 25th position so far as lowest IMR is concerned. With IMR touching natural rate, more efforts are required to decrease it further.

Data on infant mortality rates among the progressive states is compared in figure 1 and 2. Figure 1 compares the data for the period 1992-93, 1998-99 and 2005-06. The data for the year 2008 and 2009 are compared in figure 2.

Figure: Infant Mortality **Rate** in progressive states of India during **1NHFS-I, 2 and 3**





Among the progressive sates Kerala performed much better than the others. Gujarat stands highest among all progressive states for all three rounds of NFHS. For last 2 decade Gujarat perform better on the front of industrialization and urbanization with the help of economic reforms. In spite of this faster movement of so called development, it missed these basic needsin health front.

**Trend of Infant mortality rate for the year 2008-09:**

As mentioned above data for infant mortality are from the different sources with different methodology these are not comparable with each other but expected to go closer. With, this expectation data for the year 2008-09 is analyzed in figure-2. As figure shows that the picture for Gujarat is almost the same for the year of 2008 and 2009. Gujarat is on the second highest position for the both the data point of 2008 and 2009 with 50 and 48 Infant mortality rate respectively, Haryana shows the highest number of infant mortality among the progressive states of 54 and 51 respectively. Both the states are almost closer to the national average of 53 and 50 respectively. The Best performance among all the progressive states has shown by the Kerala with lowest 12 Infant mortality rates for both the year 2008 and 09.

Figure : Trend of infant mortality for the year 2008-09 (comparative analysis of India's progressive states)




Since data for the period 1992-93, 1998-98 and 2005-06 are collected by NFHS while the data for 2008 and 2009 are collected by Office of the Registrar General, India, both following different methodology. Any comparison will not be advisable.

First phase of paper compares the data about infant mortality rates among Indian sates with special focus on Gujarat. Lets us now analyze that data about neo natal mortality for the same period and collected by the same agencies.

**(B)Trends in Neonatal Mortality Rate:**

Neonatal mortality rate is crucial as it is show the probability of infant dying before completing one month. The performance of Gujarat in the area of neonatal mortality rate is worst among all the state of India. That indicate that higher infant mortality rate will be the result of highest neonatal mortality. This scenario is highlighted in table 2. For the year 2006 and 2008 Gujarat registered the highest numbers of percentage of neonatal death to infant deaths that was 70.8 and 74.5 respectively. Comparison of same data for rural and urban areas indicate striking figure of 79.9 for the year 2008 as compare to all India average of 57.7 for urban areas. Thus Neonatal death as a percentage of infant death in Gujarat is highest among all Indian states for urban areas. Nearly 80 percent of iota! Infant deaths registered for urban as well as rural areas are within one month in Gujarat as compared to 32.6 percent in Kerala and 34.7 percent in Karnataka.

Data about neonatal mortality rate shows marginal decline from 38 in 2006 to 37 in 2008. In rural areas rate has increased from 41 to 43 and for urban areas it has declined from 31 to 28 for the same period. Comparison of Neonatal mortality rate of Gujarat with all India average shows that state has higher rate as compared to all India average. Neonatal morality rate in Urban Gujarat is 31 as compared to all India average of 23 for the year 2006. Same is the condition for the year 2008.

If we compare the economic progress of Gujarat, we are among the fasted growing sates in India. Economic growth of Gujarat has resulted in substantial progress in health status also. But the same is not reflected in inter-state comparison for neonatal deaths Gujarat shows the reverse trend. Figure-3 shows the inter-state comparison for neo natal mortality rate between Gujarat and other progressive states in urban and rural areas.

Gujarat has not performed satisfactorily as compared to other progressive state in india. Compared to other progressive states like Kerala, Maharashtra, Punjab, Haryana, Tamil Nadu, Delhi and Karnataka, Gujarat has highest rate of neo natal mortality for urban as well as rural areas. Whereas, all other progressive states (mention above) have neo natal mortality rate lower than all India figure.


**Table-2 State wise Neonatal mortality rate and its percentage in infant death for 2006 and 2008**

| States/UTV India | Neo-natal Mortality Rate(2006) | | | Neo-natal Mortality Rate (2008) | | | Percentage of Neo-Natal Death to Infant Deaths (2006) | | | Percentage of Neo-Natal Death to Infant Deaths (2008) | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | Total | Rural | Urban | Total | Rural | Urban | Total | Rural | Urban | Total | Rural | Urban |
| Andhra Pradesh | 33 | 41 | 10 | 34 | 42 | 11 | 59.4 | 66.3 | 26.5 | 64.6 | 72.7 | 29.9 |
| Assam | 35 | 36 | 19 | 34 | 36 | 14 | 51.3 | 51.6 | 45.8 | 52.7 | 53.7 | 37 |
| Bihar | 32 | 34 | 15 | 32 | 34 | 14 | 53.7 | 55 | 33.3 | 57.5 | 59.1 | 32.8 |
| Chhattisgarh | 43 | 45 | 35 | 39 | 40 | 34 | 71.5 | 71.8 | 68.7 | 68.1 | 67.8 | 70.3 |
| Delhi | 22 | 20 | 23 | 19 | 14 | 20 | 59.9 | 47.3 | 62.5 | 53.5 | 35.7 | 57.5 |
| Gujarat | 38 | 41 | 31 | 37 | 43 | 28 | 70.8 | 66.2 | 85.2 | 74.5 | 72.8 | 79.9 |
| Haryana | 34 | 38 | 25 | 34 | 36 | 26 | 60.2 | 61.4 | 55.9 | 62.6 | 63 | 61.2 |
| Himachal Pradesh | 30 | 31 | 21 | 33 | 34 | 21 | 68.2 | 68.4 | 63.7 | 73.9 | 74.8 | 58.3 |
| Jammu and Kashmir | 39 | 41 | 30 | 39 | 41 | 29 | 75.4 | 75.1 | 78 | 80.1 | 80.1 | 79.7 |
| Jharkhand | 29 | 31 | 14 | 25 | 27 | 14 | 58.8 | 60.5 | 42.4 | 54.2 | 55.2 | 44.9 |
| Karnataka | 28 | 33 | 15 | 24 | 30 | 12 | 57.8 | 62.2 | 42.9 | 53.7 | 59.8 | 34.7 |
| Kerala | 10 | 12 | 7 | 7 | 9 | 3 | 69 | 72.3 | 55.1 | 64.3 | 72.6 | 32.6 |
| Madhya Pradesh | 51 | 54 | 37 | 48 | 52 | 31 | 68.2 | 67.7 | 71.9 | 68.9 | 69.5 | 64.4 |
| Maharashtra | 27 | 33 | 18 | 24 | 28 | 18 | 75.5 | 78.7 | 67.8 | 72.8 | 70.8 | 75.1 |
| Orissa | 52 | 54 | 32 | 47 | 50 | 28 | 70.7 | 71.5 | 60.7 | 68.9 | 69.9 | 57.6 |
| Punjab | 30 | 34 | 24 | 28 | 32 | 21 | 68.8 | 70.4 | 64.9 | 67.9 | 69.5 | 63.7 |
| Rajasthan | 45 | 50 | 24 | 43 | 48 | 23 | 66.9 | 68 | 59.2 | 68.5 | 69.7 | 60 |
| Tamil Nadu | 24 | 29 | 17 | 21 | 24 | 16 | 65.9 | 73.8 | 52.6 | 66 | 72.2 | 56.1 |
| Uttar Pradesh | 46 | 49 | 33 | 45 | 48 | 29 | 64.9 | 65.2 | 62.6 | 67.2 | 68.2 | 59.7 |
| West Bengal | 28 | 30 | 20 | 26 | 28 | 19 | 74.6 | 75.8 | 67.7 | 73.2 | 74.4 | 66.7 |
| India | 37 | 41 | 23 | 35 | 39 | 21 | 64.6 | 65.5 | 59.4 | 65.7 | 67 | 57.7 |

Source: Office of the Registrar General, India (1 1530), www.indiastat.com

**Figure : Neo-natal Mortality rate in Gujarat with compare to progressive states of India-2008**

Figure 3 Neo-natal Mortality rate in Gujarat with compare to progressive states of India- 2008



**Conclusion:**

The performance of Gujarat has not resulted in improved performance in the area of infant care. Lack of awareness of reproduction and relative medical facilities causes this scandalous picture for Gujarat. There is an urgently need for further research to find out the probable reasons that causes this tragedy. Generally one can argue that, Pre-pregnancy and during pregnancy care, institutional delivery with proper medical facility (physical and human) can help to reduce this death rate. But Urban area face the higher percentage of neonatal death in infant death is very alarming because health awareness and health facilities are more accessible in urban than rural areas. To ensure the higher health status state must ensure the lower infant death. In urban areas where generally state performed batter and fail to get comparatively better is really hazardous situation. State government seems to concern the issue. Chief Minister of Gujarat Mr. Narendra Modi has to address the issue in present of 14 delegates of Southeast Asian countries in a workshop2. "Before three years, Gujarat had a maternal mortality rate of 179 out of every one lakh (100,000) which has come down to 130. By 2010 we aim to reduce it further to 100. The child mortality rate was 70 out of every 1,000 and that too has been brought down to 49 and in the 2010." Hope state go forward in the same direction and get the aimed achievement.

**References :**


1. Sample Registration System (SRS) 2009, Registrar General of India (RGI), Ministry of Home Affairs, GOI.
2. Office of the Registrar General, India (11530), www.indiastat.com
3. National Family Health Survey various issues.


•



મારી યાત્રાનો હિમાલય ત્યાં જ છે જ્યાં હજી દરિદ્રતા પડી છે અને તેને કાઢવાની છે, શોષણ દૂર કરવાનું છે. દેશમાં એક પણ માણસ જ્યાં સુધી જીવનની જરૂરિયાતોથી વંચિત હોય ત્યાં સુધી મને શાંતિ ન મળે અને હું પગ વાળીને બેસી શકું નહિ.

**-મહાત્મા ગાંધી**

ગુજરાત સાહિત્ય પરિષદના મુખપત્ર 'પરબ'ના ગ્રંથસ્થ થયેલા સ્વ.ડૉ.ભોળાભાઈ પટેલના તંત્રી લેખોના સંગ્રહ 'મળી માતૃભાષા મને ગુજરાતી(૧૯૯૭)' માંથી પ્રસ્તુત લેખ લગભગ યથાતથ પ્રગટ કર્યો છે.

"તા.૨૨ જૂન સન ૧૮૪૪ સંવત ૧૯૦૦ અષાઢ સુદી ૭ વાર શનિ.

૧. આજરોજે સભા મળી તે મધ્યે મેતાજી દુર્ગારામ મંછારામે નીચે લખ્યા પ્રમાણે ભાષણ દીધું..."

૨૨ જૂન ૧૮૪૪માં સુરત શહેરમાં મળેલી એ સભાને આજે ૨૨મી જૂન ૧૯૯૪ને દિવસે દોઢસો વર્ષ થશે. આ માનવ ધર્મસભા જે હેતુઓ માટે સ્થપાઈ અને એ દ્વારા જે કંઈ પ્રવૃત્તિઓ થઈ એની કાર્યવાહીની નોંધો સ્વયં મહેતાજીએ સભાના દફ્તરમાં કરેલી છે. મહીપતરામ રૂપરામ નીલકંઠે લખેલ 'મહેતાજી દુર્ગારામ મંછારામ ચરિત્ર'માં આમાંથી કેટલીક નોંધો ઉતારવામાં આવેલી છે. તે વાંચતા મહેતાજી દુર્ગારામ અને તેમની સાથેની મંડળીના સભાસદોની 'રેશનલ' - બુદ્ધિનિષ્ઠ જીવનદૃષ્ટિ અને સુધારા માટેની સક્રિય કાર્યવાહી માટે પરમ આદર તો થાય છે, સાથે એવી પણ લાગણી જન્મે છે કે દોઢસો વર્ષ પછી આ પણ મહેતાજી દુર્ગારામ અને તેમના સાથી દાદોબા પાંડુરંગ અને બીજા ત્રણ દદ્દા - દલપતરામ માસ્તર (ક.દ.ડા. નહિ), દામોદરદાસ, દીનમણિશંકર (સુરતના એ પ્રસિદ્ધ પંચદદ્દા હતા) જો આપણી વચ્ચે આવે તો એમને એમ થાય કે હજી તો આપણે ગુજરાતીઓ ત્યાંના ત્યાં છીએ શું ?

ઓગણીસમી સદી એટલે ભારતીય નવજાગરણનો કાળ, ભંગાળમાં રાજા રામમોહનરાય અને બ્રહ્મસમાજની પ્રવૃત્તિઓ, મહારાષ્ટ્રમાં પ્રાર્થના સમાજની પ્રવૃત્તિઓ (જે પછી ગુજરાતમાં પણ આવે છે) પ્રજાજીવનમાં જાગરણ લાવવા મથતી હતી. સુરતમાં ત્યારે કેટલાક સુધારામાં માનનારાઓની મંડળી મળતી અને ચર્ચા થતી.

એક વાર દાદોબા પાંડુરંગે કહ્યું કે મંડળી માટે 'વિચાર કરીને કંઈ નિયમ બાંધીએ.' દુર્ગારામ મહેતાજીએ કહ્યું - 'હું લખાવું લખોઃ

પ્રથમઃ સર્વ સૃષ્ટિનો ઈશ્વર એક છે.

બીજોઃ મનુષ્યમાત્રની જાતિ એક છે.

ત્રીજોઃ મનુષ્યમાત્રનો ધર્મ એક, પણ જેણે પોતપોતાના ભિન્ન ભિન્ન ધર્મ માનેલા છે તે તેઓનું અભિમાન છે.

ચોથોઃ મનુષ્યમાં ઉત્તમાધન ગુણ ઉપરથી જાણવા, કુળ ઉપરથી જાણવા નહિ.

પાંચમોઃ વિવેકને અનુસરીને કર્મ કરવાં.

છઠ્ઠોઃ ઈશ્વરાનુગ્રહાર્થ ભક્તિ કરવી.

સાતમોઃ સદ્‌માર્ગની શિક્ષા સર્વને કહેવી.

આ સાત ઉદ્દેશો વાંચીને આપણને મહેતાજીની શુદ્ધ સ્પષ્ટ વિવેકદૃષ્ટિ માટે આશ્ચર્ય થાય છે.

દોઢસો વર્ષ પહેલાના જમાનાનું ગુજરાતનું ચિત્ર જાણવા માટે તો વિ. મ. ભટ્ટના પુસ્તક 'નર્મદ' માંથી 'નર્મદનો જમાનો' પ્રકરણ વાંચવું રહ્યું. ખરેખર તો આ પંચદશ પછી સુરતના ત્રણ નન્ના (નર્મદ, નંદશંદક અને નવલરામ) આવે છે. અજ્ઞાન અને અજ્ઞાનજનિત વહેમી અને બાળવિવાહ અને વિધવાવિવાહનિષેધ જેવી કુપ્રથાઓ સામે વૈજ્ઞાનિક બુદ્ધિ દ્વારા માનવ ધર્મસભાના સભ્યો લડતા.

સર્વસૃષ્ટિનો ઈશ્વર એક, મનુષ્યમાત્રની જાતિ એક - એવું દર્શન એ સમયે લાધવું એમાં જ ઘણી મહત્તા છે. મેતાજીના કેટલાક વિચારોમાં તો ગાંધીજીનું એન્ટિસિપેશન- પૂર્વાગ્રાહી - કરી શકાય. અસ્પૃશ્યતાનો પ્રશ્ન ગાંધીજી આંબેડકરના થઈ જવા છતાં હજી ઉકલ્યો ન કહેવાય. મહેતાજીએ તા.૬ઠ્ઠી જુલાઈ, ૧૮૪૪ના રોજ માનવ ધર્મસભામાં કહ્યું હતું :

"જેમ માણસ કોઈ ચંડાળ નથઈ,કર્મ ચંડાળ છે, એવી રીતે અસલથી સારાસાર વિચારના કરનારકહેતા આવ્યા છે, ને હવડાં આપણે પણ નિરભિમાન રીતે વિચાર કરીશું તો સમજાશે. તે અને આપણા ચામડાના નરદેહ રૂપે સરખા છીએ માટે માણસે સર્વ માણસોના દેહને પોતાના દેહ સરખા જાણવા."

માનવ-ધર્મ-સભાને બે રીતે લખી શકાય : માનવધર્મ સભા અથવા માનવ ધર્મસભા દુર્ગારામ મહેતાજી આદિને જે અપિપ્રેરિત છે તે માનવ ધર્મસભા છે. ધર્મસભાને 'માનવ' વિશેષણ લગાડી ધર્મનું માનવીય રૂપ રજૂ

કરવાનો તેમનો પ્રયાસ છે. માનવધર્મ સભા એવો વિગ્રહ મને ગમે, પણ માનવધર્મ - The Religion of Man - ની વાત તો ટાગોર ૧૯૩૦ના ઓક્સફર્ડમાં આપેલા હિબર્ટ વ્યાખ્યાનોમાં કરવાના હતા. હમણાં તસલિમા મસરિને પોતાની 'લજ્જા' નવલકથાના અર્પણપૃષ્ઠ પર ધર્મને માનવતાના પર્યાયરૂપ માનવાનો અનુરોધ કરતી પંક્તિ લખી છેઃ

धर्मेर अपर नान आज थेके मुष्यत्य होक

ધર્મને નામે આપણા સમયમાં જેટલું ઝનૂન વકર્યું છે, અથવા ઝનૂને વકરાવવામાં આવે છે - રાજકીય સ્વાર્થોથી પ્રેરિત થઈ - એ સંદર્ભમાં માનવ ધર્મસભાના સાત સિદ્ધાંતો આજે દોઢસો વર્ષ પછી પણ કેટલા બધા પ્રસ્તુત બની રહે છે.

મહેતાજી 'આરામખુરશીઆસીન દાર્શનિક ' નહોતા. તેઓ પ્રખર 'એક્ટિવિસ્ટ' હતા. સુરતની ગુજરાતી શાળાના એક શ્રેષ્ઠ મહેતાજી તો હતા જ, પણ પછી તે ઠેર ઠેર જઈ શરૂમાં વિધવાવિવાહની તરફેણમાં રાતદહાડો ચોરેચૌટે ભાષણો આપતા. પોતે વિધુર થતાં, વિધવાને બદલે કુંવારી છોકરીને પરણતા (એ વખતના એમના નાતીલાઓએ એમને ફસાવી દીધેલા) એ ભાષણોની પ્રવૃત્તિ તો બંધ કરી, પણ બાળવિવાહનો વિરોધ કે વહેમ, અંધશ્રદ્ધા, જાદુ વગેરે પ્રજાજીવનને ખાઈ જનાર 'યવનો' સામે બૌદ્ધિક અભિગમ અપનાવી સાચી દિશાદૃષ્ટિ આપવા લગાતાર ભાષણો કરતા રહ્યા.વૈચારિક પરિવર્તન લાવવાનું કાર્ય આમેય ઘણું અઘરું છે.

આપણા વૈજ્ઞાનિક યુગમાં પણ ધર્મપુરુષો ચમત્કારોથી પોતાના ભક્તગણને મોહન્વિત કરી રહ્યા છે અને ભલભલા રાજપુરુષો કે તથાકથિત બૌદ્ધિકો તંત્રવિદ્યામાં માનતા થઈ ગયા છે. તાંત્રિકો અને ભૂવા બધા એક જ કુળના. મહેતાજીએ આ બધા ચમત્કારો કરનારાઓને કેવો પડકાર ફેંક્યો હતો તેનું નવલરામ જ. ત્રિવેદીએ તેમના પુસ્તક 'સંસારસુધારાનું રેખાદર્શન' માં આપેલ વિવરણ અહીં ઉતારું છું :

મહેતાજીએ સં.૧૯૦૧ના કારતક સુદ ૧૪ના રોજ માનવધર્મસભાના દફ્તરદારની સહીથી જાહેરખબર છપાવી ભૂત, પ્રેત,ડાકણ, જક્ષણી, બ્રહ્મરાક્ષસ વગેરે વાતોને ખોટી ઠરાવી. તેમાં જણાવવામાં આવ્યું હતું કે જો કોઈ જાદુગર અથવા મંત્રીશાસ્ત્રી સભામાં આવીને સર્વને આ વાતોમાં કંઈ પણ સાચું છે એવી ખાતરી કરી આપશે તેને રૂ.૨૦ ઇનામ આપશે. જાહેરખબરથી શહેરમાં જબરી હો હા થઈ પડી. અઠવાડિયા પછી ઠરાવેલ રવિવારે ચાર વાગ્યે સભામાં બે હજાર માણસો ભેગા થયા. તેમાં કેટલાક જાદુગરો અને મંત્રશાસ્ત્રીઓ પણ હાજર હતા. જાદુગરોને માટે સભામાં સિંદૂર, લીંબુ, અડદ, પાળી વગેરે સાધનો રાખવામાં આવ્યાં હતાં. મહેતાજીએ ઊભા થઈ તે સમયે જાદુના પ્રકારો વિષે જે જે વહેમ ચાલતા હતા તેની ટીપ વાંચી સંભળાવી. મનની ધારેલી વાત કહેવી. મૂઠીમાં રાખેલ વસ્તુનું રૂપ ફેરવવું, હાથમાંની વસ્તુ પણ ઉડાડવી, ચોટ મૂકવી, ભોંય પર ચોંટાડી મૂકવું, લોહી ઓકાવવું, મૂઠ મારવી - એવું કોઈ પણ કામ કરતો હોય તેને પોતાની કરામત બતાવવા મહેતાજીએ પડકાર કર્યો,પણ કોઈ માઈનો પૂત ઊભો થઈ સામો આવી શક્યો નહિ. આ પ્રમાણે જાદું ખોટું છે એમ ભરસભામાં મહેતાજીએ બતાવી આપ્યું. ત્યાર પછી ચાર રવિવાર સુધી આ સભાઓ ભરી આ વિષય વિષે લોકોના મનમાં જે કાંઇ પણ વહેમ રહ્યો હતો તે પણ મહેતાજીએ સંપૂર્ણપણે કઢાવી નાખ્યો.

દુર્ગારામ મહેતાજીને અંગ્રેજી શિક્ષણ લેવાની તક મળી નહોતી, પણ તીવ્ર બુદ્ધિ અને દાદોબા પાંડુરંગ જેવા વિદ્વાન મિત્રની સોબતથી પોતાના સમયથી ઘણા બધા આગળ હતા. એમણે તથા માનવ ધર્મસભાના મિત્રોએ જ્ઞાનપ્રસારક મંડળી સ્થાપી, સુરતમાં પુસ્તકો છાપવા શિલાછાપ પ્રેસ પણ શરૂ કર્યો હતો. આવું બધું તો ઘણું.

એમણે સ્થાપેલી માનવ ધર્મસભાનું આયુષ્ય લાંબુ નહોતું એ ખરું. પણ એ સભા દ્વારા જે વિચારતરંગો વહેતા થયા છે - તે આજે દોઢસો વર્ષ પછી પણ આપણને ખૂબ લાગેવળગે છે - આવનારાં વર્ષોમાં પણ એ વિચારો એટલા જ પ્રાસંગિક બની રહેવાના છે. કેમ કે તેના કેન્દ્રમાં છે 'માનવ'.

[પદ્મશ્રી સ્વ.ભોળાભાઈ પટેલ - રણજીતરામ સુવર્ણચંદ્રક વિજેતા, સાહિત્ય અકાદમી દિલ્હીના 'ફેલો' (મહત્તમ સદસ્થ), ગુજરાત સાહિત્ય પરિષદના વર્તમાન પ્રમુખને શ્રધ્ધાંજલિ સ્વરૂપે]

•

## લેખકો

૧. પ્રા. રમેશ બી. શાહ : પૂર્વ અધ્યક્ષ, અર્થશાસ્ત્ર વિભાગ
શ્રી એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.
૨. ડૉ. ધનજી બી. પટેલ : આસી. પ્રોફેસર, તાલીમ રિસર્ચ ફાઉન્ડેશન,
બોપલ, અમદાવાદ
૩. ડૉ. વિદ્યુત જોશી : પૂર્વ કુલપતિ, ભાવનગર યુનિવર્સિટી
૪. ડૉ. ગૌરાંગ જાની : સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી
૫. Naresh Chauhan : Assistant Lecturer,
Dept. of Rural Economics,
Gujarat Vidhyapeeth, Ahmedabad.
૬. (સ્વ.)ડૉ. ભોળાભાઈ પટેલ : પ્રમુખ, ગુજરાત સાહિત્ય પરિષદ
'ફેલો' સાહિત્ય અકાદમી, દિલ્હી.

**લેખકોને...**

- સામાજિક સેવા મંડળના ઉદ્દેશને અનુરૂપ ગુજરાત, ભારત તેમજ વિશ્વના જુદા જુદા સામાજિક પ્રશ્નોને અનુલક્ષીને થયેલા વૈજ્ઞાનિક અભ્યાસો, મોજણીઓ કે સંશોધનો, સામાજિક, રાજકીય તેમજ આર્થિક પ્રશ્નોનો સમાવેશ થાય તેવા લેખો આવકાર્ય છે.
- વિવેચનાત્મક લેખો, ગ્રંથાવલોકનો, સમાજ પરિવર્તનોના પ્રયત્નો સંબંધિત લખાણો તેમજ સમાજ વિજ્ઞાનોના શોધ સમાચારો આવકાર્ય છે.
- લખાણ ગુજરાતી, હિન્દી કે અંગ્રેજી ભાષામાં લખી શકાશે અને લેખ માન્ય પદ્ધતિ મુજબ સંદર્ભસૂચિ સાથે હોય એ અપેક્ષિત છે.
- સમાજકારણમાં પ્રકાશિત થતાં લેખો અંગેના અભિપ્રાયો મોકલવા માટે લેખકો તેમજ વાચકોને આમંત્રણ છે.
- જાન્યુઆરી ૨૦૧૩નો અંક કુટુંબ અને લગ્ન સંસ્થા અંગેના સંશોધન અને અભ્યાસ લેખ અંગેનો હશે.

## સુખનું અર્થશાસ્ત્ર

હવે અર્થશાસ્ત્રીઓ સમૃદ્ધિને બદલે 'સુખ'ને મહત્ત્વ આપી સુખના સૂચકાંકો બનાવી રહ્યા છે. સુખની તાત્ત્વિક ચર્ચા અને અનુભૂતિ હવે અર્થશાસ્ત્રની બાબત બને છે.

સુખ-સંબંધી થયેલી ચર્ચાના અંતે ચોક્કસ તારણો પર આવવાનું શક્ય છે :

૧. માનવસુખ અનુભૂતિનો વિષય છે. આવી અનુભૂતિ સામાન્ય માનવી પણ મેળવી શકે છે. આ માટે ધનિક હોવું અનિવાર્ય નથી કે નથી જરૂર સંસાર છોડવાની.

૨. માનવસુખ જીવનધોરણને બદલે જીવનશૈલી સાથે વધુ નજીકનો સંબંધ ધરાવે છે.

૩. માનવસુખ એક પ્રક્રિયાનું નામ છે. તે યાત્રા છે, પડાવ નથી. તે સંમિલિત ખ્યાલ છે, જેમાં સંતોષ, આનંદ, ખુશી, ઇચ્છા-પૂર્તિ ઇત્યાદિ અનેક પ્રકારના અનુભવો સામેલ થઈ શકે છે.

૪. સામાન્ય માનવી મિત્રો, સ્નેહીઓ, સંબંધીઓ, સહકાર્યકરો, પડોશીઓ ઇત્યાદિનાં વર્તુળોમાં સુખની અનુભૂતિ કરી શકે છે. ઉષ્મા, હૂંફ, સંવેદના વગેરે દ્વારા મનુષ્ય અન્યને સુખ આપી શકે છે અને મેળવી પણ શકે છે.

૫. વ્યક્તિ નિષ્ઠાપૂર્વકના ફરજપાલન દ્વારા, ફળની આશા રાખીને કે રાખ્યા વિના, સામાજિક પરિણામની ચિંતા કરીને સામાજિક કલ્યાણમાં અને સુખમાં વૃદ્ધિ કરી શકે છે. તે સમજે છે કે સમાજના સુખમાં તેનું સુખ સમાયેલું છે.

સુખ અનુભૂતિનો વિષય છે, સરવાળા-બાદબાકીનો નહિ. સુખનું કોઈ ગણિત હોતું નથી. તે એક અને બે જેવું સરળ અને દેખીતું હોય છે. સુખની શોધના અંતે આપણને જણાય છે કે તે શોધનો નહિ, સમજણનો વિષય છે. સુખનો માર્ગ સ્વયં-પ્રકાશિત છે. આ માર્ગ પર ચાલવાની શરૂઆત કરવા માટે કોઈ મુહૂર્ત જરૂરી નથી. તે માટે પ્રત્યેક ઘડી શુભ છે.

• • •